॥ ચરમતિર્થંકર શ્રી ॥

મહાવીરસ્વામિનું ચરિત્ર.

(સત્તાવીશભવના વર્ણન સાથે.)

તથા

શ્રી તપાગચ્છની પટ્ટાવળી, ગૌતમપૃચ્છા અને મહાવીર સ્વામિના પંચકલ્યાણકનું સ્તવન, સત્તાવીશભવનું સ્તવન, મહાવીરસ્વામિનું પારણું, અને બીજાં વિનતિરૂપ સ્તવનોસહિત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મગનલાલ હઠીસંગ.

જ્ઞાનપ્રકાશના માલક.—અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી—પ્રત ૬૦૦

સંવત ૧૯૬૯—સને ૧૯૧૩

કિંમત રૂ. ૦—૮—૦

અમદાવાદમાં.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઈએ છાપ્યું.

પ્રસ્તાવના.

વિવેકી જૈનબંધુઓ! જેના શાસનરૂપ મહાકલ્પ-વૃક્ષની છાયાતળે રહી ભવરૂપ કષ્ટકૂપમાં પણ આપણે સુખ પામીએ છીએ, અને શુદ્ધ મનથી જેના નામનો જાપ કરતાં ભવભ્રમણરૂપ મહા અટવી ઉલ્લંઘી અંતે મોક્ષ સુખ પણ પમાય છે; એવા અર્હંત "શ્રી મહાવીરસ્વામિનું ચરિત્ર." આપણે જૈનધર્મિઓએ અવશ્ય જાણવું જોઇએ; એમ ધારી "જેમ સાગરમાંથી બિંદુ ગ્રહિયે તેમ" મહા ચરિત્રમાંથી આ ટુંકું ચરિત્ર લખાવ્યું છે.

સદા શાશ્વતિ શ્રી જૈનરીતિ પ્રમાણે જીવ અનાદિ છે, અને જેની આદિ નહીં તેનું મૂળથી વર્ણન કરવું એ અશકય છે; પણ જયારથી આત્મા સમકિત પામે છે, ત્યારથી મહાત્મા પુરૂષો તેનું વર્ણન કરતા આવ્યા છે; તેમ આ પુસ્તકમાં પણ કર્યું છે.

સમકિત એટલે દેવ, ગુરૂ, અને ધર્મની ઓળખાણ, તથા તે પર શ્રદ્ધાનું થવું. જૈનશાસ્ત્ર પ્રમાણે દેવ, ગુરૂ, અને ધર્મની ઓળખાણનો સાર નિચે પ્રમાણે છે.

"પંચ કલ્યાણક સહિત, લોકાલોકના ભાષિત તથા દર્શિત, નિરાગી, નિર્દ્વેષી, શાંત મુદ્રાવાન, અક્રોધિ, અમાની, અવિષયી, દયાવાન અને જન્મ જરા મૃત્યુથી રહિત તથા તેથી મુકાવનાર; વિગેરે અગણિતગુણોના ધારક તેને સુદેવ કહીએ."

"પંચમહાવ્રતના ધારક, મનના સાધક, સત્યપરૂ-

પક, જિન આજ્ઞાપાળક, સમભાવી, દયાસાગર, ખટ કાયર-ક્ષક, નિગ્રંથ, અને કર્મનીતિ જાળવનાર તેને સુગુરૂ કહિએ.

" ભવરૂપ કૂપમાં ડૂબતા પ્રાણીને જે ધરી રાખે તેનું નામ ધર્મ. ધર્મમાં દયા, શીલ, તપ, સત્ય, અને પરોપકારાદિકનું પ્રધાન્યપણું હોય, નિરંતર શાશ્વતો, જીવને અવ્યાબાધ સુખનો દાતાર તથા સર્વજ્ઞ પરૂપક હોય, તેને સુધર્મ કહીએ. "

આ પુસ્તકમાં નયસારના ભવથી માંડીને વીરભગવાનના આદિ છવીસભવનું વર્ણન ટુંકાણમાં, અને સત્તાવીશમા ભવનું વર્ણન પંચકલ્યાણકસહિત વિસ્તારથી કરેલ છે. તે સત્તાવીશ ભવ વચ્ચે પણ કેટલાક ભવ થયા છે, જેનું વર્ણન ગ્રંથગૌરવના ભયને લીધે તથા જાણવાજોગ નહીં હોવાથી આ સ્થળે લખ્યું નથી.

આ પુસ્તકની બે આવૃત્તિઓ ખપી જવાથી આ ત્રીજી આવૃત્તિમાં સુધારો કરી, અને જૈન તપાગચ્છની પટ્ટાવળી (જે જૈનભાઈઓથી અજાણી છે, તે દરેક જૈનભાઈઓને સાંભળવા તથા વાંચવા જેવી છે.) તથા ગૌતમપૃચ્છા (જે અબોધજીવોને બોધ થવાને અર્થે છે તે.) આ પુસ્તકમાં છાપવામાં આવી છે.

બુદ્ધિ, દ્રષ્ટિ, કે છાપાદિક દોષે કરી, પુસ્તકમાં આવેલ ખામીઓ, વાંચનાર ગૃહસ્થો હંસપ્રકૃતિએ દૂર કરી સારજ ગ્રહણ કરશો; એવી આશા રાખું છું.

પ્રગટકર્ત્તા

अनुक्रमणिका.

ખંડ ૧ લો.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

ખંડ ૨ જો.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

ખંડ ૩ જો.

તપાગચ્છની પટ્ટાવળી. (ગુરૂઆવળી.)

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

પ્રકરણ ૩ જું.

ભાગ ૨ જો.

તમામ પંડિતોની બનાવેલી પૂજાઓનો સંગ્રહ.

વિવિધ પુજાસંગ્રહ. ભાગ ૧, ૨, ૩, ૪.

(કિંમત રૂ. ૧)

પંચપ્રતિક્રમણસૂત્ર અર્થસહિત.

(છૂટા શબ્દોના અર્થસાથે.)

કિંમત રૂ. ૧—૦—૦

આ બુકમાં પંચપ્રતિક્રમણ શિવાય નવસ્મરણ, જીવ-વિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુસંગ્રહણી અર્થસહિત દાખલ કરવામાં આવ્યાં છે. તે શિવાય પુન્યપ્રકાશનું સ્તવન, પ્રાતઃસ્મરણ, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, ગહુંળીઓ, લાવણીઓ, મહાવીરસ્વામિનું પારણું, વિગેરે ઘણી બાબતો સમાવવામાં આવી છે.

દેવવંદનમાળા (શાસ્ત્રી અક્ષરથી છાપેલી)	૧-૦-૦
શ્રી શાંતિનાથ ચરિત્ર...	...૦-૪-૦
શ્રી નેમનાથ ચરિત્ર....	...૦-૪-૦
શ્રી મુનિપતિ ચરિત્ર...	...૦-૪-૦
દેવસીરાઈ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત.)	..૦-૬-૦
જીવવિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુસંગ્રહણી (અર્થસહિત.)... ...	...૦-૪-૦

ઉપર લખેલાં પુસ્તકો શિવાય બીજી ઘણી જાતનાં પુસ્તકો કિફાયત ભાવથી મળશે.

॥ ॐ नमो श्री अर्हन् ॥

॥ चरमतिर्थंकर ॥

श्री

महावीरस्वामिनुं चरित्र.

ખંડ ૧ લો.

પ્રકરણ ૧ લું.

(સમકિત પામ્યા ત્યારથી એટલે નયસારના
ભવથી શ્રી મહાવીરસ્વામિના આદિ
છવીશ ભવનું વર્ણન.)

દોહરા.

સાહેબ શાંતિ સ્નેહથી, સમરૂં શ્વાસો શ્વાસ;
શાંતિકરણ ભય અપહરણ, પૂરણ સૌ જન ખાસ. ૧
ધરી હૃદય ઔંકારને, કહું ચરિત્ર ધરી પ્યાર;
પય સાકરના પાન સમ, જેનો સ્વાદ અપાર. ૨

સર્વ જનને સુખ સંપત્તિ વધારનાર આ ચરિત્ર

નો સંબંધ એક મહાન્ અટવીથી શરૂ થાય છે, એટલે મ્હારા વ્હાલા વાંચનારનું મન ઉપવનમાં લઇ જવાના બદલે પહેલું તે અટવીમાંજ લઇ જવું પડશે; પણ વર્ત્તમાન ચોવીશીના છેલ્લા તિર્થંકર જગત્પ્રભુ શ્રી વર્દ્ધમાનસ્વામિ મોક્ષરૂપ ઉપવનનું દાતાર સમ્યક્ત્વ, આદિ નયસારના ભવમાં તેજ અટવીએ પામ્યા છે; એટલે તે અટવીને આપણે ઉપવનથી પણ અધિક સમજી ત્યાં ખુશીથી જઇશું અને જ્ઞાની રચિત ઉત્તમ પુસ્તકાધારે બનેલ આ પુસ્તકથી જ્ઞાન અને ચર્મચક્ષુ આધારે, આદિ નયસારના ભવથી એટલે જ્યારથી પ્રભુ સમકિત પામ્યા ત્યારથી તેમના સત્તાવીસ ભવનું વર્ણન જોઇશું.—વાંચીશું.

શુભ શિતળતા અને ઉપવનના પવનની ઇચ્છા કરાવનાર ઉષ્ણકાળના મધ્યાન થયા છે, કાયોત્સર્ગધ્યાને રહેલ મુનિઓની દ્રઢતા જોવા તપેલ સૂર્ય શિરપર આવ્યો છે, કિંમતિ કોહિનૂર માફક તેજસ્વિ અને ક્રોધિની માફક તપેલ સૂર્યથી સરોવરનાં પાણી અગાધ ગરમ થયાંછે, પશુ પક્ષી તા-

પથી કંટાળી તરૂવરની ગાંભીર્ય ઘટામાં ભરાયાંછે, આવા મધ્યાનસમયે નયસાર નામે એક પુરૂષ કેટલાક જનો સહિત કાષ્ટ લેવા મહાન્ અટવીમાં આવ્યા છે; તેઓ અતિ શ્રમથી કાષ્ટ એકઠાં કરી રહ્યા પછી એક તરૂવર નિચે વિશ્રામાર્થે બેસે છે અને સાથે લાવેલ સંબલ જમવા માંડે છે.

પણ સારૂ બનવાનું હોય ત્યારે સારજ વિચાર સુઝે છે, પુન્યયોગે દુર્લભ કાર્ય પણ શુલભતાથી થાય છે; તેમ નયસારને પણ જમવા પહેલા કોઇ તપસ્વીને આહાર આપવાની ઉત્કંઠા થઇ અને ચતુર દિશાએ દીર્ઘ દ્રષ્ટિથી જોવા લાગ્યા. દોરડી, દોરડાં અને સાંકળ કરતાં પ્રેમબંધન જરૂર જબરૂ હોય છે, તે વાતને સાચી ઠરાવવા નયસારની પ્રીતિરૂપ દોરીના આકર્ષણેજ જાણે તણાઇ આવ્યા હોયની ! તેમ સ્વસાથથી વિખૂટા પડેલ મુનિ તરતજ ત્યાં આવ્યા. આમ ઇચ્છિત વિચાર સફળ થવાથી–મુનિમુખ જોવાથી નયસાર હર્ષે રોમાંચિત થયો, અભિવંદન કર્યું અને પ્રિતે કરી શુદ્ધ આહાર તે મુનિને વહોરાવ્યો. આ વખતે ગુરૂએ જ્ઞાન

બળે ઉત્તમ જીવ જાણી ધર્મરૂપ ઉત્તમ અમૃત તેને પાયું. દેવ, ગુરૂ, અને ધર્મના ઓળખાણ કરાવી, અને મહા મંગળકારી નવકારમંત્ર શિખવ્યો. પછી ગુરૂને થોડી ભોંય સુધી વળાવી માર્ગ બતાવી વિદાય કર્યા, અને પોતે સહ સાથ નિજ મંદિર આવ્યા. અહિંથી નયસાર ધર્મબીજ (સમકિત) પામ્યા, ધર્મશ્રદ્ધા થઇ. પછી સંસાર સુખ વિલસિ, આયુ પૂર્ણ થયે શુભ ધ્યાને કાળ કરી એક પલ્યોપમના આયુષે દેવતા થયા.

વાંચનાર સજ્જનો! જુઓ મુનિને આહાર આપ્યાનું ફળ! દાનરૂપ કલ્પતરૂવર કેવું ફળ્યું! હજી તે આટલેથી બસ નથી, ધર્મશ્રદ્ધા થઇછે અને અંતે મોક્ષવધુના પ્રિતમ પણ થશે; તે આગળ વાંચશો. સજ્જનો! વાંચો! વિચારો! અને મુનિ ભક્તિ આદિક સુકૃત કરવા ઉદ્યમવંત થાઓ; એજ જગતના વિષે સાર છે. ધર્મ સમાન બીજો કયો હિરામણીનો સુંદર મુગટ છે કે જે શિરપર ધારણ થાય? ધર્મ સમાન મોક્ષપુર પહોંચાડનાર બીજું કયું ઉત્તમ સાધન છે કે તેનાપર પ્રીતિ થાય? અ-

થાંત એકે નથી. ધર્મ એજ જગતમાં સાર છે.

બીજા ભવમાં દેવલોકે નયસારના જીવે સુમન સનાં સુખ ભોગવ્યા પછી આયુ પૂર્ણ થયે ત્યાંથી કાળ કરી વર્ત્તમાન ચોવીશીના આદિ તિર્થંકર શ્રી ઋષભદેવસ્વામિના પૌત્ર થયા. માત તાતે મરીચિ નામ દીધું. પછી બાળ અને કિશોરવય વ્યતિત થતાં યુવાવસ્થાને પામ્યા ત્યારે, શ્રી ઋષભદેવ સ્વામિની અમૃતસમાન દેશના સુણી વૈરાગ્યરંગે રંગાયા–દિક્ષા લીધી. પંચમહાવૃત ધારણ કરી મુનિ થયા. સંસારી જનોને વંદનિય ત્યાગી થયા.

મરિચીએ ચારિત્ર તો લીધું, પણ ચારિત્રના મહા પરિસહ સેહેવાને કોઇ વિરલાજ શક્તિમાન થાય છે. કોહીનુરસમાન અમૂલ્ય રત્ન સાચવવાની શક્તિ જુજ જનમાંજ હોય છે, તેવી રીતે મુનિ મરિચીને પણ તેમજ થયું. ઉષ્ણકાળમાં ઉત્પન્ન થયેલ ન્હાવા વિગેરે ઇચ્છાઓ પૂર્ણ કરવાના ઇરાદાથી, તથા ચારિત્રરૂપ ઉત્તમ આભૂષણ પહેરવાને પોતે પોતાને અશક્ત લાગવાથી તેણે સાધુવેષ છંડી ત્રિદંડી (યોગી) વેષ ધારણ કર્યો; ચિંતામણી રત્ન

ખોયું, મુક્તાફળ છંડી આક ફુલનો હાર પહેરયો; હસ્તી સાટે રાસભ લીધો, અને ટુંકામાં કહીએ તો ભવ ભ્રમણનો ઉપાયજ શોધી કાઢયો; તોપણ તેણે પોતાની નીતિ ન તજી. એટલે પ્રભૂ શ્રી ઋષભદેવ સ્વામિની મહત્તાઇ તે ગાતા, સિદ્ધાંત અનુંસારે ઉપદેશ કરતા, અને પ્રતિબોધ પામે તેને દિક્ષા લેવા પણ પ્રભુ પાસેજ મોકલતા. એમ સત્ય અને નીતિ ધારણ કરી, ચારિત્ર ખંડયા છતાં પણ મરિચી ધન્યવાદ પામતા સુખ માણવા લાગ્યા.

પછી કોઇ સમયે ત્રિગઢ સમવસરણમાં મણિ માણિકોએ સહિ દેવેંદ્રોના રચેલ ઉત્તમ સિંહાસને બિરાજી, પ્રભુ શ્રી આદિનાથસ્વામિ મધુર ધ્વનીએ દેશના દેછે, ત્યાં વ્યાખ્યાન પૂર્ણ થયા પછી વંદન કરી *ભરત મહારાજે ભગવાનને પુછ્યું:-" હે સ્વામિ! આ સમવસરણમાં કોઇ તિર્થંકરનો જીવછે?" ત્યારે ઉત્તરમાં જગનાયકે કહ્યું કે:-"સમવસરણમાં તો કોઇ નથી, પણ બહાર ત્રિદંડીવેષ તારો પુત્ર મરિચી છે, તે ચોવીસમા મહાવીર નામે તિર્થંકર થશે."

* ભરતરાય આદિનાથના પુત્ર અને મરિચીના પિતા થાય.

જગદીપકની વાણી સાંભળી હર્ષભેર ભરતરાજા તુરત મરિચી પાસે આવ્યા, અને ભાવપૂર્વક વંદન કરી કહ્યું કેઃ–"હું તમને અથવા તમારા આ વેષને નમતો નથી, પણ તમો ચોવીસમા મહાવીર નામા તિર્થંકર થશો એમ ધારી નમું છું.

ભરતરાયનાં વચન તો મરિચીને આનંદદાતા હતાં, પણ કંઇ અહંકાર દૂર નથી; સજ્જનની માફક કંઇ નઠારાને ન્હોતરવા જવું પડતું નથી, સદ્કાર્ય કરતાં નઠારા કાર્યમાં ઘણાની બુદ્ધિ તરત પ્રવર્તે છે. આ વખતે મરિચીને પણ તેમજ થયું. ભરતરાયની વાત સાંભળી તે અહંકારે ભરાણા, પણ જાણ્યું નહીં જે મદનું મૂળ ખારૂં છે. ગર્વરૂપ હળાહળ વિષ વણવિચારે મરિચીએ પીધું અને કૂળમદે કરી નીચ ગોત્ર કર્મના ભોક્તા થયા.

ત્યાર પછી કોઇ સમયે મરિચીના શરીરે કાંઇ વ્યાધી થઇ ત્યારે, "આવા કષ્ટ સમયે કોઇ શિષ્ય સેવા ચાકરી કરનાર હોયતો સારૂં" એવો વિચાર તેમને થયો. ત્યાર પછી કાળાંતરે (વ્યાધી મટ્યા પછી) કપિલનામા કોઇ રાજપુત્ર ત્યાં આવ્યા, તેમને

વૈરાગ્ય વચને કરી મરિચીએ પ્રતિબોધ્યા, અને મહાગુરૂ આદિનાથસ્વામિ પાસે દિક્ષા લેવા મોકલ્યા. પણ "જેમ સૂર્ય જોઇ ઘુડ પક્ષી અંજાઇ જાય તેમ" દિવ્ય સિંહાસને જગનાયક ઋષભદેવજીને બિરાજેલ જોઇ પાછા વળી કપિલ મરિચી પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કેઃ—"પ્રભુતો રાજલીલા ભોગવે છે, તમારી પાસે કાંઇ ધર્મ છે કે નહીં?" શિષ્ય કરવાની થયેલ ઇચ્છા ફળિભૂત થવાનો લાગ જોઇ તથા પોતાના જેવોજ તેને જાણી, મરિચીએ કહ્યું કેઃ—"હે કપિલ! કંઇક જિનધર્મ મારી પાસે પણ છે." એમ ઉત્સૂત્ર ભાષણ કરી, ભવસાગરનું મહા કષ્ટ માથે લઇ કપિલને દિક્ષા આપી. અનુંક્રમે ચોરાસી લક્ષપૂર્વાયુ પૂર્ણ કરી દેહ ત્યાગ કર્યો, અને ચતુર્થભવે પંચમ દેવલોકે દેવપણે ઉપન્યા.

પંચમ ભવે કોલ્લાગસનિવેષ ગામે કૌશિક નામે બ્રાહ્મણ થયા.

છઠ્ઠે ભવે થાણાપુર નગરે પુષ્યમિત્ર નામે બ્રાહ્મણ થયા.

સાતમેભવે પહેલે સૌધર્મ દેવલોકે દેવપણે ઉપન્યા.

આઠમા ભવે ચૈત્યસંનિવેષે અગ્નિદ્યોતિ નામે બ્રાહ્મણ થયા.

નવમા ભવે ઇશાન દેવલોકે દેવપણે ઉપન્યા.

દશમા ભવે અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયા.

અગિઆરમા ભવે ત્રિજે દેવલોકે દેવતા થયા.

બારમા ભવે શ્વેતાંબિકા નગરીએ ભારદ્વાર નામે દ્વિજ થયા.

તેરમા ભવે ચોથા દેવલોકે દેવતા થયા.

ચૌદમા ભવે રાજગૃહિ નગરીએ થાવર નામે વિપ્ર થયા.

પંદરમા ભવે પંચમ દેવલોકે દેવપણે ઉપન્યા.

સોલમા ભવે રાજગૃહિ નગરીના રાજાના લઘુ બંધુ વિશાખાભૂતિની ધારિણી નામની પત્નિની કુક્ષે પુત્રપણે ઉપન્યા.—વિશ્વભૂતિ નામ સ્થાપ્યું, અને યોગ્ય વયે શંભૂતિવિજય ગુરૂ પાસે દિક્ષા લઇ શુભ કાર્યમાં આયુષ પૂર્ણ કરચું.

સત્તરમા ભવે સાતમા દેવલોકે દેવતા થયા.

અઢારમા ભવે પોતનપુર નગરના રાજાની મૃગાવતી નામની પત્નિની કુક્ષે પુત્રપણે જન્મ લી·

ધો. માતપિતાએ ત્રિપુષ્ટ નામ સ્થાપ્યું, અને અનું ક્રમે તે ત્રણ ખંડના ભોક્તા પ્રથમ વાસુદેવ થયા. પછી કોઇ સમયે તેમની પાસે નાટક થતું હતું, તેવામાં પોતાને નિંદ્રા આવવા લાગી, તેથી પોતાના પોઢયા પછી નાટક બંધ કરવાનું ફરમાવી વાસુદેવ નિંદ્રાવશ થયા.

ઇંદ્રિઓ વશ રાખવા શાસ્ત્રવક્તાઓ પોકાર કરે છે તે ખોટું નથી; તેને વશ રાખવા પંડિતો સચેત રહે છે તે ઓછું ડાહાપણ કરતા નથી; ઇંદ્રિઓને સ્વચ્છાએ ચાલવા દેવાથી નક્કી તે દૂર્ગતિની દાતાર થાય છે, એમાં સંશય નથી; ફરસ (ત્વચા) ઇંદ્રિના વશ થઇ, કરી કરણીના માંહે સપડાઇ કષ્ટિત થાય છે; શ્રવણેંદ્રિ (કાન) ના વશ થયેલ ભુજંગ પારાધિના આધિન થઇ કષ્ટ ભોગવે છે; રસેંદ્રિ (જીભ) વડે હરણો પારાધિની દુષ્ટ જાળમાં ફસાય છે; નાશિકાના વશ થયેલ કઠણ કાષ્ટને પણ વીંધનાર ભ્રમર પુષ્પકળીમાં પુરાઇ પ્રાણ ત્યાગેછે; અને ચક્ષુ ઇંદ્રિથી પતંગ દિપકમાં પડી પોતાનો વહાલો પ્રાણ તજે છે. એમ દરેક ઇંદ્રિઓ કષ્ટકારી છે. ત્રિ-

પૃષ્ટના સજ્યાપાલકને પણ તેજ દુષ્ટાએ પોતાના દુષ્ટ વાસમાં ફસાવ્યો. મહારાય વાસુદેવ તો નિંદ્રા વશ થયા, પણ પોતાથી ગાયનનો મોહ-શ્રવણેંદ્રિનો વિકાર ન તજાયો, ને પોતાનું હિત-સેવકનો ધર્મ ભૂલી ગયો, અને ગાયકોને ગાયન કરતા અટકાવ્યા નહીં; તેથી ઉંઘમાં ખલેલ પડી અને ગાયનનો સોર સુણી મહિપતી જાગી ઉઠયા. પછી હુકમનું અપમાન થયું જાણી, તથા અર્ધ નિંદ્રાના ક્રોધાવેશમાં, કર્ણરસના મોહક સજ્યાપાલકના કર્ણમાં સીસાનો ઉનો રસ તેમણે નંખાવ્યો. એવાં ઘણાં દુષ્કૃતો કરતાં આયુ ખૂટવાથી વાસુદેવ મરણ પથારીએ સુતા, અને નિજ સંચિત કુકૃત્યોએ કરી રાજલીલાનાં મહા સુખ ભોગવનાર વાસુદેવ, મહા કષ્ટની દાતાર નર્કમાં નારકીપણે ઉપન્યા.

વીશમા ભવે સિંહ દેહ ધારણ કર્યો.

એકવીશમા ભવે ચતુર્થ નર્કે ઉપન્યા.

બાવીશમા ભવે રથપુર નગર પ્રિયમિત્ર રાજાની વિમળારાણીની કુક્ષિએ પુત્રપણે ઉપન્યા, વિમળ નામ સ્થાપ્યું, અનુક્રમે જ્યારે યુવાવસ્થા પામ્યા

ત્યારે પિતાની ગાદીના વારસ થયા. બાદ કોઇ સમયે ક્રિડા કરવા વનમાં ગયા, ત્યાં પાસમાં સપડાએલ અને આકૂળ વ્યાકૂળ થતાં હરણોને દયા આણી છોડાવી મહા પુન્ય ઉપાર્જ્યું, અને દયા પરિણામથી "રાજેશ્વરી તે નરકેશ્વરી" એ કેહેવત જુઠી ઠરાવી, સહનીતિ રાજ કરી, મનુષ્યાયુ બાંધી ત્યાંથી કાળ કર્યો.

વહાલા વાંચનાર ! સમયાનુંસાર કહ્યા વિણ નથી રહેવાતું કે, દયા એ કેવું ઉત્તમ રત્ન છે ? દયાની બરોબરી કરે એવું આ દુનિઆમાં શું છે? તે શોધી કાઢો. ચિંતામણી રત્ન જે જગતના વિષે પુજનિક છે તે પણ અનિત્ય ફળનુંજ દાતાર છે, અને દયા ચિંતામણી તો નિત્ય શાશ્વત સુખરૂપ ફળ આપે છે. જુઓ ! લક્ષચોરાશી જીવાયોનીમાં પરિભ્રમણ કરતાં અનંતા વર્ષે પણ મળવો દુર્લભ મનુષ્ય ભવ, તે પણ દયાએ કરી તરત મળ્યો. જેના દિલમાં દયા નથી તે નરને નર નહીં, પણ સજ્જનો ખરમાં ગણે છે. દયારૂપ શૃંગાર હૃદયરૂપ કંઠમાં આરોપણ કર્યા શિવાય મોક્ષ નાર તમને મોહનાર

નથી એ નક્કી સમજજો. દયારૂપ કેસરીની સોબત નહીં કરો ત્યાંસુધી કર્મરૂપ હસ્તી વિનાશ પામનાર નથી એ સત્ય માનજો. "દયારૂપ જરનું દાન કર્યા શિવાય શાશ્વત સુખ મળે નહિ" એ પંડિત વાક્ય સત્ય માનો, અને દયારૂપ મંદિરમાંજ નિશદિન રહો; જેથી દરેક કષ્ટથી હમેશના માટે મૂકાશો.

ત્રેવિશમા ભવે પશ્ચિમ મહાવિદેહમાં મુક્કાનગરીના ધનંજય રાજાની ધારિણી રાણીની કૂખે પુત્ર પણે ઉપન્યા. માતાએ મનોહર ચૌદ સ્વપ્ન જોયાં. જન્મ થયે પ્રીયમિત્ર નામ સ્થાપ્યું. પછી અનુંક્રમે છ ખંડના ભોક્તા ચક્રવર્તિ મહારાય થયા. ત્યાં રાજ સુખ ભોગવતાં વૈરાગ્યવાન થયાથી સુવિહિતાચાર્ય પાસે દિક્ષા ગ્રહણ કરી, શુભ ધ્યાને કાળ કર્યો.

ચોવીસમાભવે સાતમા દેવલોકે દેવપણે ઉપન્યા.

પચીસમા ભવે ભરતક્ષેત્રમાં છત્રિકાનગરીના જીતશત્રુ રાજાની ભદ્રારાણીની કુક્ષીએ પુત્રપણે ઉપન્યા. નંદન નામ સ્થાપ્યું. યોગ્ય વય થયે રાજના માલિક થયા, અને નીતિથી રાજસુખ ભોગવી શ્રી મહાગુરૂ પોટીલાચાર્યપાસે દિક્ષારૂપ મહારત્ન લીધું,

અને જાવજીવ માસક્ષમણ કરી, વિશસ્થાનકનો ઉત્તમ તપ આદરી, નિશ્ચય તિર્થંકર નામકર્મ ઉપાર્જ્યું, અને છેવટે એક માસનું અણસણ કરી શુભ ધ્યાને કાળ કર્યો.

છવીસમા ભવમાં દશમા દેવલોકે વીશ સાગરોપમના આયુષે દેવપણે ઉપન્યા.

પ્રકરણ ૨ જું.

(સત્તાવીસમા ભવે શ્રી મહાવીર સ્વામિનો જન્મ, જન્માભિષેક, પ્રભુની કિશોરવય, પ્રભુનું ભણવા જવું, પ્રભુની યુવાની, પ્રભુનું લગ્ન, પ્રભુના માત તાતનું દેવલોકે જવું, પ્રભુનું વરશીદાન અને દિક્ષા વિગેરે.)

સત્તાવીસમા ભવે રમણિય આષાઢ મહિનાની પોતાના પતિ ચંદ્ર સાથે આવેલી છઠ્ઠ તિથીની રાત્રિએ માહણકુંડ નગરના ઋષભદત્ત બ્રાહ્મણની પત્નિ દેવાનંદાની કુક્ષના વિષે, દેવલોકથી ચવીને પ્રભુ શ્રી મહાવીરસ્વામિ ગર્ભે આવ્યા. પ્રભુ ગર્ભે આવ્યાથી

સતિ દેવાનંદાએ કલ્પલત્તાવાર ચૌદ સ્વપ્ન જોયાં, તેથી પ્રભાતે આવી સર્વ શુભ વૃત્તાંત નિજ પતિને નિવેદન કર્યું. સ્વપ્નકથા સાંભળી નર નારી બંન્નેનાં હ્રદય આનંદથી ઉભરાવા લાગ્યાં, અને હ્રદયમાં આનંદરસ ન સમાવાથી, અથવા મુખ અને હ્રદયને એવી જાતનો પરસ્પર સંબંધ હોવાથી, પરસ્પર હસ્તાં વદન જોઇ બંન્નેના મુખપર આનંદની વિશેષ છાયા છવાઇ, અને હસ્તે વદને સ્વપ્નફળ કહી દેવાનંદાને વિદાય કર્યાં.

[1]નિયમ પ્રમાણે આસન કંપ્યાથી [2]અવધિજ્ઞાને શક્રેંદ્રને પ્રભુ ગર્ભે આવ્યાની જાણ થઇ. જાણ થતાં તુરતજ ઇંદ્ર આસનપરથી ઉભા થયા, અને પ્રભુ શ્રી મહાવીરસ્વામિ સન્મુખ દિશાએ સાત આઠ ડગ સામા આવી વિનયથી ભાવપૂર્વક પ્રભુને સ્તવના કરવા લાગ્યા. તે શક્રસ્તવનો અર્થ.

"શ્રી અરિહંત ભગવન્ પ્રત્યે નમસ્કાર થાઓ.

---

૧ તિર્થંકરનાં ચવન, જન્મ, દિક્ષા, કેવળ, અને મોક્ષ. એ પાંચે કલ્યાણકે ઇંદ્રઆસન કંપે એવો નિયમ છે. ૨ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. એ પાંચ જ્ઞાન છે.

(પ્રભુ કેવા છે.) આદિના કરવાવાળાં, ચતુર્વિધ શ્રી સંઘરૂપ તિર્થ સ્થાપન્ન કરનાર, શ્રીસંઘને તારનાર, સ્વપ્રતિબોધક, પુરૂષોત્તમ, નરસિંહ, કમળમાં પુંડરિક કમળસમાન, પુરૂષોમાં પ્રધાન, પુરૂષોમાં ગંધ હસ્તીસમાન, લોકોત્તમ, લોકનાથ, લોકહિત કરનાર, લોકમાં દિપકસમાન, લોકમાં ઉદ્યોત કર નાર, અભયદાતાર, જ્ઞાનરૂપ સુંદર ચક્ષુ દાતાર, મોક્ષમાર્ગના દાતાર, અશરણ શરણ, સંયમરૂપ જીવિતવ્યના દાતાર, સમકિતના દાતાર, મર્ણભય ટાળનાર, ધર્મ અને ધર્મઉપદેશ આપનાર, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મ ચક્રવર્તિ, સંસાર સિંધુમાં ડૂબતા પ્રાણિને દ્વીપસમાન, કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધરનાર, છદ્‌મસ્તપણાથી રહિત, પોતે રાગ દ્વેષથી જીતેલ અને બીજાને જીતાવનાર, પોતે સંસાર સમુદ્ર તર્યા અને બીજાને તારનાર, તત્વના જાણ અને બોધ કરનાર, કર્મથી રહિત તથા મુકાવનાર, સર્વજ્ઞ, સર્વદર્શિ, કલ્યાણકારી, અચળ, રોગ રહિવ, અંત, ક્ષય અને બાધારહિત અને શ્રી સિદ્ધગતિ પામ્યા. એવા શ્રી જિનેશ્વરને મ્હારો નમ-

સ્કાર થાઓ. ભયથી જીતેલ પ્રભુને મારો નમસ્કાર થાઓ. અહો પ્રભુ ! હું અહીં રહ્યો આપને ભાવ-વંદન કરૂં છું, તે ગર્ભમાં રહ્યા છતાં પણ કૃપા કરી આપ સ્વિકારશો."

એમ ઘણી જુક્તિથી ગર્ભમાં ત્રણ જ્ઞાનસહિત રહેલ પ્રભુને શક્રેંદ્રે સ્તવ્યા. સ્તવના કરી રહ્યાપછી તરતજ હરિણીગમેષી દેવને બોલાવ્યો, અને આજ્ઞા આપી કેઃ-" પ્રભુ શ્રી મહાવીરસ્વામિ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિએ (ભિક્ષુક કુળે) આવ્યા છે. તિર્થંકરનો જીવ કર્મનો પ્રેર્યો કદાપી નિચકુળે આવે, પણ તે નિચકૂળે જન્મ ન લહે; માટે તમો ત્યાં જાઓ અને દેવાનંદાની કુખેથી પ્રભુને લઇ ક્ષત્રિય કુંડ નગરે સિદ્ધાર્થ રાજાની ત્રિસલા સતિની કુખના વિષે મૂકો, અને ત્રિસલા સતિનો ગર્ભ દેવાનંદાની કુખે મૂકો." આવાં શક્રેંદ્રનાં વચન સાંભળી હરિણી ગમેષી દેવતાએ તતક્ષણ ત્યાંથી ક્ષત્રિયકુંડ નગર તરફ ગમન કર્યું.

અહીં ક્ષત્રિયકુંડ નગરીની શોભાનો પાર નથી. અલકાપુરીને પણ લજ્યાયમાન કરે તેવી તેછે. જાણે

"કોઇ દેવતાએ નિજ ક્રીડા માટે બનાવેલ આ કોઇ મનોહર નગરી છે" એવી શંકા તે જોનારને કદાપી થયાવિના રહે નહીં. નીતિવાન સિદ્ધાર્થ રાજા જેણે દાને કરી કર્ણની ઓપમા મેળવી છે, તે આ શુભ નગરીના પતિ છે. પ્રજાપર પ્રીતિ, સ્વદારા સંતોષ, શુદ્ધ ન્યાય, ઉત્તમ નીતિ, અને કરૂણા વિગેરે તે મહિપતિના શૃંગાર છે; સોનાના અને હીરા મોતીના દાગીના કરતાં, પ્રજાના આશિષરૂપ ઉત્તમ દાગીના મેળવવા તે મહારાય અતિ ઉત્કંઠિત હતા; તેમના સદનના વિષે શોભે એવી, અને રૂપે ઇંદ્ર અપચ્છરાને જીતે એવી ત્રિસલા નામની મહાસતિ તેમની અર્ધાંગના છે. તિલાટ પુત્ર નંદિવર્ધન, જે રાજરૂપ બોજ ઉપાડવા નંદિ સમાન છે તેના તે પિતા છે. રાજા પ્રજા નીતિ આશ્રયે સુખશાંતિમાં દિવસો નિર્ગમન કરે છે, અને રિપુદળ હ્રદયે રહેલ ક્ષતપર રાજા પ્રજાનો જશ લવણ સમાન દુઃખદાતા થઇ પડે છે.

આમ સુખશાંતિમાં દિવસો નિર્ગમન કરતાં રાજા પ્રજાને આનંદવૃદ્ધિ કરનાર વર્ષાઋતુનો ચોથો

મહિનો આસો માસ આવ્યો. તે વખતે વર્ષાદથી થયેલ ઉત્તમ ધાન્યાદિક જોઇ હર્ષિત થયેલ ખેડુતો મીઠા સ્વરે ગાયન કરી વગડામાં, અને સારો ઉદ્યમ ચાલવાથી વેપારીઓ ગામમાં આનંદ મચાવી રહ્યા છે; તે જોઇ મહિપતિ સિદ્ધાર્થના હૃદયમાં નિશદિન આનંદેજ વાસ કર્યો. છે; એમ કરતાં "ભરતામાં ભરાય" એ કહેવત ખરી ઠરાવનાર-રાજાના આનંદમાં વૃદ્ધિ કરનાર, આસો કૃષ્ણપક્ષે ત્રયોદશીનો દિવસ આવ્યો, તે દિવસની રાત્રિએ ઇંદ્રિઆવાસ જેવા શોભિતા મંદિરમાં માતા ત્રિસલાજી સુખશાંતિમાં સુતાં છે, ત્યાં ઇંદ્રનો મોકલેલ્ હરિણીગમેષી દેવ રાણી પાસે આવ્યો, અને અદષ્ય રહી શુભ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો જોગ આવે તેણે પ્રભુને ત્રિસલાદેવીની કુક્ષીના વિષે દેવમાયાએ મૂકયા, અને ત્રિસલાની પુત્રી ગર્ભનું હરણ કરી, ભાવથી પ્રભુ તથા માતાને વંદન કરી ત્યાંથી ચાલ્યા. હરિણીગમેષીયે પ્રભુને ત્રિસલા સતિની કુખે મૂકયા, તે વખતે તેમણે (ત્રિસલા સતિયે) ઉત્તમ, મનોહર, અને સર્વ સિદ્ધદાયક "ગજ, વૃષભ, સિંહ, શ્રીદેવી,

પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજા, રત્નકળશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવવિમાન, રત્નગઢ, અને નિર્ધૂમ અગ્નિની શિખા; એમ ચૌદ સ્વપ્ન અર્ધ નિદ્રામાં જોયાં.

વલ્લભ વસ્તુ મળવાથી સર્વને આનંદ થાયછે, તેમ ત્રિસલા સાતયે કલ્પવૃક્ષ અને ચિંતામણીરત્નથી પણ અધિક ઉપમાને યોગ્ય, અને મહા મનોહર આનંદદાતા, એવાં ઉપર બતાવ્યા પ્રમાણે ચૌદ સ્વપ્ન જોયાં કે તુરતજ નિંદ્રા તજી જાગૃત થયાં, અને જાણે હમેશના માટે શોકનો ત્યાગ કર્યો હોય, તેમ હસતા વદને પોતાના ભર્તાર સિદ્ધાર્થ રાજા પાસે આવ્યાં, અને મધુરી વાણીથી સ્વપતિને જાગૃત કરી સ્વપ્નની હર્ષદાયક હકીકત કહેવા લાગ્યાં.

નિરંતર ગ્રીષ્મઋતુના તાપ વેઠનારને ઉત્તમ પંકજવનના વિષે જે આનંદ થાય તેથી અતિ ઘણો આનંદ સ્વપ્નકથા સાંભળી સિદ્ધાર્થ રાજાને થયો, અને "નરવર પુત્રની માતા થશો." એટલું મલકતે મુખે કહી રાણીને વિદાય કર્યા. પછી પ્રભાત થતાં સુગંધી જળે નરપતિએ ન્હાવણ કર્યું, અને

ચંદનાદિક વિલેપન કરી, વસ્ત્રાભૂષણ સજી સભામાં આવી, મહા તેજસ્વી અને હીરા માણિકોએ સહિત ઉત્તમ આસને બિરાજ્યા. પછી સ્વપ્નપાઠકોને બોલાવી સ્વપ્નાર્થીને આવેલ સ્વપ્નની હકીકત નિવેદન કરી. પાઠકોના મુખે કૂળદિપક પ્રભુ ત્રણ જ્ઞાનસહિત ગર્ભે આવ્યા સુણી રાયના હ્રદયમાં વિશેષ આનંદવૃદ્ધિ થઇ, અને ધન ધાન્યાદિકે સ્વપ્નપાઠકોને દારિદ્રથી દૂર કર્યા. પછી ગર્ભ વૃદ્ધિ પામતાં ત્રિસલાસતિને જે જે શુભ ડોહોલા ઉપન્યા તે સર્વ રાજાએ પરિપૂર્ણ કર્યા.

દિવસો અને માસ વ્યતિત થતાં અનુક્રમે ચૈતર સુદ ત્રયોદશી ભોમવાર આવ્યો. આજે ત્રિસલાસતિના ગર્ભને નવ માસ અને સાડાસાત દિવસ પૂર્ણ થયા. મંગળિક કાર્ય જોવાની અભિલાષાએ મંગળિક યોદ્ધો મંગળ, તે પણ વારરૂપે હાજર થયો. ચતર દિશાઓથી પ્રભુના શરીરને સ્પર્શ કરવા ઠંડા અને સુગંધી પવનની લહેરો આવવા લાગી. કોકિલાદિક ઉત્તમ પક્ષીઓ મધુરી વાણીથી લાંબા અને મીઠા સ્વરે ગાયન કરવા લાગ્યાં, તે જાણે દ-

ચાળુ શ્રી જિન પાસે નિર્દય હસ્તે થતો જીવવધ અટકાવવાજ માગતા હોયની! વાદળરહિત નિર્મળ ચંદ્ર ગગનમંડળમાં પ્રકાશી રહેલો છે, તે જાણે શૃંગાર સજી પ્રભુભક્તિ માટે આવવા હુકમની રાહજ જોતો હોયની! કર્મ અને ઉપદ્રવ્ય શોકાતુર થઇ સિંહાવલોકને નાશવા લાગ્યાં. અર્થાત્ નગરીમાં કોઇના મનને શોક એ શું છે? એમ ઓળખાણ પણ રહી નહીં. નારકીના જીવ પણ આ વખતે કષ્ટથી રહિત છે. પશુ પક્ષી પણ શોકને ધક્કેલી કાઢવાના ઉધમમાં ફળિભૂત થયાં છે. એમ આવાં ઉમંગરૂપ સૈન્ય સાથે મંગળતિથિને મંગળવારે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રે, અજ્ઞાન તિમિર હરનાર જગદ્દિપક પ્રગટ્યો. અરિહંત શ્રી મહાવીરસ્વામીનો જન્મ થયો. ઇંદ્રાધિપતિ શ્રી વીરસ્વામિ *ત્રણ જ્ઞાન સહિત જન્મ્યા.

પછી આસન કંપ્યાથી અવધિજ્ઞાને ઇંદ્ર તથા

* તિર્થંકર ત્રણ જ્ઞાનસહિત માતાના ઉદરે આવે તથા જન્મ લહે. દિક્ષા સમયે ચોથું, અને કર્મલેપ ત્રુટવાથી પાંચમું કેવળજ્ઞાન થાય.

છપ્પનદિગ્ કુમારિકાઓને પ્રભુ જન્મની જાણ થઇ. જાણ થતાં તરતજ પ્રમાદ છંડી છપ્પનદિગ્ કુમારિકાઓ સુતિકાગ્રહે આવ્યાં, અને પ્રભુ તથા ત્રિસલા માતાને વંદન કરી, પોતપોતાના ઉચ્ચિત પ્રમાણે પુષ્પવૃષ્ટિ વિગેરેથી પ્રભુભક્તિ કરી, ભાવવંદન કરી આજ્ઞા લઇ સ્વસ્થાનકે ગયાં. પછી સૌધર્મ ઇંદ્રે પણ શુભ કાર્યમાં પ્રવર્તવા નાટકાદિક પ્રમાદ તજી, હરિણીગમેષી દેવતાને સુઘોષા નામની મોટી ઘંટા બજાવવા આજ્ઞા કરી. કસ્તુરી ઢગમાં સુંદર તેજસ્વી મોટું મુક્તાફળ જેમ સુશોભાને આપેછે, તેમ ઘંટાદ્વારા પ્રભુ જન્મની વધામણી આપતાં આનંદે કરી હરિણીગમેષીનું મુખ શોભાવા લાગ્યું, અને હર્ષભેર ઘંટાનાદ કર્યો.

જેમ સૂર્ય ઉદયથી જનસમુહની આળસ નાસ્તી પામે છે, તેમ પ્રભુ જન્મની વધામણી આપનાર ઘંટાનો નાદ સુણી દેવોનો પ્રમાદ વિનાશ પામ્યો. સર્વ દેવો પોતપોતાના વાહનપર આરૂઢ થયા, અને નંદિશ્વરદ્વિપ તરફ ગમન કર્યું. કેટલાક જોવાની અને કેટલાક પ્રભુભક્તિ કરવાની હોંસે વાહન

ને ઉતાવળા ચલાવવા લાગ્યા. ખરાં અને કિંમતી વાહનોની અહિં પરિક્ષા થઇ. પછવાડે રહે તેને ચિંતા અને વિષાદ ઉપજે, અને વળી હિંમત કરી આગળ થવા પ્રયત્ન કરે. આકાશમાં મસ ભીડ થઇ. તલપુર ખાલી જગ્યા ન રહી. એમ કરતાં સર્વ દેવો નંદિશ્વર દ્વિપે જઇ પહોંચ્યા, અને સૌધર્મેંદ્ર સુતિકાગ્રહે ત્રિસલાસતિ પાસે આવ્યા. આવીને માતા તથા પુત્રને ભાવથી વાંદ્યા, અને ભગવાન સદૃશ્ય પ્રતિબિંબ તથા અવસ્વાપીની નિંદ્રા મૂકી પ્રભુને હસ્તકમળે ગ્રહિ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં ઇંદ્ર વધારે ભક્તિરસે ભરાયા અને પોતાનાં પંચ સ્વરૂપ કર્યાં. પછી વજ્ર ઉછાળતાં એક રૂપે આગળ ચાલવા, તથા બે રૂપે બે તરફ ચામર વિંજારવા, ચોથે રૂપે પ્રભુ શિરપર છત્ર ધારણ કરવા, અને પાંચમા રૂપે પ્રભુને હસ્તકમળમાં ધારણ કરી પોતાને કૃતાર્થ માનતા ચાલવા લાગ્યા. અનુક્રમે પાંડુકવન તરફ ગમન કર્યું.

અહીં પાંડુકવનમાં મેરૂચૂલિકાએ ચોસઠ ઇંદ્ર તથા અનેક દેવો આવી રહ્યા છે. જેમ તૃષાથી પી-

ડિત પ્રાણી પાણીની રાહ જુવે, તેમ પ્રભુ મુખ જોવા ઉત્કંડિત થયેલ, રાહ જોતા દેવ દેવીયોને સૌધર્મેંદ્ર આવતા નજરે પડ્યા; એટલે તરતજ સર્વ એક દ્રષ્ટિ થઇ ઉત્સાહપૂર્વક તેણીગમ જોવા લાગ્યા. આ વખતના દેવોના હર્ષનું બ્યાન થાય તેમ નથી. સર્વ શાંત તો હર્ષના લીધે એવાં હતાં કે, સોય જેવી ઝીણી વસ્તુ ભોંયપર પડે તોપણ સંભળાય; પણ એક ચિત્તપણું હર્ષના લીધે એવું થઇ ગયું હતું કે મોટા ગિરિ ગરી પડે તોપણ કોઇની દ્રષ્ટિ લેશમાત્ર પણ તે તરફથી ચલાયમાન ન થાય.

પછી નિયમિત સ્થળે ઇંદ્ર પધાર્યા, અને પાંડુક વનમાં મેરૂચૂલિકાએ જ્યાં શાશ્વત સિંહાસન છે તેનાપર પૂર્વ મુખે પલાંઠી આશને પ્રભુને ખોળામાં લઇ બિરાજ્યા. ન્હાવણ કરાવવા માટે સુગંધી જળથી ભરેલ કળસો કરમાં ગ્રહિ, ઇંદ્ર આજ્ઞાની રાહ જોતા દેવેંદ્રો ટોળે મળી આસપાસ ઉભા રહ્યા. આવા શુભ સમયે "આ નાના બાળક શ્રીવીર આટલા બધા કળસોની જળધારા કેમ સહન કરી શકશે." એવો શક્રેંદ્રને શક ઉપન્યો, તેથી આતુર થયેલ

દેવોને આજ્ઞા આપતાં તે ખચકાયા. તેવારે અવધિજ્ઞાને તરત ઇંદ્રના મનનો વિચાર પ્રભુએ જાણ્યો, અને તેની મોટી ભૂલ સુધારવા માટે, તથા ભક્ત જનોનો ઉમંગ પૂર્ણ કરવા માટે, નિજ ચર્ણ અંગુઠે સિંહાસનને તેમણે સ્પર્શ કર્યો. "મ્હોટાના ચર્ણ સ્પર્શે પણ પાવન થઇએ" એમ ધારી મેરૂ હર્ષથી હસવા (હાલવા) લાગ્યો. મેરૂ હાલવાથી સર્વ સ્થળે કોળાહળ થઇ રહ્યું, તે જોઇ " આ ઉત્પાત કરનાર કોણ ? " એ અવધિજ્ઞાને ઇંદ્રે જોયું ત્યારે તેને પોતાનીજ ભૂલ માલુમ પડી; તેથી શ્રી વીરસ્વામિ પાસે તેની ક્ષમા માગી, અને સ્નાત્રનો શુભ આદેશ આપ્યો. જુદા જુદા ઇંદ્ર તથા દેવાદિકોના અઢીસો (૨૫૦) અભિષેક થયા. પછી હર્ષવંત થઇ શક્રેંદ્રે ઇશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને આપ્યા, અને પોતે વૃષભનાં ચાર રૂપ ધારણ કરી, નિજ સિંગ જળધારાવડે પ્રભુને ન્હાવણ કરાવવા લાગ્યા. એમ મહા હર્ષથકી શાસ્ત્રવિધિથી પ્રભુ જન્મનો અભિષેક કરી દેવેંદ્રો ત્યાંથી ચાલ્યા, અને શક્રેંદ્રે માતા પાસે આવી પ્રભુને પધરાવ્યા; તથા અવસ્વાપિની નિંદ્રા

તથા પ્રતિબિંબને દુર કર્યા. પછી પ્રભુ અંગુઠે અમૃત સંસ્કાર કરી, રમવા માટે સુવર્ણનાં રત્નજડિત ગેડી દડાદિક મૂકી, બત્રીશક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી, અને દીર્ઘસ્વરે દેવોપ્રત્યે કહેવા લાગ્યા કે, “ અહો દેવો ! જે કોઇ આ શ્રીવીરસ્વામિ કે તેમની માતા સાથે ખેદ કરશે તેનું મસ્તક આ વજ્ર પ્રહારેથી હું છેદીશ. ”

દેવો પ્રત્યે એમ કહ્યા પછી રત્નકુક્ષિ ધારિણી માતા ત્રિસલાજી તથા જગદીપક શ્રી મહાવીરસ્વામિને ભાવપૂર્વક વંદન કરી, સર્વ દેવો નંદિશ્વરદ્વિપે અઠ્ઠાઇ મહોત્સવ કરવા ગયા.

પછી પુત્ર જન્મની શુભ વધામણી આપનારાઓને સિદ્ધાર્થરાયે દારિદ્રથી દૂર કર્યા, નગરમાં સર્વેનાં દુઃખ છેદ્યાં, બંધીવાનોના બંધ તોડચા, નગર મધ્યે દીવાળી કરાવી, અને મહા ઉમંગપૂર્વક સ્વજાતિને ભોજન કરાવી “ શ્રી વર્દ્ધમાન ” એવું ત્રિલોકપતિનું નામ સ્થાપ્યું.

અનુક્રમે શુકલ દ્વિતીયાના ઈંદુનીપેરે વૃદ્ધિ પામતા શ્રી વર્દ્ધમાનસ્વામિ આઠ વર્ષના થયા, એટલે

પોતાની વયના બાળકો સાથે દરરોજ ક્રિડા કરવા લાગ્યા. રમત રમનાર સર્વ બાળકો તેમનાં બુદ્ધિ અને પરાક્રમ જોઇ આશ્ચર્ય પામતાં. વળી સૂર્યથી કમળ વિકશે તેમ શ્રી વર્દ્ધમાનસ્વામિને જોઇ, માત તાત પ્રફુલ્લિત હ્રદયે આનંદમાં દિવસો નિર્ગમન કરતાં હતાં.

કોઇ સમયે ઇંદ્ર મહારાજે પોતાની સભામાં પ્રભુ શ્રી વર્દ્ધમાનસ્વામિના બળની પ્રશંસા કરી, તે વાત સાંભળી શ્રદ્ધાવાન્ સર્વ દેવોને હર્ષ થયો, પણ સર્વેનાં હ્રદય પરગુણ દેખી કે સાંભળી આનંદ પામતાં નથી; તેમ એક ઘૂડ સમાન દેવને સૂર્યસમ શ્રી વીરસ્વામિના બળરૂપ તેજની ખાત્રી ન થઇ; તેથી ઇંદ્રની વાતનો સત્યાસત્યનો નિર્ણય કરવા ધાર્યું. પછી કારણ કહ્યા વગર ઇંદ્રની આજ્ઞા લઇ ત્યાંથી ગમન કર્યું, અને પ્રસિદ્ધ આમલી પીંપડીની રમત વર્દ્ધમાનસ્વામિ છોકરાઓ સાથે જ્યાં રમતા હતા ત્યાં તે આવ્યો, અને મોટું સાપનું રૂપ કરી આંબલીના વૃક્ષે વીંટાયો, તેને દેખી સર્વે છોકરાંઓ ભય પામી નાશી ગયાં, પણ શ્રી વર્દ્ધમાનસ્વા

મિએ તેને હાથેવતી ઝાલીને ફેંકી દીધો. પછી બાળરૂપ ધારણ કરી સર્વે બાળકો સાથે રમવા લાગ્યો. રમતમાં પોતાની હાર કરી, શ્રી મહાવીરસ્વામિને પોતાની પીઠપર બેસાડી, તે દુષ્ટાત્માએ સપ્ત તાડ જેટલું ઉંચું પોતાનું રૂપ વિકૂર્વ્યું. આ રાક્ષસી રૂપ જોઇ સર્વે બાળકો ભયભિત થયા અને આમ તેમ દોડાદોડ કરી નાસવા લાગ્યા. બાળકો મુખે વાત સાંભળી માત પિતા ખેદ પામશે એમ ધારી, પ્રભુ શ્રી વીરે પોતાના બળનો કિંચિત ઉપયોગ કર્યો, અને એક મુષ્ટિકા સુમનસની પીઠપર મારી; તેથી મુષ્ટિ પ્રહારે આકૂળ વ્યાકૂળ થતો દેવ જમીનપર પડયો અને અતિ લજ્જાયમાન થયો. પ્રત્યક્ષ પ્રભુનું પ્રાક્રમ જોઇ અમરને ઇંદ્ર વચનપર પ્રીતિ થઇ. પ્રભુ મુષ્ટિકા પોતાના શરીરપર પડી તેથી તે પોતાને ધન્યતમ જાણવા લાગ્યો અને મહા વિર્યવાન શ્રી વર્દ્ધમાનસ્વામિનું બીજું "મહાવીર" નામ સ્થાપી, સમ્યક્ત્વ ગ્રહણ કરી તે નિજ સ્થાને ગયો.

હવે બળવાન પુત્રને વિદ્વાન કરવાની માતપિ-

તાને હોંશ થઇ. મોહવશે તેમણે પ્રભુ શ્રી મહાવીરને નિશાળે મોકલવા વિચાર કર્યો. અધ્યાપકને કહાવ્યું, અને મ્હોટા આડંબરથી વરઘોડો ચઢાવ્યો. વિવિધ જાતિનાં વાજિંત્રો તથા શોભિતા સાજનોથી વરઘોડાની શોભામાં વિશેષ વૃદ્ધિ થઇ, અને પૃથ્વીપતિ પુત્ર પોતાની પાસે ભણવા આવે છે તેથી મગરૂર થયેલ અધ્યાપક (મેહેતાજી) ઉંચા આસન પર વરઘોડાની રાહ જોતા નિશાળે બેઠા.

પણ પંડિત શું ભણશે, સર્વદર્શિને શું દેખાડવું, ચિંતામણીરત્નને શાનો ઓપ ચઢાવવો, કંચનને શું સ્વચ્છ કરવું, ભગવાન્ તો ત્રણ જ્ઞાનસહિત સર્વ ભણેલાજ છે, તે વિશેષ શું ભણશે ? તો પણ મહાજ્ઞાની, મહા સમર્થ, અને અગાધ બાળ બુદ્ધિના ધણી શ્રી વીરસ્વામિ ગંભિર દીસે નિશાળ તરફ વરઘોડા સાથે ચાલ્યા.

અલ્પજ્ઞ આગળ સર્વજ્ઞ ભણવા જતાં મ્હોટાનો અવિનય થતો જોઇ, ઇંદ્રનું આસન હસ્તીકર્ણની પેઠે કંપવા લાગ્યું. આસન કંપ્યાથી પ્રભુનું સર્વ વૃત્તાંત ઇંદ્રે જાણ્યું, અને પ્રમાદ ત્યાગ કરી બ્રાહ્મણ

રૂપ ધારણ કરી તત્ક્ષણ નિશાળે આવ્યા. પછી પ્રભુને ઉચિત આસનપર બેસાડી, પંડિત પણ જેના ખુલાસા આપતાં અચકાય, એવા ખુલાસા પ્રભુમુખે ઇંદ્રે પ્રશ્નોતરરૂપે કહેવરાવ્યા; આ જોઇ સર્વ પુરલોક સાનંદાશ્ચર્ય પામ્યાં. છેવટે પ્રભુ શ્રી મહાવીરસ્વામિનાં બળ, બુદ્ધિ, તથા પ્રભુતાથી લોકોને વાકેફ કરી ઇંદ્ર સ્વસ્થાને ગયા, અને ભગવાન્ ગજારૂઢ થઇ નિજ મંદિર પધાર્યા.

એમ અનુક્રમે બાળ અને કિશોરવય વ્યતિત થતાં પ્રભુ યુવાન અવસ્થા પામ્યા, તેવારે પુત્રને પરણાવવાનો લ્હાવો લેવાનો વખત નજદિક આવવાથી માત પિતાના હર્ષમાં વિશેષ વધારો થયો, અને સમવીર નામના કોઇ સામંતરાયની યશોદા નામે મહા ગુણવાન, રૂપે ફુટડી અને શીલશૃંગારે અલંકિત બાળા સાથે યથાવિધ શાસ્ત્રોક્ત રીતીથી લગ્ન કર્યાં. સંસારમાં કહેવાતો પુત્ર પરણાવવાનો મ્હોટો લ્હાવો માત તાતે પરિપૂર્ણ લીધો.

પ્રભુ શ્રી મહાવીરસ્વામિમાં વિવેક, નીતિ, દયા, શીલ, સત્ય, વિગેરે અમૂલ્ય રત્નસમાન ગુણ

જોઇ, માતા ત્રિશલા તથા પિતા સિદ્ધાર્થ આનંદમાં દિવસો નિર્ગમન કરે છે; એમ સુખ શાંતિમાં દિવસો ગુજારતાં અને શુભકાર્ય કરતાં સંસારરિપુ મહાકાળના સ્વાધિન તે બન્ને થયાં. સંસારસુખ વિલસિ દેવલોક પધાર્યાં. આ કાર્ય બનવાથી કાળરિપુનું અથાગબળ તથા વિચિત્રતા જોઇ પ્રભુ શ્રી મહાવીર સ્વામિ વૈરાગ્યને પામ્યા, અને સાધુપણું ગ્રહણ કરવા ત્વરિત થઇ, પોતાના જેષ્ટ બાંધવ નંદિવર્દ્ધનને આ શુભ વિચાર તેમણે જણાવ્યો. મોહવશ રહેલ નંદિવર્દ્ધનને વીરનાં વચન ક્ષતપર લવણસમાંન તિક્ષણ લાગ્યાં. "માતા પિતાના વિયોગ દુઃખને મહા મહેનતે સહન કરનાર, મને તમારો વિયોગ કદાપિ સહન નહીં થાય" એમ કહી તેમણે શ્રી વીરને દિક્ષા લેવા ના કહી. વૈરાગ્યરસે ભીજાએલ વીરે મ્હોટા ભાઇને ઘણું સમજાવ્યા, પણ તે સર્વ ફોકટ ગયું. બહુ મહેનતે બે વરસ પછી દિક્ષા લેવા રજા આપી. મોહવશ થયેલ પણ જયેષ્ટ ભ્રાતાનું વચન વીરે માન કર્યું, અને બે વરસ પછી દિક્ષા લેવાનો નિશ્ચય રાખ્યો.

દિવસો નિર્ગમન થતાં જ્યારે દિક્ષા સમયને એક વર્ષ બાકી રહ્યું ત્યારે વરશીદાન દેવા માંડ્યું. યાચકોને તો જાણે કલ્પતરૂવરજ ફળ્યું! જેથી દારિદ્ર ત્રાશ પામી નાશવા લાગ્યું. દૈવશક્તિથી અખૂટ દ્રવ્ય, દાન આપવા માટે ઇંદ્રે પૂરચું, અને શ્રી વીરે એક વર્ષપર્યંત ઉદારચિત્તે દાન દીધું.

હર્ષના દિવસો જતાં વાર લાગતી નથી. ઉમંગના દિવસોનું જાણે કાળચક્રજ ઉતાવળથી ફરતું હોયની! તેમ દિવસો વ્યતિત થતાં દિક્ષા દિવસ ઝટપટ આવી પહોંચ્યો. ચોસઠ ઇંદ્ર પ્રભુ પાસે ભેગા થયા અને ન્હવણ વિલેપનાદિક સુગંધી દ્રવ્યથી કરાવ્યું; વસ્ત્રાભૂષણ સજાવ્યાં, અને ચંદ્રાધિક પ્રભાવવાળી ઉત્તમ પાલખી આણી. તેમાં શ્રી વીર આનંદપૂર્વક બિરાજ્યા કે તરતજ સ્કંધસ્થળ પવિત્ર કરવા માટે ઇંદ્રાદિકોએ તેને ઉપાડી. અનુક્રમે અષ્ટ મંગળ, ઇંદ્રધ્વજા, હસ્તી, ઘોડા, રથ, જયેષ્ટબાંધવ નંદિવર્દ્ધન અને સાજનો. પછી પ્રભુ બિરાજ્યા છે ત પાલખી, અને છેવટે સુશીલ ચંદ્રવદનીઓ શૃંગાર સજી મધુરસ્વરે ગાયન કરતી. એવી રીતે ખૂબ

ઠાઠમાઠથી પ્રભુ શ્રી મહાવીરસ્વામિને દિક્ષા લેવા મહત્ વરઘોડો નંદિવર્દ્ધને ચઢાવ્યો. આનંદે કરી પુરજનોએ નગર સણગાર્યું, તે જોઇ "જે કાર્ય હુકમથી નથી બનતું, તેજ કાર્ય હૃદયઆનંદથી થાય છે." એવી ખાત્રી નંદિવર્દ્ધનને પૂરેપૂરી થઇ. પછી ધીમી ચાલથી વરઘોડો નગરમાં ચાલવા લાગ્યો.

વાજિંત્રના શોર સુણી જોવાને આતૂર થયેલ સ્ત્રિયાઓ, પોત પોતાનાં કામ પડતાં મૂકી ઉતાવળી ચાલે જોવા આવવા લાગી. તેઓ પોતે ફુવડ કહેવરાવવાના ડરથી કેકે ઉતાવળથી શૃંગાર સજવા માંડયો, પણ અત્યુતાવળના લીધે કાનનાં આભૂષણ નાકે, અને નાકનાં કાને સજયાં; તે જોઇ લોકોનાં હર્ષિત હૃદયને વિશેષ હસવું આવ્યું. કેક નારીઓએ પોતાના બાળકની ભ્રાંતિથી અન્ય બાળકને કેડે બેસાડી ચાલવા માંડયું, તે જાણે શ્રી વિતરાગ અતિશયથી સ્વપર જુદાઇ નાસ્તીજ પામી હોયની !

એમ લોકોના હૃદયઆનંદને વૃદ્ધિ કરતો વરઘોડો નિયમિત સ્થળે આવ્યો, એટલે અમરોએ પાલખીને અશોકવૃક્ષના નિચે ઉતારી કે તુરતજ

આતુરલોકોને દર્શન કરાવવા માટે શ્રી મહાવીર સ્વામિ તેમાંથી ભોંય ઉતર્યા, અને ધન ધાન્યાદિક ના કષ્ટથી લોકોને મુક્ત થવા જાણે ઉપદેશ કરતા હોયની! તેમ સ્વહસ્તે પરિગ્રહનો ત્યાગ કરવા લાગ્યા. અલંકારાદિકપરથી મોહની દૂર કરી તેને દૂર કરવા લાગ્યા. ઇંદ્રો, અમરો અને રાય પ્રજાદિક સર્વ સજ્જનો તથા અમર નર નારીઓ આ વખતે હાજર હતાં. શુભ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર અને ચંદ્ર પણ યોગ્ય સેવામાં હાજર હતા. આવો ઉત્તમ અવસર જાણી વૈરાગ્યવાન શ્રી વીરે પોતાનાજ હસ્તે પોતાના શિરકેસનો લોચ કર્યો. લોચ કર્યો કે તરતજ "મનઃપર્યવ" નામનું ચતર્થજ્ઞાન પ્રભુને ઉપન્યું. પછી કરજોડી નમ્રવચને વિનંતિ કરી દેવદુષ્યવસ્ત્ર ઇંદ્ર મહારાજે પ્રભુને આપ્યું, તે લઇ છઠ્ઠ તપ એટલે બે ઉપવાસની તપષ્યાનું વ્રત ગ્રહણ કરી શ્રી વીરે ત્યાંથી વિહાર કર્યો, અને અમરો પણ નંદિશ્વરે જઇ દિક્ષામ્હોત્સવ કરી સ્વસ્થાને ગયા.

પછી પ્રભુ જ્યાંસુધી દ્રષ્ટિગોચર થયા, ત્યાંસુધી નંદિવર્દ્ધનાદિ સર્વ જનો તેમના ભણીજ જોઇ રહ્યા;

પણ જેમ જેમ પ્રભુ દ્રષ્ટિથી દૂર થતા ગયા, તેમ તેમ સર્વનો હર્ષ પણ હણાવા લાગ્યો. શ્રી વીર વિયોગ થવાથી સર્વનાં મુખ નિસ્તેજ પડી ગયાં; મોહે કરી કૈકનાં નેત્રોથી જળધારા વહેવા લાગી: અને જયાંસુધી પ્રભુ દષ્ટિગોચર રહ્યા, ત્યાંસુધી ત્યાં ઉભા રહીને, "હે વીર! હવે અમો તમારા વિના શૂન્ય વનસરખા ઘરપ્રત્યે કેમ જઇશું? હે બંધુ! અમો કોની સાથે વાતચિત કરીને સુખ ભોગવીશું? તથા હવે કોની સાથે ભોજન કરીશું? વળી સઘળાં કાર્યમાં હે વીર! હે વીર! એમ બોલાવી અમો તમારો આશ્રય લેતા, તે હવે અમો કોનો આશ્રય લઇશું? હે બાંધવ! અમારી આંખોને અમૃતાજન સરખું તમારૂં દર્શન હવે કયારે થશે? વળી રાગરહિત ચિત્તવાળા એવા પણ તમો અમોને કયારે સંભારશો?" એમ બોલતાં થકા, અશ્રુસહિત આંખોવાળા થયા. એમ મોહરાયના સબળ-સઘળા યોદ્ધાઓએ લોકો પર હુમલો કર્યો. આવો શોકમય સમય જોઇ સૂર્ય પણ ઝાંખો થવા લાગ્યો, તે જાણે લોકો પરસ્પર મુખ જોઇ વધારે દિલગીર થશે એમ ધારીનેજ અ-

સ્ત થયો હોયની ! અથવા સ્વામિ શ્રી વીરપ્રભુની સાથે સેવા કરવા સિધાવ્યો હોયની ! સૂર્યાસ્તથી ભૂમિકાએ કાળો સાળુ પેહેર્યો, તે જાણે શ્રી મહાવીરના વિયોગના દુખેજ પેહેર્યો હોયની! અર્થાત્ રાત્રી પડી. પછી પ્રભુ શ્રી મહાવીરસ્વામિ દ્રષ્ટિમર્યાદાથી દૂર થવાના લીધે નજરે ન પડયા એટલે સર્વલોકો શોકાતુર ચહેરે પુર તરફ પાછા વળ્યા.

ખંડ ૨ જો.

પ્રકરણ ૧ લું.

(પ્રભુને શુલપાલ યક્ષાદિકોથી [illegible]યેલ અનેક ઉપસર્ગ અને ચંડકોસી વિ[illegible]રેને પ્ર[illegible] પ્રતિબોધ્યા. પંચમ [illegible] અને કે[illegible]ળદર્શન શ્રી મહાવી[illegible]તેને થયાં. વિગેરે.)

ક્ષત્રિયકુંડ નગરથી દિક્ષા લઇ વિહાર કરતાં વીરકુમાર ગામના પાદરે આવ્યા એટલે સાયંકાળ થયું, રાત્રિયે ચાલવાનો સાધુધર્મ ન હોવાથી પ્રભુ

ત્યાંજ કાયોત્સર્ગે રહ્યા. અહિં એક ગોપ વૃષભો લઇને આવ્યો અને પ્રભુને ઓળખ્યા શિવાય બળદો ભળાવી સાચવવાનું કહી ઘરે ગયો, ઘરે જઇ ખાન પાનથી તૃપ્ત થઇ પાછો આવ્યો અને બળદો મૂકયા હતા ત્યાં જોવા લાગ્યો; પરંતુ જતા રહેલ વૃષભો તેની નજરે ન પડ્યા, તેથી અહોરાત્રિ બળદ શોધવા ગોપ અટવિમાં રખડ્યો પણ કંઇ પત્તો ન લાગ્યો; પછી થાકથી નિરાશ થયેલ ગોપ બળદ મળવાની આશા મૂકી જે સ્થળે શ્રી વીર કાયોત્સર્ગે રહ્યા છે ત્યાં આવ્યો, એટલે ચોરો ચરી તૃપ્ત થયેલ બળદો પણ આ વખતે ત્યાંજ પાસે આવી ઉભા રહ્યા હતા તે તેની નજરે પડ્યા. આ પ્રમાણે જોઇ ગોપનાને ક્રોધનો પાર ન રહ્યો તેથી "તેંજ બળદો સંતાડી મારી મશ્કરી પણ કરી" એમ ક્રોધિકવચન કહી, ક્રોધવશે કરગ્રહિ તરાસ ભગવાનને મારવા તે ત્વરિત થયો. પ્રભુનું આમ અપમાન થતું જાણી ઇંદ્ર તતક્ષણ ત્યાં આવ્યા, અને શઠ ગોપને સમજાવી તુચ્છકારી કાઢી મુકયો. પછી ઇંદ્ર પ્રભુને વાંદી આજ્ઞા માગીસ્વસ્થાને ગયા.

પ્રભાત થયે પ્રભુએ પણ અહિંથી વિહાર કર્યો, અને છઠ્ઠ તપસ્યા એટલે બે ઉપવાસ પૂર્ણ થયે કોલ્લાગસનિવેષ નામે બહુલ નામના કોઇ બ્રાહ્મણને ત્યાંથી ક્ષીર વહોરી પારણું કર્યું. પુન્યશાળી બ્રાહ્મણને ત્યાં દેવતાએ પંચદિવ્ય પ્રગટ્યાં. પછી ત્યાંથી ચાલી પ્રભુ વઢવાણ ગામે પધાર્યા, અને શુલપાણી નામના યક્ષના મંદિરમાં કાઉસગ્ગમુદ્રાએ રહ્યા. અહિં રાત્રીના વિષે દુષ્ટ યક્ષ પોતાની દુષ્ટતા દેખાડવા લાગ્યો. પ્રથમ તેણે હસ્તીરૂપ ધારણ કર્યું, અને પોતાના બન્ને દંતુશલ જોરથી પ્રભુને ભીડાવ્યા. બીજું બિહામણું વિકાળરૂપ વિકૂર્વ્યું, અને કર ગ્રહિત શસ્ત્રે મર્ણભય બતાવવા લાગ્યો. વળી વિષધરરૂપ બનાવી અનેક ઝેરી ડંષ પ્રભુને માર્યા. વિગેરે ઘણી વિટંબનાઓ તે દુષ્ટાત્માએ પ્રભુને કરી. અંતે થાકયો અને " આવા દીર્ઘ કષ્ટોથી પણ ચળાયમાન ન થનાર આ કોઇ મહા પુરૂષ હશે" એવો વિચાર તેના હૃદયમાં આવ્યો. વિચાર કરતાં તેની ક્રુરતા છેક મટી ગઇ, અને પ્રભુની ધૈર્યતા તે વખાણવા લાગ્યો; તથા કરેલ કાર્યનો પશ્ચાતાપ કરી ધૈર્યે અને

વીર્યવાન વીર પાસે ક્ષમા માગવા લાગ્યો. વળી ગીત ગાનાદિકથી પ્રભુને પ્રસન્ન કરવા અહોરાત્રી ભક્તિજળે યક્ષે ન્હાવણ કર્યું. પ્રભાત થયે પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.—ચાલ્યા.

શ્રી વીરને ચાલતાં ચાલતાં રસ્તામાં જેના મુખપર કરૂણા ઢળી રહી છે. " કષ્ટ સમયે તનનાં કપડાં પણ પતરે " એ કહેવત ખરી ઠરાવનાર જાણે પ્રત્યક્ષ દાખલો હોયની ! તેમ ફાટેલ ટુટેલ વસ્ત્રથી વિદૂષક જેવો લાગતો, અને ઉતાવળી ચાલે શ્વાસભર્યો ચાલતો એક બ્રાહ્મણ મળ્યો. તેણે બે કરજોડી જગનાયક પાસે જરની યાચના કરી, અને કહેવા લાગ્યો કેઃ—" અહો ત્રિલોકપતી ! આપે વંચ્છિતદાન આપી કલ્પવૃક્ષને લજ્યા પમાડી ત્યારે સર્વ જનસમુહનું દારિદ્ર વિનાશ પામ્યું હતું. દેશમાંથી નાશતા દારિદ્રની સાથે તેનીજ સેવા કરવાની, ત્યારે હું પણ વિદેશ ગયો હતો. અહો સ્વામિ! હું મારૂં કેટલું વૃત્તાંત કહું. આપના વરશી દાન વખતે " જેમ પાપી પ્રાણી મોક્ષથી દૂર રહે તેમ " હું પણ વિદેશ ગયો હતો, અને વિદેશથી

આવી ઘરમાં પેસતાંજ "જેમ નારકી વિષે નારકી ના જીવોને પીડા થાય છે તેમ" અતિ પીડાકારી વચનથી મારી દુષ્ટ ભાર્યાએ મને દુઃખી કર્યો. આપના દીધેલ દાનની તેણે મને વાત કહી ઘણોજ ફીટકાર કર્યો. નારીનાં કટુવચન સાંભળી કર્મને દોષ દેતો અને દિલગીરી ધરતો તરતજ આશાભર્યો હું આપની પાસે આવ્યો છું. અહો પ્રભુ! સૂર્યના અજવાળાની સૌ વાંચ્છા કરે, કલ્પવૃક્ષ કોઇને નિરાશ ના કરે, વર્ષા સર્વ સ્થળે સરખો વરસે, ત્યારે શું? ત્રિલોપતિ, ત્રિલોકભાનુ, અને કલ્પલત્તા વર, તમારી પાસેથી હું નિરાશ જાઉં? કૃપાસાગર મમ દિનપર દયા કરો, અને મને કંઈક આપો. જો આપ મને નિરાશ કાઢશો તો મારૂં કયાંઇ ઠેકાણું નથી. "ઘરના બળ્યા વનમાં ગયા ત્યારે વનમાં ઉઠી લ્હાય." એ કહેવત મને ખરેખરી અને પૂરેપૂરી લાગુ પડશે. માટે કંઇક મારી આશા પૂરો, અને હે દિનદયાળ! મારાપર કંઇક કૃપા કરો.

વજ્ર છાતીવાળાને પણ કરૂણા ઉપજે એવાં ભિક્ષુકનાં વચન સાંભળી કરૂણાના સાગર મહાવીર

ને કરૂણા આવ્યા વિના કેમ રહે ? પાસે બીજું કાંઇ ન હોવાથી, અને બ્રાહ્મણને નિરાશ કાઢવા અસમર્થ હોવાથી, પોતે ઓઢેલ વસ્ત્ર અર્ધ ફાડી બ્રાહ્મણને આપી ચાલવા લાગ્યા. અર્ધલક્ષનું વસ્ત્ર મળવાથી અસંતોષી બ્રાહ્મણના લોભમાં વિશેષ વૃદ્ધિ થઇ, અને મળેલ વસ્ત્ર ઘરે મૂકી ફરીથી તે પ્રભુ પાસે આવ્યો; પણ શરમને લીધે માગી ન શકવાથી પુંઠે પુંઠે ચાલવા લાગ્યો. પછી જ્યારે વાયુએ કરી પ્રભુ પાસેથી વસ્ત્ર પડી ગયું ત્યારે તે લઇને ત્યાંથી ચાલી ઘરે આવ્યો. પછી વસ્ત્રના બંન્ને કડકા સંધન કરી વેચ્યું, અને તે જરવડે સુખી થયો.

હવે કોઇક વનમાં ચંડકોશી નામે મહાવિકાળ વિષધર રહે છે, તે પોતાની ક્રુરતાથી ત્યાંથી જતાં આવતાં દરેક પ્રાણીનો પ્રાણ લે છે. આવા ભયંકર કારણને લીધે તે રસ્તો છેક બંધ પડી ગયો છે. કોઇક દિવસે વિહાર કરતા કરતા શ્રી મહાવીર પણ ત્યાં જઇ પહોંચ્યા, અને સર્પનાજ બીલપર કાયોત્સર્ગ રહ્યા કે, તરતજ વિષધર જાતિસ્વભાવને વશ થઇ પ્રભુને ડંષ મારવા લાગ્યો; પણ નિરંતર

અપકારના બદલે ઉપકાર કરવાના વ્યસનનેજ ધારણ કરનાર શ્રી વીર "બુજ બુજ" એવા ઉત્તમ પ્રતિબોધક શબ્દો સર્પ પ્રત્યે કહેવા લાગ્યા. પ્રભુ તે વાણી સાંભળી સર્પની સવ ક્રુરતા વિનાશ પામી, અને વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું; તે જ્ઞાને કરી ભુજંગે પ્રભુને ઓળખ્યા. પછી ઉપકારી જગતપતિને ત્રણ પ્રદક્ષણા દઇ વારંવાર તે ક્ષમાવા લાગ્યો, અને છેવટે કર્મનિર્જરા અર્થે પંદર દિવસનું અણશણ કરી શુભધ્યાને કાળ કરી દેવલોકે (આઠમા દેવલોકે) દેવપણે ઉપન્યો. બાંધવો! જુઓ!! પ્રભુવાણીનો પ્રત્યક્ષ મહિમા. અપકારના બદલે ઉપકાર કરવાની વડાની નીતિ.

એવી રીતે અનેક મોટા પરિસહો સહન કરી પ્રભુએ ઘણાને પ્રતિબોધ્યા. પછી લોકહિતાર્થે તથા કર્મનિર્જરાર્થે પ્રભુ અનાર્યદેશમાં ગયા. અહિં કેટલાક દુષ્ટસ્વભાવિ જીવોએ પ્રભુને અતિ કષ્ટ આપ્યું, પણ જેના હૃદયમાં ફક્ત શાંતરસજ ભર્યો છે, અને જે ક્ષમાનાજ સાગર છે, એવા શ્રી મહાવીરસ્વામિએ પોતાનું અથાગ બળ છતાં, તે સર્વ ધૈર્ય

તાથી સહન કરી રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી પેઢાલગામના ઉદ્યાનમાં પ્રભુ પધાર્યા, અને "પોલાસ" નામના યક્ષના મંદિરમાં અઠ્ઠમ તપસહિત મહાપ્રતિમાએ રહ્યા.

આ વખતે ઇંદ્ર સ્વસભામાં ઉંચા આસને બિરાજ્યા છે, આસપાસ સર્વ દેવો "શશી આસપાસ તારાઓ શોભે તેમ" શોભી રહ્યા છે, સુંદિર નાટક રંગ થઇ રહ્યું છે, આવા આનંદસમયે ઇંદ્રે દેવો પાસે શ્રી વીરની વીર્યતા વખાણી. સર્વ દેવોએ તે વાત સત્ય માની, પણ પરયશથી જેનું હૃદય નિરંતર પ્રજળે છે, અને જેને મિથ્યામતિનોજ નિશદિન સંગ છે, એવા સંગમ નામના એક દેવને તે વાત ન રૂચી. ઇંદ્ર જુઠાં વખાણ કરે છે, અથવા અતિષયોક્તિ કરે છે, એવું તેને લાગ્યું; તેથી ઇંદ્રની તે વાત જુઠી કરવા વિચાર કરી ત્યાંથી તે દેવે ગમન કર્યું, અને જે સુંદર ચૈત્યમાં પ્રભુ મહાપ્રતિમાએ રહ્યા છે ત્યાં આવી પ્રભુને કષ્ટ આપવા લાગ્યો. પાપકર્મ કરવા ઉદ્યમવંત થયો.

પ્રથમ તેણે દેવશક્તિથી ઘણી ધૂળ ઉરાડી પ્રભુના

શ્વાસને રૂધન કર્યો. પછી તિક્ષણ મુખવાળાં કિડીઓ, ડાંસ, મચ્છર, વિગેરે વીકૂર્વિ પ્રભુ અંગે ચટકા દેવરાવવા લાગ્યો; તથા વિંછીરૂપ કરી મહા ઝેરી ડંષ પ્રભુને માર્યા. વળી વિષધરરૂપ કરી કરડયો, હસ્તીરૂપે સુંઢમાં લઇ ઉંચા ઉછાળી પાછા નિચા પછાડયા. તથા દંતુસલ ભીડાવી પાદે કરી ખૂબ ચગદયા. બિહામણાંરૂપ કરી ડરાવવા લાગ્યો. કેસરીરૂપ કરી શરિર વિદારયું. ધ્યાનથી ભંગ કરવા ત્રિસલા માતા તથા સિદ્ધાર્થરાયનાં કૃત્રિમરૂપ બનાવી પ્રભુ સન્મુખ આણ્યાં. તિક્ષણ ચંચુવાળાં પક્ષી વિકૂર્વિ પ્રભુ કર્ણાદિકનું માંસ તોડાવ્યું. બંન્ને પાદુકાપર અગ્નિ સળગાવી ક્ષીર રાંધી. મોટા વજનના અનેક વજ્રના ગોળા ઉંચેથી શિરપર નાંખ્યા, તેના પ્રહારે કમ્મરપર્યંત પ્રભુ ધરતીમાં ઉતરી ગયા; અને છેવટે રાત્રિએ દીવસ દેખાડી વિહાર કરવા શ્રી વીરને વિનંતી કરી. એમ ઘણા ઉપસર્ગો તે દુષ્ટે કર્યા. જો તેમાંનો એક પણ બીજાપર થાય તો તેનો તરતજ કાળ આવે; પણ પ્રભુતાવાન, અમે શરીરી, અનંતબળના ધણી, તથા ધૈર્યતા અને

શાંતિ નામની બંન્ને દાસીઓને નિરંતર સેવામાં રાખનાર, શ્રી વીર પાસે તે દુષ્ટ સંગમનું કશું ન ચાલ્યું; તોપણ દુષ્ટકાર્યમાં નિષ્ફળ થયેલ સંગમને પોતાની ક્રુરતા છોડવી હજુ ઠીક ન લાગી. છેવટે પ્રભુપર ચોરીનો આરોપ દેવા તેણે ધાર્યું; અને ગામમાંથી કંઇક ચીજ ચોરી લાવી પ્રભુ પાસે મૂકી ચોર ઠરાવી દોષ આપ્યો. આવી રીતે પોતાપર અનેક કષ્ટ પડતાં જોઇ, તેનું નિવારણ થતાં લગી અન્ન પાણીનો ત્યાગ કરી શ્રી વીરે વ્રત ગ્રહણ કર્યું, અને તપરૂપ મહા યોદ્ધાના સહાયથી કષ્ટ તથા કષ્ટદાતા સંગમનો ટુંકી મુદતમાં પરાજય કર્યો. અર્થાત્-ખટ માસ સુધી કષ્ટ આપી અંતે સંગમો થાકયો, અને ખષ્ટ પડી ચાલી નિકળ્યો. પછી પ્રભુએ પણ ત્યાંથી વિહાર કર્યો, અને વજ્ર ગામમાં ગોપાલકના ઘરે સુદ્ધમાન ક્ષીરભોજનનું પારણું કર્યું.

હવે જેનું રમણિકપણું જોઇનેજ જાણે લંકાં સાગરમાં તથા અલકા આકાશમાં વસ્યાં હોયની! એવું વીશાલા નામનું એક નગર છે, તેમાં સુબોધ અને કુબોધની ઉપમાને યોગ્ય જીર્ણ અને પૂર્ણ ના-

મના બે શાહુકાર વશે છે. આ નગરીને પાવન કરી "ભરતામાં ભરાય" એ કેહેવત સાચી ઠરાવવા નગરીની ઉત્તમતા વધારવાનેજ જાણે આવ્યા હોયની ! તેમ શ્રી વર્દ્ધમાન જિન કોઇ સમયે વિહાર કરતા આ નગરીએજ પધાર્યા.

પ્રભુ આગમનથી હર્ષિત થયેલ જીર્ણશેઠે આહાર પાણી વહોરાવવા માટે ચાર માસપર્યંત ભાવના ભાવી, તોપણ આગ્રહવાન ધર્મિષ્ટ જીર્ણ શેઠને ત્યાં ન જતાં જરમદધિ, પૂર્ણશેઠના ઘેર પ્રભુ ગોચરીએ પધાર્યા. ત્યાં ગર્વથીજ મગજ તપી આ- વેલ, અને નરકમાં જવાનાંજ કુકૃત્યો કરવા હોંસીલા, પૂર્ણશેઠે દાસી હસ્તે અડદના બાકૂળા પ્રભુને વહોરાવ્યા. તે આહાર વહોરી પ્રભુએ ત્યાં પારણું કરચું કે તરતજ દેવતાએ પ્રસન્ન થઇ ધનવૃષ્ટિ આદિ પંચદિવ્ય પ્રગટચાં. આથી કરી પૂર્ણશેઠની અ- તિ પ્રખ્યાતી થઇ. આ કાર્ય જોઇ જીર્ણશેઠ ઉદાશીન થઇ નિજ કર્મને નિંદવા લાગ્યા. જીર્ણશેઠ કંઇ ધનલોભી નહતા, પણ પ્રભુ શ્રી મહાવીરસ્વામિને આહાર પાણી આપવા ઉદ્યમવંત એટલે ધર્મ

લોભી હતા. પછી પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.

વિશાલા નગરથી શ્રી વીરે વિહાર કર્યા પછી, પંચમ કેવળજ્ઞાનના ધરનાર મહા ગુરૂ સજ્જનોના ભાગ્યોદયે કોઇ સમયે તેજ નગરે પધાર્યા. ગુરૂ આગમનની શુભ વધામણી સાંભળી મહિપતિ દર્શન કરવા ઉદ્યમવંત થયા, અને ચતુરંગી સેનાસહિત મહા આડંબરે ગુરૂ પાસે આવ્યા. ગુરૂ મુખે ધર્મ સુણી વાતચિત કરતાં " મારી નગરીમાં કયો પુરૂષ ધર્મકાર્યમાં વધુ ઉદ્યમવંત છે. " એવો પ્રશ્ન મહિ-પતિયે ગુરૂપ્રત્યે કર્યો. રાયનાં વિનયિક વચન સાં-ભળી ગુરૂએ મીઠી વાણીથી જીર્ણશેઠનું નામ કહ્યું; તેથી રાયે આશ્ચર્ય થઇ ફરી પૂછ્યું:–"સ્વામિન્ ! અર્હન્ શ્રી મહાવીરસ્વામિએ આહાર તો પૂર્ણશેઠ-ના ત્યાંથી લીધો. વળી દેવોએ પંચદિવ્ય પણ ત્યાંજ પ્રગટ્યા, અને આપ જીર્ણશેઠનું નામ કેમ લહો છો ?" તેવારે કોકિલ સ્વરસમાન મીઠી અને સાગ-રસમાન ગાંભિર્યધ્વનિથી ફરી ગુરૂએ કહ્યું. " હે રાજ ! પૂર્ણશેઠે તો ભાવરહિત દાન આપ્યું છે, તેથી તેને દ્રવ્યથીજ લાભ થયો, અને જીર્ણશેઠે

તો ભાવરૂપ દાનથી બારમા દેવલોકનું પુન્ય ઉપાર્જ્યું છે, તેથી અહિંથી કાળ કરી દેવતા થશે." ગુરૂવાણીરૂપ જ્ઞાનચક્ષુથી રાજા ખરી હકીકતના જાણુ થઇ, ગુરૂને વંદન કરી સ્વસ્થાને પધાર્યા. પછી ગુરૂએ પણ ત્યાંથી વિહાર કર્યો.

ત્યાર પછી કોઇ સમયે દયાધર્મના પાળક જૈનરૂપ રત્નોનોજ જાણે કોશ હોયની! એવી કોશંબી નગરીના વિષે શ્રી મહાવીરસ્વામિ પધાર્યા. સ્વકર્મ જાળ હજુ પૂરેપૂરી ત્રુટી નથી એમ જ્ઞાનબળે જાણી, કર્મરૂપ મહા યોદ્ધાને પાછો હઠાવવા તેમણે હવે વધારે હિંમત કરી એક હાથમાં તપરૂપ હથિયાર અને બીજા હસ્તમાં ધૈર્યતારૂપ ઢાલના ધારક, કર્મ રિપુ દળ વિખેરવા મહા યોદ્ધા થયા. અર્થાત્ રાય પુત્રી દાસત્વ પામેલ હોય, શિરકેસ મુંડિત હોય, પગમાં બેડી હોય, અઠ્ઠમ તપે સહિત હોય, નેત્રે જળધારા વહેતી હોય, એક પાદુકા ઘરમાં અને એક ઘર બહાર રાખી બેઠેલ હોય, કર ગ્રહિત સુપડામાં અડદ બાકુળા ધારણ કર્યા હોય, અને ભિક્ષા વખત વ્યતિત થઇ મધ્યાન થયા હોય. આવો

સર્વ યોગ્ય જ્યારે એકજ સ્થળેથી મળે ત્યારેજ આહાર પાણી વાવરવું. આવો મહા અભિગ્રહ કર્યો. જેમ રિપુથી પરાજય પામેલ માણુસ ક્રોધે કરી બળ બુદ્ધિ વિગેરેનો સામટો ઉપયોગ યશની આશાએ કરે છે, તેમ શ્રી વીરે આ વખતે કર્યું.

એવી રીતે શુભ નિયમરૂપ સબળ મોક્ષમાર્ગ ના ભોમીઆને સાથે લઇ શ્રી મહાવીરસ્વામિ કૌશંબી નગરીમાં ફરવા લાગ્યા, પણ કયાંઇ પોતાના મનોરથ પૂર્ણ ન થાય. રાજા, પ્રધાન અને શેઠ શાહુકારાદિક, ઘણી કલ્પના યુક્તિથી પ્રભુને આહાર આપવા લાગ્યા, પણ તે સર્વ ફોગટ ગયું. પ્રભુનો અભિગ્રહ કોઇનાથી પૂર્ણ ન થયો. પ્રભુનિયમ પૂર્ણ કરી શ્રી જિનને અહાર વહોરાવી ધર્મરૂપ ચિંતામણી રત્ન મેળવવા ઘણાની ઉત્કંઠા હતી, પણ ભાગ્ય વિના તે કયાંથી મળે? અંતે સર્વને નિરાશ થવું પડયું. ભાગ્યવિના કોઇના હસ્તે ધર્મચિંતામણી ન આવ્યું. અન્ન પાણી વિના ભગવાનને એક પછી એક એમ એકસોને પંચોતેર ઉપવાસ થયા. પછી મહા સતી ચંદનબાળા હસ્તે સર્વ અભિગ્રહ પૂર્ણ

થવાથી પ્રભુએ આહાર વહોર્યો. હવે વાંચનાર સજ્જનોને જાણ થવા માટે તે ચંદનબાળાની લેશ માત્ર હકીકત અહીં દર્શાવીએ છીએ.

કોઈ સમયે ચંદના નગરીના દધિવાહન રાજાપર કૌશાંબીના રાજાએ ચઢાઇ કરી, દુષ્ટ રીતિ પ્રમાણે નગર પણ લુટયું, લુંટમાં દધિવાહન રાજાની નારી તથા ચંદનબાળા નામની શીળવંતી પુત્રી એ બન્ને કોઇ દુષ્ટના હાથમાં સપડાયાં. પછી શીળરૂપ મહા શૃંગાર લુંટવાના ડરથી, મહા સતી દધિવાહનની પ્રિયાએ સાહસ કરી તરત પોતાનો કાળ આણ્યો, અને ચંદનબાળાને તેણે કૌશાંબી નગરીના ચોટામાં વેચવા માંડી. આ વખતે ગુણિકાદિકના લેવાથી અનર્થનું કારણ થશે એમ ધારી, ધનવાહન નામના કોઇ શાહુકારે તેને વેચાતી લીધી, અને પોતાના મંદિરે તેને પુત્રીતુલ્ય ગણી રાખી. અહિં શેઠના ઘરે તે બાઇને સૌ ચંદના કહી પ્રીતિપૂર્વક બોલવા લાગ્યાં, પણ મેઘ આગમનથી જેમ જવાસા સુકાઇ જાય છે તેમ તે બાઇને જોઇ, ધનવાહનની નારી દીન પ્રતિદીન સુકાવા લાગી. વળી "રૂપ

રંગે મોહી શેઠ તેને નક્કી વરશે" એવા કુતર્કે તેના મનમાં સજડ વાસ કર્યો, તેથી કુદ્રષ્ટીથી તે તેને હર રોજ જોવા લાગી, અને અંતે પોતાના નિચ સ્વભાવના વશ થઇ, ધિક્કારવાલાયક નિચું કામ કરવા તેણીએ વૃત્તિ કરી.

પછી કોઇ દિવસે કંઇ કામ પ્રસંગે ધનવાહન શેઠ નજદિકના ગામે ગયા, તેવારે એકાંત લાગ જોઇ તે સાહસિક મૂર્ખ નારીએ પોતાની કુબુદ્ધિનો ઉપયોગ કર્યો. પ્રથમ તેણે ક્રુરતાથી ચંદનાનું શિર મુંડાવ્યું, હાથ પગમાં લોહબંધ નાંખ્યા, અને એક ઓરડીમાં પુરી. પછી બહાર તાળુ વાશી તે ક્રૂર નારી પોતાના પિયર ગઇ, અને ચંદના અતિ કષ્ટ પામતી ક્ષુધાએ પીડાતી તેજ ઓરડીમાં ધૈર્ય ગ્રહી બેશી રહી.

અતિ કષ્ટ સમયે સહાય કરનાર નવકારસમાન બીજો એકે ઉત્તમ મંત્ર નથી એવી ચંદનબાળાને પરિપૂર્ણ ખાત્રી હતી, તેથી તે શુભ મંત્રનીજ તેણે સહાય લીધી. હ્રદયના વિષે તેને સ્થાપન કર્યો, અને મુખથી મીઠી વાણીએ તેનો પદોચ્ચાર કરવા

લાગ્યાં. જાણે અઠ્ઠમ તપ કરી મહા મંત્ર નવકારનેજ સાધતા બેઠાં હોયની! તેમ નવકાર મંત્ર અવલંબને ચતૂર્થ દિવસે ધનવાહન શેઠ ત્યાં આવી પહોંચ્યા. આ વખતે આડોશી પાડોશી વિગેરેના મુખે નિજ નારીનું કુકૃત્ય જાણી શેઠ મહા દિલગીર થયા. પછી ધ્રુજતે હાથે ઉતાવળથી તાળું ઉઘાડી બાળક ચંદનાને બહાર કાઢયાં, અને ક્ષુધાતુર જાણી બાફેલા અડદ તેણીને સુપડામાં આપી, બેડી તોડવા માટે શેઠ પોતે લુહારને તેડવા ગયા.

અહિં ચંદના અડદના બાકળાનું સુપડું કરમાં ગ્રહિ લુહારની રાહ જોતાં ઉંબરાપર બેઠાં છે, આવા કષ્ટસમયે પણ ક્ષુધાથી પીડિત ચંદનાને મુનિને અહાર આપવાની ઉત્તમ ઉત્કંઠા થઇ. તેનો આવો ઉત્કૃષ્ટ ભાવ જોઇનેજ જાણે જગતસ્વામિની કૃપા થઇ હોયની! તેમ લોખંડબેડી તોડનારને બદલે ભવબેડી તોડનાર, જગતસ્વામિ શ્રી મહાવીર ત્યાં પધાર્યા. મુનિ મુખ જોઇ ભાવિક ચંદનાના હર્ષનો પાર ન રહ્યો. પોતે પોતાનું કષ્ટ છેક વિસરી ગઇ, અને અવતારને ધન્ય જાણવા લાગી. પણ પો-

તાનો અભિગ્રહ પૂર્ણ થવામાં રૂદનની ખામી જોઇ જગતસ્વામિ તરત ત્યાંથી પાછા વળ્યા. સ્વામિને પાછા વળ્યા જોઇ ચંદનબાળાને ચિંતામણીરત્ન ખોવાયાથી પણ વિશેષ માઠું લાગ્યું, તેમના શોકની સીમા ન રહી, અને સ્વકર્મને દોષ દઇ તે રડવા લાગ્યાં. આમ જતાં શ્રી વીરે ચંદનાને સજળ નેત્રે જોવાથી પોતાના સર્વ અભિગ્રહ પૂર્ણ થયા જાણી પાછા વળી અહાર વહોર્યો.

ચંદનાને કૃતાર્થ કરી એકસોપંચોતેર દિવસે પ્રભુ આહાર પામ્યા જાણી સર્વને અતિ હર્ષ થયો. દેવતાએ ત્યાં પંચદિવ્ય પ્રગટ્યાં, ને ચંદનબાળાની બેડીનાં તે સ્થળે ઝાંઝર તથા મસ્તકે વેણુ થઇ.

ત્યારપછી કેટલીએક મુદતે શ્રી વીર સંમાનિક ગામના ઉદ્યાનના વિષે કાયોત્સર્ગે રહ્યા. અહિં પણ એક ગોપ પ્રભુ પાસે બળદ મૂકી ઘરે ગયો, અને ઘરેથી આવી તપાસ કરતાં મૂકેલ સ્થળે બળદ ન દીઠથી, અહો રાત્રિ અટવિમાં રખડી આવ્યા પછી પ્રભાતે મૂકેલ સ્થળેજ બળદો જોયાથી “ શ્રી મહાવીરસ્વામિએ બળદ સંતાડી મ્હારૂં હાસ્ય કર્યું ”

એવો શક તે દુષ્ટ ગોપને થયો, તેથી તેના ક્રોધનો પાર ન રહ્યો. આથી વેરનો બદલો લેવા તેણે મનથી નક્કી કરી ક્રોધ અને મૂર્ખતા તથા પૂર્વભવના વૈરને લીધે નર્કમાં જવા ઉપાય શોધી શરકટ નામના કડણુ વૃક્ષના કાષ્ટના ખીલા કરી તે દુષ્ટાત્મા એ પ્રભુને કર્ણમાં ખોરયા, અને પ્રાહારાદિકે ખૂબ ઉંડા બેસાડી બહારથી શેષ ભાગ કાપી નાંખ્યો.

પ્રિય વાંચનાર! યાદ તો હશે કે ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં ભગવાનના જીવે સજ્યાપાલકના કર્ણમાં શિશું રેડયું હતું, તેજ કર્મ અહિં તેમને ઉદય આવ્યું. સજ્યાપાલકનો જીવ ભવભ્રમણ કરી આ ગોપ થએલ છે, અને ત્રિપૃષ્ટનો જીવ તે શ્રી વર્દ્ધમાનસ્વામિ. પૂર્વભવના વૈરને લીધેજ ગોપને ક્રોધ ચઢ્યો. અહો બાંધવો! કુકૃત્યનો બદલો કેટલી મુદતે મળ્યો, તેનો વિચાર કરો. કુકૃત્ય કરતાં ડરો. સદાચરણમાંજ સુખ છે. સદાચરણ એજ જગતમાં સાર, સુખનું દાતાર, તથા મોક્ષમાર્ગનું ભોમિયું છે. જુઓ! પ્રભુ જેવા સમર્થને પણ પૂર્વે સંચિત કરેલ કર્મે કરી કષ્ટ ભોગવવું પડ્યું, તો પછી પામરપ્રાણી જે આપણે તેનું શું ગજું?

એમ વૈર વાળી પોતાની ઇચ્છા પૂર્ણ કરી ગોપ ગયો, અને પ્રભુ પણ શ્રોતેંદ્રિની વેદનાસહિત ગામના સિદ્ધાર્થ નામના વણિકના ઘરે ગોચરીએ પધાર્યા. અહિં શેઠના ઘરે ખરક નામનો એક વૈદ બેઠા હતો, તેણે પ્રભુની વેદના ઓળખી અને સઘળું વૃત્તાંત શેઠને કહ્યું. તેવારે શુભકાર્યમાં સમર્થ સિદ્ધાર્થશેઠ આહાર પાણી વહોરાવી વૈદ સાથે પ્રભુ પુંઠે ચાલ્યા અને પ્રભુ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા એટલે બુદ્ધિએ કરી પ્રભુના કર્ણમાંથી ખીલા કાઢ્યા. ખીલા કાઢતી વખતે પ્રભુને અસહ્ય વેદના થઇ, તેથી એક મોટી ચીસ પાડી. આવી રીતે દયાળુ શ્રી મહાવીર સ્વામિપર કષ્ટ પડતાં જોઇ કષ્ટિત થએલ, તથા પોતાનાં ઝરણુરૂપ લોચનવડે સજળ થએલ પર્વત, જગનાયકની ચીસ સાંભળી "જેમ કોમળ માણુસનું હ્દય ફાટે" તેમ ફાટી ગયો. અદ્યાપિ પણ તેજ સ્થળે બાંમણવાડ નામનું તિર્થ છે. પછી ઘા ઉપર ઔષધ લગાડી ગોપનાં કુકૃત્યને નિંદતા શેઠ તથા વૈદ્યરાજ સ્વસ્થાને ગયા. અનુક્રમે પોતાના કરેલ કાર્યના બદલામાં ગોપ નારકીનો, અને શેઠ તથા વૈદ્યરાજ બારમા દેવલોકના અધિકારી થયા.

આવાં અનેક કષ્ટો શ્રી વર્દ્ધમાનસ્વામિપર પડ્યાં, જેનું યથાર્થ વર્ણન તો કોઇ મહાત્મા કવિશ્વર હોય તેજ કદાપી કરી શકે. ચર્મ શરિરી, અનંત બળના ધણી, ધૈર્યવાન, દયાળુ, અને અપકાર બદલે ઉપકાર કરવાના વ્યસની, ત્રિલોકપતિ શ્રી વર્દ્ધમાનસ્વામિજ તે સહન કરી શકે. ધૈર્યતા તેમનેજ રહે. બીજો કોઇ હોય તો ક્રોધના વશ થઇ, અનંતા કર્મનો ફરીથી ભોક્તા થાય. અરે! આમાંથી લક્ષાંસ કષ્ટ પડતાંજ દેહ ત્યાગ કરે. એમ દયા અને ધૈર્યતા નામે બે ઉત્તમ–મોક્ષ નારીને આકર્ષણ કરનાર–લલચાવનાર સુંદરીઓથી શોભતા શ્રી વીરે બાર વરસ અને સાડા છ માસ સુધી ઘણા ઘોર પરિસહ સહન કર્યાં. ગમે તેવા કષ્ટ સમયે પણ તે બે સુંદરીઓનો સંગ નહીં છોડનાર જગત્નાથ પર શિવવધુ હવે મોહિત થઇ.

છદ્મસ્ત અવસ્થાનાં બાર વરસ અને સાડા છ માસ વ્યતિત થયા. તે છદ્મસ્ત અવસ્થામાં આપણે ઉપર વાંચી ગયા તે પ્રમાણે અનેક કષ્ટ સહન કરી શ્રી મહાવીરે કર્મ નિર્જરા કરી. કર્મ લેપ તુટ-

વાથી કેવળજ્ઞાનને સાથે લઇ વૈશાખ સુદ ૧૦ નો શુભ દિવસ આવ્યો. તે દિવસે કેવળજ્ઞાનરૂપ મુક્તાફળની શુભ માળા પ્રભુ કંઠે ધરવા ત્વરિત થઇ. વિજયા મુહુરત અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર શુભ કાર્યમાં સામેલ થયાં. શુભ ચંદ્રયોગ પણ સેવામાં હાજર થયો. વિવેકીજનોની માફક નમ્રતા ધારણ કરી, શ્રી મહાવીર પ્રત્યે નમસ્કાર કરતા સૂર્યથી પાછળનો શેષ દિવસ બાકી છે. આવા શુભ સમયે, જૈંભિક ગામના પાદરે, સરિતાના તીરપર શાલીવૃક્ષની છાયાયે, ગાય દહોવાના આસને બિરાજેલ શ્રી વીરને, શુકલધ્યાન ધ્યાવતાં મુક્તિસુંદરીયે શુભ કેવળજ્ઞાનરૂપ મુક્તાફળની માળા કંઠે આરોપણ કરી. પ્રભુનું કર્મ આચરણ તુટયું. જેના વડે લોકાલોકના ભાવ જણાય, જેની તુલ્યના જગમાં કોઇથીપણ ન થાય, અને જેનાવડે જીવ ત્રિલોકમધ્યે પુજ્યપણું પામે; એવાં કેવળજ્ઞાન અને કેવળદર્શન શ્રી મહાવીરસ્વામિને ઉપન્યાં.

પ્રકરણ ૨ જું.

(જેભિક ગામના પાદરે સમવસરણની રચના, પાવાપુરી નગરીએ સમવસરણની રચના, અગીઆર બ્રાહ્મણને બુઝવી શ્રી વીરે પોતાના ગણધર સ્થાપ્યા, સંઘની સ્થાપના, પ્રભુનું નિર્વાણ, પ્રભુની સંપદા, તથા તપનો વિસ્તાર, વિગેરે.)

પ્રભુ શ્રી મહાવીરસ્વામિને કેવળજ્ઞાન થયાની સર્વોત્કૃષ્ટ વધામણી ઇંદ્રને પોતાના આસને આવી. આ શુભ સમાચાર મળતાં તુરતજ ચોસઠ ઇંદ્રો પ્રભુ પાસે આવ્યા અને મહોત્સવ કરી જેંભિક ગામના પાદરે ત્રિગઢ સમવસરણની રચના કરી. વચ્ચે હિરા મણીથી શોભિત શુભ સિંહાસન મૂકયું. તે સિંહાસનપર અર્હન્ શ્રી મહાવીરસ્વામિ બિરાજ્યા, અને અમૃતસમાન સુંદર વાણી સુણવા આસપાસ દેવેંદ્રો બેઠા. થોડો વખત તે સ્થળે દેશના દીધા પછી શ્રી વીરે ત્યાંથી વિહાર કર્યો અને મધ્યમ પાવાપુરીએ પધાર્યા.

અહિં પાવાપુરીએ પણ ત્રિગઢ સમવસરણની

રચના દેવતાએ કરી, અને તેની મધ્યે જેનું તેજ જોઇ સૂર્ય પણ લજ્જાયમાન થાય, એવું તેજસ્વી સુંદર સિંહાસન મૂક્યું. પછી ભવિહિત કારણે દયાના સાગર શ્રી વર્દ્ધમાનસ્વામિ તેપર બિરાજ્યા, અને પાંત્રિશગુણે સંયુક્ત ધ્વનિથી દેશના દેવા લાગ્યા. દેવોએ અષ્ટ પ્રાતિહાર્ય પ્રગટ્યાં, અને ધીમે ધીમે વચનામૃતપાનના લોભી અને દેવોનાં ટોળે ટોળાં આવી સમવસરણમાં ભરાવા લાગ્યાં.

હવે સમવસરણથી કેટલેક દૂર સોમિલ નામનો એક બ્રાહ્મણ યજ્ઞ કરાવે છે, ત્યાં યજ્ઞ કરવા જેના હૃદયમાં અહંકારેજ વાસ કર્યો છે એવા અગિયાર પંડિત તથા બીજાપણ કેટલાક બ્રાહ્મણો આવ્યાછે. તે અગીઆરે પંડિતો અપૂર્ણ વિદ્યાના મદથી પોતાનામાં સર્વજ્ઞપણું સમજે છે, તે જાણે "અધુરો ઘડો છલકાય" એ કહેવત સાચીજ માનતા હોયની! વળી તે પંડિતો મધુર મોટા સ્વરે વેદના ઉચ્ચાર કરે છે તે જાણે, વર્ષાને સત્કાર કરવા મયૂર ટહુકતાં હોયની! એવી સુંદર ભ્રાંતિ ઉપજાવે છે.

આ અવસરે શ્રી મહાવીર સમવસરણે જવા માટે નભમંડળથી આવતા દેવોને તેમણે દેખ્યા,

તેથી સ્વદ્ધુનિથી મોહિત થઇ અમરો પોતાનીજ પાસે આવે છે એવું ધારી પંડિતો વધારે ગર્વે ભરાયા; પણ તે ગર્વ ઝાઝીવાર ન ટકયો. દેવો યજ્ઞમંડપ મૂકી આગળ વધ્યા, તે જોઇ "દેવો કયાં જતા હશે ? શું યજ્ઞમંડપના બદલે ભૂલથી તો આગળ નથી વધ્યા." વિગેરે ભ્રાંતિવિચારમાં તે પંડિતો ગોઠવાયા. એમ સર્વના મુખપર વિચારની ગંભિરતા જોઇ એક બ્રાહ્મણ કહેવા લાગ્યો કે, "અહિં એક ઇંદ્રજાળીધૂર્ત આવેલ છે, તે સર્વજ્ઞનો ડોર બતાવી સર્વ લોકોને ઠગે છે. વળી સર્વના મનના વિચાર પણ કહી લોકોને ભરમાવે છે." તેથી દેવો પણ ત્યાંજ જતા હશે.

આ વાત સાંભળી ઇંદ્રભૂતિ નામના એક પંડિતને વિશેષ ગર્વ આવ્યો. તેથી "અરે ! એ ઇંદ્રજાળીના શા ભાર છે ?" એમ ગર્વિષ્ટવચન કહી શ્રી વીરસમવસરણ તરફ તેમણે ગમન કર્યું. પણ જેમ જેમ સમવસરણ નજદિક આવતા ગયા, તેમ તેમ "હીરા આગળ કાચની માફક" તેમના વદનની શોભા ખસવા લાગી. અનુક્રમે તે શ્રી વીર

પાસે આવ્યા અને પ્રભુમુખ જોઇ સાનંદાશ્ચર્ય તથા સ્તબ્ધ થયા. પછી વિચાર કરવા લાગ્યા કે, "આતે હરીહર, કે બ્રહ્મા. શિવ, કૃષ્ણ કે રામચંદ્ર. આતે કોણ હશે.?" એવા અનેક વિચારમાં પંડિતજી ગુંચવાયા. આમ વિચારમાં સ્તબ્ધ થયેલ પંડિતને શ્રી વીરે તેનાં નામ અને ગોત્રપૂર્વક અમૃત સરખી મીઠીવાણીથી તેને બોલાવ્યો:-હે ગૌતમ ઇંદ્રભૂતિ! તું અત્રે ભલે આવ્યો. એવું તેમનું વચન સાંભળીને ઇંદ્રભૂતિ વિચારવા લાગ્યા કે, અરે! આ શું મારૂં નામ પણ જાણે છે!!! પણ ત્રણે જગતમાં વિખ્યાત એવું મારૂં નામ કોણ જાણતો નથી. કેમ કે સૂર્ય કંઇ બાલગોપાળથી પણ છાનો રહેતો નથી. માટે હવે જો મારા મનમાં ગુપ્ત રહેલા સંદેહને તે કહી આપે, તો હું તેમને સર્વજ્ઞ માનું; નહીંતર ન માનું. એવી રીતે વિચાર કરતા ઇંદ્રભૂતિને શ્રી વીર પ્રભુએ કહ્યું કે:-હે ઇંદ્રભૂતિ! તમારા મનમાં જીવનો સંશય કેમ છે? તમો વેદના પદના અર્થને સારી રીતે જાણતા નથી. હવે તેનો અર્થ હું કહું તે સાંભળો. પછી વીરપ્રભુએ કહેલો વેદનો ધ્વનિ, મથન

કરતા સમુદ્ર સરખો, અથવા ગંગાના પુર સરખો, અથવા આદિ બ્રહ્મના ધ્વનિ સરખો શોભતો હવો. તે વેદનાં પદો નિચે પ્રમાણેઃ—

"વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુંવિશ્યતિ ન પ્રેત્યસંજ્ઞાસ્તીતિ" તે પદોનો તું એવો અર્થ કરેછે કે, "વિજ્ઞાનઘન" એટલે ગમન આગમનની ચેષ્ટાવાળો આત્મા. "એતેભ્યો ભૂત્તેભ્યઃ" એટલે પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશથી મદ્યાંગથી મદશક્તિની પેઠે ઉત્પન્ન થઇને, તેઓમાંજ પાણીના પરપોટાની પેઠે પાછો લય થાય છે; માટે એવી રીતે પંચભૂતથી જૂદો આત્મા નહીં હોવાથી, તેનો પુનર્જન્મ નથી. પણ તે અર્થ અયુક્ત છે. તેનો ખરો અર્થ હવે તું સાંભળ. "વિજ્ઞાન" એટલે જ્ઞાન, દર્શનનાં ઉપયોગાત્મક વિજ્ઞાન. વળી આત્મા પણ ચિન્મય હોવાથી તેપણ "વિજ્ઞાનઘન" કહેવાય. કેમકે આત્માનાં દરેક પ્રદેશપ્રતે જ્ઞાનનાં અનંત પર્યાયો છે. એવો વિજ્ઞાનઘન અને ઉપયોગાત્મક આત્મા, કથંચિત્ ભૂતો થકી અથવા તે ભૂતોનાં વિકારરૂપ એવા ઘટાદિકથી ઉત્પન્ન થાય

છે. અર્થાત્ ઘટાદિકનાં જ્ઞાનથી પરિણુત એવો જે જીવનો ઉપયોગ તે હેતુભૂત એવા ઘટાદિકથીજ થાય છે. કેમકે ઘટાદિક જ્ઞાનનાં પરિણામમાં ઘટાદિક વસ્તુઓ સાપેક્ષ રહેલી છે. એવી રીતે ઘટાદિક વસ્તુઓથી તેનાં ઉપયોગપણાથી જીવ ઉત્પન્ન થઇને તેમાંજ લય થાય છે. એટલે તે ઘટાદિક વસ્તુઓનો નાશ હોતે છતે, તેનાં ઉપયોગપણાએ કરીને જીવ પણ નાશ થાય છે, અને બીજા ઉપયોગપણાઓએ કરીને પાછો ઉત્પન્ન થાયછે, અને સામાન્યરૂપપણાએ કરીને તે રહે છે; તેથી કરીને પ્રેત સંજ્ઞા નથી. એટલે તેને પેહેલાંની ઘટાદિકના ઉપયોગપણાની સંજ્ઞા હોતી નથી. કેમકે વર્તમાન ઉપયોગપણાથી તેની ઘટાદિક સંજ્ઞા નાશ પામેલી છે. વળી આ આત્મા જ્ઞાનમય છે, અને જે દમ, દાન, અને દયા એ ત્રણે દકાર જાણે તે જીવ, અને આ શરિર તો ચાવલ આદિકની પેઠે ભોગ્યવસ્તુ છે. તેમ વળી દૂધમાં જેમ ઘી, તલમાં જેમ તેલ, કાષ્ટમાં અગ્નિ, પુષ્પમાં સુગંધ તથા ચંદ્રકાંતમાં જેમ અમૃત રહેછે, તેમ આ આત્મા પણ શરીરમાં રહે છે. અને તે

શરીરથી જુદો છે. એવી રીતનાં પ્રભુનાં વચનથી નાશ થએલ છે સંદેહ જેમનો, એવા ઇંદ્રભૂતિએ પાંચસો શિષ્યોના પરિવારસહિત પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુએ તેમને ચારિત્રરૂપ રત્ન આપી ગણધરસ્થાને સ્થાપ્યા.

હવે અહીં લોકોના મુખથી અગ્નિભૂતિએ પોતાના ભાઇને દિક્ષીત થએલો જાણીને વિચાર્યું કે, અરે! તે ધૂર્તને જીતીને હમણાં હું મારા ભાઇને પાછો વાળી લાવું. એમ વિચારી તે પણ પ્રભુની સન્મુખ આવ્યો. તે પણ ઇંદ્રભૂતિની માફકજ સમવસરણને જોઇ તથા પછી શ્રીવીરમુખ જોઇ સાનંદાશ્ચર્ય પામ્યા. પ્રભુએ તેને પણ તેનાં ગોત્ર વિગેરે સહિત એવા નામથી બોલાવ્યો; તથા તેના મનમાં રહેલો સંદેહ પણ કહી સંભળાવ્યો, અને કહ્યું કેઃ— હે અગ્નિભૂતિ! તારા મનમાં કર્મનો સંદેહ કેમ છે? વેદના તત્વાર્થને તું હજી પ્રગટ રીતે જાણી શકયો નથી. તે વેદનું વાકય નિચે પ્રમાણે જાણવું.

“ પુરૂષ એ વેદગ્નિં સર્વં યદ્ભૂતં યચ્ચભાવ્યં ઇત્યાદિ ” આ વાકયનો તારા મનમાં એવો અર્થ

ભાસે છે કે, જે અતિત કાળમાં થએલું છે, તથા જે આગામી કાળમાં થવાનું છે, તે સઘળું "પુરૂષ એવ" આત્માજ છે. અહીં એવકાર કર્મ, ઇશ્વર આદિકનાં નિષેધ માટે છે. આવા અર્થથી જે મનુષ્ય, દેવ, તિર્યંચ, પર્વત, પૃથ્વી આદિક વસ્તુઓ દેખાય છે, તે સઘળું આત્માજ છે; અને તેથી કર્મનો નિષેધ પ્રગટજ છે. કેમકે અમૂર્ત એવા આત્મા સાથે મૂર્ત એવા કર્મનો સંઘટ્ટ શીરીતે થઇ શકે ? જેમ આકાશને ચંદન આદિકનું લેપન કરી શકાતું નથી, અથવા તેને તલવાર આદિકથી કાપી શકાતું પણ નથી; માટે કર્મ છેજ નહીં. એવો અર્થ તારા મનમાં છે. પણ હે અગ્નિભૂતિ! એ અર્થ વિપરીત છે. કેમકે વેદનાં તે પદો તો પુરૂષની સ્તુતિનાં છે. વેદનાં વાકયો ત્રણ પ્રકારનાં છે. કેટલાંક વિધીવાકયો છે; જેમકે સ્વર્ગની ઇચ્છા કરનાર પ્રાણીએ અગ્નિહોત્ર કરવું. વળી કેટલાંક વાકયો અનુવાદ સૂચવનારાં છે; જેમકે બાર માસનો એક સંવત્સર કહેવાય. અને કેટલાંક વાકયો સ્તુતિરૂપ છે; જેમકે આ ઉપરનુંજ તારા સંદેહવાળું વાકય.

આ વાકયથી વિષ્ણુનો મહિમા કહેલો છે, પણ અન્ય વસ્તુઓનો અભાવ કહ્યો નથી. કેમકે નહીંતર તો, " પુણ્યં પુણ્યેન કર્મણા, પાપં પાપેન કર્મણા " ઇત્યાદિક વેદનાં વાકયો નિરર્થક થાય. વળી અમૂર્ત એવા આત્માને મૂર્તિવંત એવા કર્મો સાથે કેમ સંઘટ થાય? તે કહેવું પણ અયુક્ત છે. કેમકે મૂર્તિવંત એવા મદ્યાદિકથી અમૂર્ત એવા જ્ઞાનનો ઉપઘાત થાયજ છે, અને બ્રાહ્મી આદિક ઔષધિથી તે જ્ઞાનનું પોષણ પણ થાય છે. વળી જો કર્મ ન હોય, તો એક સુખી, બીજો દુઃખી; એક શેઠ, બીજો ચાકર; ઇત્યાદિક જગતની વિચિત્રતા કેમ સંભવે? પ્રભુનાં તે વચનો સાંભળીને અગ્નિભૂતિનો સંશય પણ દૂર થયો, તેથી તેમણે પણ પોતાના પાંચસેં શિષ્યો સાથે દીક્ષા લીધી.

હવે તેઓ બંન્નેને દિક્ષીત થએલા જાણીને વાયુભૂતિએ વિચાર્યું કે, જે પ્રભુના ઇંદ્રભૂતિ અને અગ્નિભૂતિ શિષ્યો થયા, તે પ્રભુ તો મારે પણ પૂજનિક છે; માટે તેમની પાસે જઇ, હું પણ મારો સંશય દૂર કરૂં. એમ વિચારી તે પણ પ્રભુ પાસે આવ્યા.

હવે " તજ્જીવ તચ્છરીર " એવા સંદેહવાળા વાયુભૂતિ આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થોને સારી રીતે જાણી શકતો નથી. કેમ કે " વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્ય " ઇત્યાદિ પદો એ કરીને પંચભૂતોથી પ્રથક જીવ નથી, એમ ખાત્રી થાય છે. તથા " સત્યેન લભ્યસ્તપસાહ્યેષ બ્રહ્મચર્યેણ નિત્યં જ્યોતિર્મયોહિ શુદ્ધોયં પશ્યંતિ ધીરાયતયઃ સંયતાત્માનઃ ઇત્યાદિ " હવે તે વાકયો નો અર્થ નિચે પ્રમાણે છે.

આ જ્યોતિરૂપ તથા શુદ્ધ આત્મા, સત્ય, તપ, અને બ્રહ્મચર્યથી જણાય છે, તે પદોથી ભૂતોથકી પ્રથક્ એવા આત્માની પ્રતીતિ થાય છે; માટે તને જે સંદેહ છે કે, આ શરીર છે, તેજ આત્મા છે, કે કોઇ બીજો છે ? તે તારો સંદેહ દૂર થયો કારણ કે "વિજ્ઞાનઘન" ઇત્યાદિ પદોના અમોએ કહેલા અર્થો પ્રમાણે આત્માની સત્તા એટલે હોવાપણું પ્રગટજ છે. એવી રીતે તેમના સંશય દૂર કર્યા, તેથી તે વાયુભૂતિએ પણ પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

હવે પંચભૂતમાં સંદેહવાળા અવ્યક્ત નામના પંડિત આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થને જાણી શક્યો નથી. "સ્વપ્નોપમંવૈસકલં ઇત્યેષ બ્રહ્મવિધિ રંજસા વિજ્ઞેય" આ વાક્યને તારા મનમાં એવો અર્થ ભાસે છે કે, ખરેખર પૃથિવ્યાદિક આ સઘળું સ્વપ્ન સરખું એટલે અસત્ય છે, અને તેથી પંચભૂતોનો અભાવ છે. વળી "પૃથિવ દેવતા અપ દેવતા" ઇત્યાદિક વાક્યોથી ભૂતોનું છતાપણું જણાય છે; માટે તે બાબતનો તારા મનમાં સંદેહ છે, પણ તે અયુક્ત છે. કેમકે "સ્વપ્નોપમંવૈસકલં" ઇત્યાદિ પદો આત્મ સંબંધી ચિંતવનમાં, કનક કામિની આદિકોના સંયોગને અનિત્યપણું સૂચવનારાં છે. પણ તે કંઇ પંચભૂતોનો નિષેધ સૂચવનારાં નથી. એવી રીતે તેમનો સંશય દૂર કર્યો, તેથી તે અવ્યક્તજીએ પણ પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

પછી "જે જેવો તે તેવો" એવી રીતના સંદેહવાળા સુધર્મ નામના પંડિત આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે તું પણ વેદના અર્થને સારી રીતે જાણી

શકતો નથી. "પુરૂષો વૈ પુરૂષત્વમશ્નુતે પશવ પશુત્વં" ઇત્યાદિ પદો ભવાંતરનું સાદસ્યપણું સૂ-ચવનારાં છે, તથા "શૃગાલોવૈએષ જાયતે યઃસ-પુરીષોદહ્યતે" ઇત્યાદિ પદો તો વળી ભવાંતરમાં સાદસ્યપણું દેખાડનારાં નથી. ઇત્યાદિ તારા મન-માં સંદેહ છે, પણ તે વાકયોનો ખરો અર્થ હજુ તારા જાણવામાં આવ્યો નથી; કેમકે પુરૂષોવૈ પુરૂષ ત્વ મશ્નુતે" ઇત્યાદિક જે પદો છે, તેનો અર્થ તો એવો છે કે, કોઇક મનુષ્ય પણ માર્દવ આદિક ગુણો એ કરીને યુક્ત થયો થકો, મનુષ્ય સંબંધી આયુ-કર્મને બાંધીને પાછો પણ મનુષ્યપણાને પામી શકે; એવો અર્થ નિરૂપણ કરનારાં તે વાકયો છે. પણ મ-નુષ્ય તે મનુષ્યજ થાય, એવો નિશ્ચય બતાવનારાં તે વાકયો નથી. વળી તારા મનમાં એક એવી યુ-ક્તિ પણ ઠસેલી છે કે, મનુષ્ય કેવી રીતે પશુ થઇ શકે? કેમકે ચાવલના દાણા વાવ્યાથી કંઇ ઘઉં પેદા થતા નથી. પણ તારી તે યુક્તિ બરોબર નથી. કેમકે છાણ આદિકથી વીંછી આદિકની ઉત્પત્તિ થાય, અને એવી રીતે સાદશ્યપણું ઘટી શકતું ન-

થી. એવી રીતે સર્વ શ્રુતિયોનો અર્થ ભગવાને તેમને યથાર્થ સમજાવી તેમનો સંશય દૂર કર્યો. પછી તેમણે પોતાના પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

પછી "બંધ મોક્ષ છે કે નહિ" આ સંશય વાળા મંડિકપુત્ર આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, આ સંશય પણ વેદશ્રુતિયોથી વિરૂદ્ધ થયો હવો. તે શ્રુતિયો આ છે. "સ એષ વિગુણો વિભુર્ન બધ્યતે, શંસરતિ વા ન મુચ્યતે મોચયતિ વા, એષ બાહ્યમભ્યંતરં વાવેદ ઇત્યાદીનિ" આ શ્રુતિનો અર્થ તમારા મનમાં આ પ્રમાણે ભાસન થાય છે. આ જીવ સત્વાદિ ગુણરહિત સર્વગત સર્વવ્યાપી, તેને પુણ્ય પાપથી બંધ થતો નથી, અને સંસારમાં તે ભ્રમણ પણ કરતો નથી. કર્મોથી છુટતો નથી, અને બંધનો અભાવ હોવાથી બીજાઓને કર્મોથી છોડાવતો પણ નથી. આ પ્રમાણેના કથનથી આત્મા અકર્તા છે. તેજ ફરીથી બતાવે છે.—આ પુરૂષ પોતાના આત્માથી ભિન્ન મહત્ અહંકારાદિ, તેમજ અભ્યંતર એવું પોતાનું સ્વરૂપ જાણતો નથી; કારણ કે જાણવું તે જ્ઞાનથી થાય છે, અને જ્ઞાન, પ્ર-

કૃતિનો ધર્મ છે. પ્રકૃતિ અચેતન છે, તેથી બંધ મોક્ષ નથી. આ શ્રુતિનો બંધ મોક્ષનો અભાવ સિદ્ધ થાય છે. તેનાથી વિરૂદ્ધ શ્રુતિ આ છે. "નહિ વૈ શરીરસ્ય પ્રિયાપ્રિયયોરપહતિરસ્તિ અશરીરં વા પ્રસંતં પ્રિયા પ્રિયે નસ્પૃશત ઇત્યાદિનો" ભાવાર્થઃ- શરીર સહિતને સુખ દુઃખનો અભાવ કદાપિ થતો નથી. તાત્પર્ય એ છે કે, સંસારી જીવ સુખ દુઃખ થી રહિત થતો નથી, અને કારણના અભાવથી અમૂર્ત આત્માને સુખ દુઃખ સ્પર્શ કરી શકતા નથી. આ શ્રુતિથી બંધ મોક્ષ સિદ્ધ થાય છે. તથા તમારા મનમાં પણ એમ છે કે-યુક્તિથી પણ બંધ મોક્ષ સિદ્ધ થતા નથી. ઇત્યાદિ સંશયનો ભગવાને યથાર્થ ખુલાસો કરી તેમનો સંશય દૂર કર્યો. પછી મંડિત પુત્રે પણ પોતાના સાડાત્રણસો શિષ્યોની સાથે દીક્ષા લીધી.

હવે દેવ વિષયમાં સંદેહવાળા એવા મૌર્યપુત્ર નામના પંડિત આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થને સારી રીતે જાણી શક્યો નથી. "કોજાનાતિ માયોપમાન્ ગીર્વાણાનિંદ્રયમવરુણ

કુબેરાદીન્" એ પદોથી દેવોનો નિષેધ પ્રત્યક્ષ દેખાય છે, અને "સ એષ યજ્ઞાયુધી યજમાનોંઅંજસા સ્વર્લોકં ગચ્છતિ" એ પદથી દેવોનું હોવાપણું સિદ્ધ થાયછે. એવી રીતનો તારા મનમાં સંદેહ છે, પણ તે અયુક્ત છે. કેમકે આ પર્ષદામાં બેઠેલા દેવોને તો હું અને તું બન્ને પ્રત્યક્ષ રીતે જોઇએ છીએ. વળી વેદમાં જે "માયોપમાન્" એવું દેવોનું વિશેષણ કહ્યું છે, તેતો તેઓનું પણ અનિત્યપણું સૂચવનારૂં છે. એવી રીતે શ્રુતિયોનો યથાર્થ અર્થ સમજાવી શ્રી ભગવંતે તેમનો સંશય દૂર કર્યો. પછી તેમણે પોતાના સાડા ત્રણસો શિષ્યોની સાથે દીક્ષા લીધી.

પછી નારકીના સંબંધમાં સંદેહવાળા એવા અંકપિત નામના પંડિત આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થને સારી રીતે સમજી શક્યો નથી. "નહવૈ પ્રેત્યનરકે નારકાઃ સંતી" ઇત્યાદિ પદોથી નરકોનો અભાવ જણાય છે, અને "નારકોવૈએષ જાયતેયઃ શૂદ્રાન્નમશ્નાતિ" ઇત્યાદિ પદોથી નરકોનું હોવાપણું પ્રસિદ્ધ થાય છે; એવી રીતનો તારા મનમાં સંદેહ છે, પણ તેનો અર્થ એ-

વો છે કે, પરલોકમાં નારકીઓ મરીને નારકીઓ થતા નથી. અર્થાત્ મેરૂ આદિકની પેઠે નારકીઓ શાશ્વતા હોતા નથી, એવો તેનો અર્થ છે. પણ જેઓ પાપ આચરેછે, તેઓ નરકમાં જઇ ઉપજેછે. એવી રીતે શ્રુતિયોનો યથાર્થ અર્થ શ્રી ભગવંતે સમજાવી તેમનો સંશય દૂર કર્યો. પછી અંકપિતજીએ પોતાના ત્રણસો શિષ્યોની સાથે દિક્ષા લીધી.

પછી પુણ્યના સંબંધમાં સંદેહવાળા એવા અચલભ્રાતૃ આવ્યા, તેમને પણ પ્રભુએ કહ્યું કે, તું પણ વેદનો અર્થ હજુ બરાબર સમજતો નથી. તારો અર્થ પણ અગ્નિભૂતિના અર્થ જેવોજ જાણવો. એ રીતે તેમના સંશય ભગવંતે દૂર કર્યા, તેથી તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

પછી પરભવમાં સંદેહવાળા એવા મેતાર્ય નામના પંડિત આવ્યા, તેમને પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થને સારી રીતે સમજતો નથી. તારે પણ ઇંદ્રભૂતિને કહેલા અર્થ પ્રમાણે સંદેહને દૂર કરવો. એવી રીતે તેમના સંશય ભગવંતે દૂર કર્યા, તેથી તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સાથ દીક્ષા લીધી.

પછી નિર્વાણના વિષયમાં સંદેહવાળા છેલ્લા (અગીયારમા) પ્રભાસ નામના પંડિત આવ્યા, તેમને પણ પ્રભુએ કહ્યું કે, તું પણ વેદના અર્થને હજુ સુધી બરોબર સમજ્યો નથી. "જરામર્યં વાયદગ્નિહોત્ર" આ પદથી કરીને મોક્ષનો અભાવ જણાય છે; કેમકે જે અગ્નિહોત્ર છે, તે "જરામર્યં" કહેતાં હમેશાં કરવું, એમ કહ્યું છે; અને તેથી કરીને અગ્નિહોત્રનું હમેશાં કરવાનું પ્રતિપાદન કર્યું; પણ તે અગ્નિહોત્રની ક્રિયા તો મોક્ષનું કારણ થઇ શકતી નથી. કેમકે તેમાં કેટલાકનો વધ થાય છે, તો કેટલાકનો ઉપકાર થાય છે; અને મોક્ષસાધક એવાં અનુષ્ટાનો માટે કોઇ વખત કહેલો નથી; માટે મોક્ષ છેજ નહીં, એવું પ્રતીત થાય છે. તેમ વળી કહ્યું છે કે, "દ્વે બ્રહ્મણી વેદિતવ્યે" કહેતાં બે બ્રહ્મને જાણવાં. એક પર અને બીજું અપર. તેમાં પર એટલે સત્યજ્ઞાન અને અપર એવા શબ્દથી તો મોક્ષની પ્રતીતિ થાય છે. એવી રીતનો તારા મનમાં સંદેહ છે, પણ તે સંદેહ અયુક્ત છે. કેમકે અહીં "વા" શબ્દનો "અપિ" એવો અર્થ છે. એટલે જે કોઇ

સ્વર્ગાદિકનો અર્થી હોય, તેણે તો જાવોજીવ સુધી અગ્નિહોત્ર કરવું. અને જે નિર્વાણનો અર્થી હોય, તેણે તો અગ્નિહોત્ર છોડીને, નિર્વાણ સાધનની પણ ક્રિયા કરવી. પણ નિયમથી "અગ્નિહોત્ર કરવો" એવો શબ્દાર્થ કરવો નહીં. અને તેથી કરીને નિર્વાણ સાધક ક્રિયાનો પણ વખત જણાવ્યો. માટે નિર્વાણ તો છેજ. એવી રીતે શ્રુતિયોનો યથાર્થ અર્થ શ્રીભગવંતે સમજાવી તેમનો સંશય દૂર કર્યો. પછી પ્રભાસજીએ પોતાના ત્રણસો શિષ્યો સાથે દિક્ષા લીધી.

એમ અનુક્રમે અગીઆરે પંડિતો પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તે સર્વેના સંશય દૂર કરી ધર્મ શ્રદ્ધા કરાવી; તેથી તેઓએ પોતાના (૪૪૦૦) ચુમાલીસો શિષ્યોસહિત પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુએ તેમને ચારિત્રમુકુટ પહેરાવ્યો, અને ત્રિપદી આપી પોતાના ગણધરસ્થાને સ્થાપ્યા.

અહિં પ્રભુની પાંત્રિશગુણે સંયુક્ત મધુરધ્વનિથી પ્રતિબોધ પામી ચંદનબાળાએ દીક્ષા ગ્રહણ કરી. ચંદનાની પછવાડે અનેક નરનારીઓએ મોહ નરપતિને દેશવટો દીધો. અર્થાત્—ચારિત્ર ગ્રહ્યું. ઘણા

જનોએ શ્રાવકવ્રત લીધાં. કંઇક નારીયો શ્રાવિકા થઇ. એમ શ્રી વર્દ્ધમાનસ્વામિએ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એમ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી. પછી ત્યાંથી વિહાર કર્યો. અને અનેક દેશદેશાંતર ફરી પ્રાણિયોને પ્રતિબોધી, મહા ઉપગારીબીર્દના ધારક થયા. જેમ ચિંતામણી રત્ન કોઇને દરિદ્રી ન રાખે, તેમ શ્રી મહાવીર પણ જે તેમને મળ્યા તેમને શુભકાર્યમાં પ્રવર્ત્તવા ઉપદેશક રૂપ અમુલ્યરત્ન આપતાં ન સંકોચાયા. જરાપણ પાછા ન હઠ્યા. જેમ સૂર્ય લોકોને અજવાળુ આપી હર્ષિત કરે છે, તેમ ત્રિલોકભાનું શ્રી મહાવીરસ્વામિએ પણ ભવિલોકને ભવકૂપમાંથી કાઢી જ્ઞાનચક્ષુ આપી હર્ષિત કર્યા. દુષ્કાળરૂપ અગ્નિથી બળતા પ્રાણિઓને વર્ષા જેમ શિતળતા કરે છે, તેમ અર્હન્ શ્રી મહાવીરસ્વામિએ પણ કર્મરૂપ અગ્નિથી બળેલા જીવોને મહા મેઘરૂપ શિતળતા કરી.

એમ ઘણા સ્થળે ફરી ભવકૂપમાં ડૂબતા પ્રાણિઓને બહાર કાઢી છેલ્લું ચોમાસું મધ્યમ પાવાપુરીએ પ્રભુ ફરીથી પધાર્યા, અને ત્યાં પણ ઘણા

જીવોને પ્રતિબોધ્યા. એમ શુભકાર્યમાં દિવસો નિર્ગમન કરતાં અનુક્રમે આસો અમાવાશ્યાનો દિવસ આવી પહોચ્યો, તેવારે પોતાનો અંતસમય નજદિક જાણી, પોતાપર અતિ પ્રેમ ધરનાર, પ્રેમ બંધને બંધાઇ રહેલ, શ્રી ગૌતમસ્વામિને દેવશર્મા નામના કોઇ બ્રાહ્મણને પ્રતિબોધવા ત્યાંથી થોડેક દૂર મોકલ્યા. પછી સુવર્ણકમળે બિરાજેલ, ઘણા ભવ્ય જીવોને દયાએ કરી પ્રતિબોધ આપતા, અનેક રાજા, રાણા, શ્રાવક, શ્રાવિકાઓ, સાધુ સાધવીઓની મધ્યે બિરાજેલ શ્રી મહાવીરસ્વામિ આસો વદ અમાવાશ્યાની રાત્રીયે બહોતેર વર્ષની ઉમરે નિર્વાણ પામ્યા. જન્મ, જરા, તથા મૃત્યુથી મુકાણા. સિદ્ધ થયા. ઘણી મુદત થયાં રૂબરૂ મેળાપ કરવા ઇચ્છતી શિવનારીનું વિયોગ દુઃખ ટાળવા શ્રી સિદ્ધશિલાએ શ્રી મહાવીર પધાર્યા.

પ્રભુ નિર્વાણ જાણી મોહબંધને બંધાએલ લોકો કેટલોક વખત શોકસાગરમાં ડુબ્યા, પણ અંતે સૌએ મન વાર્યું. ભાવદીપક ગયા જાણી, તથા પ્રભુ જન્મ, જરા, અને મૃત્યુથી મુકાણા જાણી, પોતાના

અંતરંગ હર્ષે કરી દીપકપ્રમુખે લોકોએ દ્રવ્યઉદ્યોત કર્યો. અર્થાત્ દીવાળી કરી. અદ્યપી પણ તેજ તારીખે લોકો દીવાળી કરેછે.

હવે દેવશર્માને પ્રતિબોધવા ગયેલ ગૌતમસ્વામિ પ્રભાતે પાવાપુરી તરફ વળ્યા. આવતાં રસ્તામાં કેટલાક દેવોને શુન્ય ચિત્તે જોઇ, તેમણે ઉપયોગથી પ્રભુ નિર્વાણ જાણ્યું. આ દુઃખદાયક વાત જાણી ગુરૂ ગૌતમસ્વામિના કષ્ટનો પાર ન રહ્યો, અને વજર પ્રહારની માફક મુચ્છી પામી તેઓ તરત ધરણી પર ઢળી પડ્યા. પછી ઘણીવારે સચેત થઇ મોહવશે કહેવા લાગ્યાઃ—

" હે વીર! ત્રિલોક સૂર્ય તું અસ્ત થયો, હવે સત્યરૂપ અજવાળું કોણ આપશે? અહો નાથ! આપ વિના મિથ્યામતિરૂપ ઘુડનું જોર કોણ ઘટાડશે? અરે સ્વામિન્! ખરા વખતે મને આપનાથી આટલે દૂર શામાટે મોકલ્યો? શું મને એક શેવકને સાથે લઇ ગયા હોત તો તમારૂં મોક્ષનગર કાંઇ સંકડાઇ જાત? મહાત્મા પુરૂષો તો શેવકવિ

ણુ વિચરતાજ નથી, ત્યારે શું ? આપે તે રીત દૂર કરી ? કૃપાસાગર ! આતો એથી પણ ઉલટું થયું. સાથે લઇ જવું તો રહ્યું, પણ નજરેથીએ દુર કર્યો! હે નાથ ! મેં આવો આપનો શો અપરાધ કર્યો હતો ? એ પ્રકારે અતિશય વિલાપ કરવા લાગ્યા."

આ વખતે પંચમ કેવળજ્ઞાનરૂપ મુકતાફળની માળા ગૌતમસ્વામિના કંઠે આરોપણ કરવા શિવ સુંદરી ત્વરિત થઇ રહ્યાં છે, પણ મોહ અને શિવ નારીને રિપુપણું હોવાના લીધે, "શ્રી ગૌતમસ્વામિ મોહને દૂર કરે તો માળા આરોપું." આવો વિચાર કરતાં તે ઉભાંજ છે. પછી તરતજ મોહવશ થયેલ ગુરૂ ગૌતમસ્વામિએ જ્ઞાનનો ઉપયોગ કર્યો, અને કહેવા લાગ્યા કેઃ–"અહા ! મ્હારી આટલી બધી મોહપર પ્રીતિ શી ? વીર નિરાગીથી સ્નેહ શ્યો ? જગતમાં કોણે કોની સોબત કરી ? કોણ કોઇનું સગું થયું ? અરે ! હું શ્રી વીરના શીર નકામો દોષ દેઉં છું." એમ મોહનરપતિને વચનરૂપ શાટકાના મહારે કરી નીશ્રચ્છિ કાઢયો કે, તરતજ શિવવધુએ હર્ષિત થઇ, કરગ્રહિત માળા ગુરૂ કંઠે ઠવી.

અર્થાત્ પાંચમું કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુરૂ ગૌતમસ્વામિને ઉપન્યાં.

આવા શુભ સમાચાર મળવાથી લોકો હર્ષ કરી ગુરૂને વાંદવા આવ્યા, તેથી તે તિથિ પણ હર્ષ દાતા ગણાઇ.

શ્રી વીરનું નિર્વાણ સાંભળી નંદિવર્દ્ધન રાજા શોકસાગરમાં ડુબ્યા, અને વારંવાર રૂદન કરવા લાગ્યા; આમ શોકરાયના રાજ્યમાં સ્વબંધુને ફસાયેલ જાણી, નંદિવર્દ્ધનની ભગીનીએ તેમને જમવા નહોતર્યા. પછી ઘરે જમાડી ભાઇનો શોક મુકાવ્યો, તેથી તે તિથિનું નામ ભાઇબીજ થયું.

હવે પ્રભુ નિર્વાણની ખબર પડતાં તુરત ચોસઠ ઇંદ્રો આવ્યા, અને બાવના ચંદનવડે પ્રભુ દેહને અગ્નિસંસ્કાર કર્યો; પછી દાઢાદિક અમૂલ્ય રત્નો નિત્ય પૂજા માટે લીધાં, અને નંદિશ્વર દ્વીપે મહા મંગળકારી મહોત્સવ કરી સ્વસ્થાને ગયા.

શ્રી મહાવીરસ્વામિના ચૌદહજાર સાધુ, છત્રીસ હજાર સાધવી, એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકો, ત્રણ લાખ અઢારહજાર શ્રાવિકા, ત્રણશો ચૌદ પૂર્વધારી સાધુ, તેરસેં અવધિજ્ઞાની સાધુ, સાતસેં

વૈક્રિયલબ્ધિધારક, પાંચશેં વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાની, અને ચારસો વાદી; એ પ્રમાણે પરિવારની સંખ્યા છે.

શ્રી મહાવીરસ્વામિનું ત્રીશ વર્ષ ગ્રહસ્થાશ્રમ માં, બાર વર્ષ છદ્‌મસ્તપણામાં, અને ત્રીસ વર્ષ કેવળી. એમ બહોતેર વર્ષનું આયુષ જાણવું.

બાંધવો! પંચકલ્યાણક સહિત, અને કલ્યાણનુંજ કરવાવાળું, શ્રી મહાવીર તિર્થંકરનું ચરિત્ર વાંચો, સમજો, અને સાર ગ્રહો. દયા, દાન, શીલ, સત્ય, અને અચોરી એ પંચનો સંગ કરો. જન્મ, જરા, મૃત્યુથી રહિત સમભાવી, કુગતિમાં પડતા પ્રાણીને ધરી રાખનાર, અને દયા ધર્મના પરૂપક શ્રી મહાવીરસ્વામિને વંદો. અહો બાંધવો! જો કુગુરૂના પંજામાં સપડાયા હોય તો છૂટો, અને દયા ધર્મના પાળક સુગુરૂ પાસે ભાવો, અને વિતરાગોને નિશદિન વંદો, તેથીજ મોક્ષસુખ મળશે; તેજ દયાળુ દયા કરશે, અને તેજ તારક તારશે. વહાલા વિવેકી વાંચનાર! છેલ્લે મ્હારી એક વિનંતિ છે કે, મધુર સ્વર અને હૃદયભાવથી ઉત્સાહપૂર્વક કહો કે "શ્રી જૈનશાસન જયવંતુ વર્તો." તથાસ્તુ.

અર્હન્ શ્રી મહાવીરસ્વામિએ છદ્મસ્તપણે તપસ્યા કરી તેનું કોષ્ટક.

તપનાં નામ.	સંખ્યા	તેના દિવસ.	પારણાના દિવસ.
પૂર્ણ છમાસી	૧	૧૮૦	૧
પંચદીવસનૂન્ય છમાસી	૧	૧૭૫	૧
ચારમાસી	૯	૧૦૮૦	૯
ત્રણમાસી	૨	૧૮૦	૨
અઢીમાસી	૨	૧૫૦	૨
બેમાસી	૬	૩૬૦	૬
દોઢમાસી	૨	૯૦	૨
એકમાસી	૧૨	૩૬૦	૧૨
અર્ધમાસી	૭૨	૧૦૮૦	૭૨
અઠમ તપ	૧૨	૩૬	૧૨
છઠ તપ	૨૨૯	૪૫૮	૨૨૮
ભદ્ર પ્રતિમા	૧	૨	૧
મહાભદ્ર પ્રતિમા ...	૧	૪	૧
સર્વતોભદ્ર પ્રતિમા ...	૧	૧૦	૧
કુલ સરવાળો.	૧૪	૮૧૬૫	૩૫૦

શ્રી તપાગચ્છની ગુરૂઆવળી.

ખંડ ૩ જો.

પ્રકરણ ૧ લું.

શ્રી મહાવીર પ્રભુની ગાદી (પાટ) ઉપર શ્રી સુધર્માસ્વામિ બેઠા, ત્યાંથી લઇને વીસમા શ્રી માનતુંગસૂરિ સુધીનું વૃત્તાંત.

ભગવંત શ્રી મહાવીરસ્વામિ આયુષ્ય પૂર્ણ થયે પાવાપુરીમાં મોક્ષ પામ્યા, તેજ રાત્રિએ ઇંદ્રભૂતિ (ગૌતમસ્વામિ) ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ઇંદ્રોએ નિર્વાણમહોત્સવ કર્યો અને સુધર્માસ્વામિને શ્રી મહાવીરસ્વામિની ગાદીઉપર સ્થાપન કર્યા. શ્રી ગૌતમસ્વામિને ગાદીઉપર સ્થાપન ન કર્યા, તેનું કારણ એ છે કે, કેવળજ્ઞાની પુરૂષ કોઇ ગાદીપતિ થઇ શકતો નથી; કારણકે કેવળીતો તેમને જે કાંઇ પૂછવામાં આવે, તેનો ઉત્તર પોતા-

ના જ્ઞાનથીજ આપે છે; પરંતુ એમ કહેતા નથી કે, હું અમુક તિર્થંકરના કથન મુજબ કહું છું; તે કારણથી-કેવળજ્ઞાની ગાદીપતિ થતા નથી. જો ગાદીપતિ થાય તો તિર્થંકરના શાસનનો લોપ થાય; તે કદાપિ થતું નથી; કારણ કે અનાદિ રીતીને કેવળી કેમ ઉત્થાપન કરે ? તેજ કારણથી શ્રી ગૌતમ સ્વામિ ગાદીપતિ થયા નહીં, અને શ્રી સુધર્માસ્વામિને ગાદી ઉપર બિરાજમાન કરવામાં આવ્યા.

૧ શ્રી સુધર્માસ્વામિ પચાસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, ત્રીસ વર્ષ સુધી શ્રી મહાવીર ભગવંતની ચરણસેવામાં રહ્યા, શ્રી ભગવંતના નિર્વાણ પછી બાર વર્ષ સુધી છદ્મસ્થા રહ્યા, અને આઠ વર્ષ કેવળીપર્યાય પાળી મોક્ષે ગયા. ભગવંત શ્રી મહાવીરસ્વામિ પછી શ્રી ગૌતમસ્વામિ કેવળજ્ઞાન પામી બાર વર્ષ જીવતા રહ્યા. શ્રી ગૌતમસ્વામિના નિર્વાણ પછી શ્રી સુધર્માસ્વામિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. શ્રી સુધર્માસ્વામિનું આયુષ્ય (૧૦૦) એકસો વર્ષનું હતું. તેઓ શ્રી મહાવીરસ્વામિ પછી વીસ વર્ષે મોક્ષે ગયા.

૨ શ્રી સુધર્માસ્વામિની પાટઉપર શ્રી જંબૂ-સ્વામિ બેઠા. તેઓ રાજગૃહનગરનિવાસી શ્રી રીષભદત્ત શેઠની ધારણી નામની સ્ત્રીના કૂખથી જન્મ્યા હતા; તેઓએ નવાણું ક્રોડ સોનૈયા તથા આઠ સ્ત્રીઓનો ત્યાગ કરી દિક્ષા લીધી હતી. શ્રી જંબૂ-સ્વામિ સોળ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, વીસ વર્ષ વ્રતપર્યાય અને ચુમ્માલીસ વર્ષ કેવળપર્યાય પાળી શ્રી વીરના નિર્વાણ પછી ચોસઠમે વર્ષે મોક્ષે ગયા.

શ્રી જંબૂસ્વામિ પછી ભરતક્ષેત્રમાં દસ બાબતો વિચ્છેદ ગઇ, તેનાં નામ. ૧ મનઃપર્યાયજ્ઞાન, ૨ પરમવિધિજ્ઞાન, ૩ પુલાકલબ્ધિ, ૪ આહારકશરીર, ૫ ક્ષપકશ્રેણિ, ૬ ઉપશમશ્રેણિ, ૭ જિનકલ્પિ મુનીની રીતિ, ૮ પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, સુક્ષ્મ સંપરાય ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર, ૯ કેવળ જ્ઞાન અને ૧૦ મોક્ષપ્રાપ્તિ. શ્રી મહાવીરસ્વામિ કેવળજ્ઞાન પામ્યા પછી ચૌદ વર્ષે જમાલી નામનો પ્રથમ નિન્હવ થયો અને સોળ વર્ષે તિષ્યગુપ્ત નામનો બીજો નિન્હવ થયો. શ્રી જંબૂસ્વામિનું આયુષ્ય (૮૦) એંશી વર્ષનું હતું.

૩ શ્રી જંબુસ્વામિની પાટઉપર શ્રી પ્રભવાસ્વામિ બેઠા. તેમની ઉત્પત્તિ આ પ્રમાણે છેઃ—વિંધ્યાચળ પર્વત નજીક જયપુર નામનું નગર હતું, તેનો વિંધ્ય નામનો રાજા હતો, તેને બે પુત્ર થયા, એક મોટોપ્રભવ અને બીજો નાનોપ્રભવ. હવે મોટોપ્રભવ કોઇ કારણસર ગુસ્સે થઇ જયપુર નગરથી બહાર નિકળી વિંધ્યાચળની વિષમ જગામાં ગામ વસાવી રહેવા લાગ્યો, અને ચોરી, રસ્તાની લૂંટ, ધાડચોરી, જબરીથી પકડવું, વિગેરે કૃત્યો કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. એકદા પાંચસો ચોરનો સમુદાય લઇ રાજગૃહ નગરમાં જંબુજીનું ઘર લૂંટવા આવ્યો. આ વખતે જંબુસ્વામિએ તેને પ્રતિબોધ કર્યો; તે પ્રતિબોધથી તેણે પાંચસેં ચોરોની સાથે જંબુસ્વામિ સહવર્તમાન દિક્ષા લીધી. પ્રભવસ્વામિ ત્રીસવર્ષ ગૃહસ્થાપર્યાય, ચુમ્માલીસ વર્ષ વ્રતપર્યાય અને અગીઆર વર્ષ યુગપ્રધાન પદ્દવી. એ રીતે સર્વ આયુ પંચાસી વર્ષનું ભોગવી શ્રી મહાવીરસ્વામિ પછી પંચોતેર વર્ષે સ્વર્ગે ગયા.

૪ શ્રી પ્રભવસ્વામિની પાટઉપર શ્રી શિય્યંભવસ્વામિ બેઠા. જેઓએ મનક સાધુ વાસ્તે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી. તેમની ઉત્પત્તિ આ પ્રમાણે છેઃ—

એકદા પ્રસ્તાવે શ્રી પ્રભવસ્વામિને રાત્રીનો વિચાર થયો કે મારી પાટઉપર કોણ બેસશે ? એવું જ્ઞાનબળથી વિચારતાં સર્વ સંઘમાં પોતાની પાટ યોગ્ય કોઇ દેખવામાં આવ્યું નહીં, તેથી પરદર્શન વાળાઓ તરફ જ્ઞાનબળથી દેખવા લાગ્યા. અનુંક્રમે તેમણે રાજગૃહ નગરમાં શિય્યંભવભટ્ટને યજ્ઞ કરતાં થકાં પોતાની પાટ યોગ્ય દીઠા. તેવારે તત્કાળ પ્રભવસ્વામિ વિહાર કરી સપરિવાર રાજગૃહ નગરમાં આવ્યા, અને પોતાના બે સાધુને આદેશ કર્યો કે તમે યજ્ઞસ્થાનમાં જઇ ભિક્ષા વાસ્તે ધર્મલાભ કહો, અને યજ્ઞ કરનારાઓને આ પ્રમાણે કહો.— “ અહો કષ્ટ મહોકષ્ટં તત્ત્વં વિજ્ઞાયતે નહિં ” પછી બંન્ને સાધુએ ગુરૂના આદેશ મુજબ પુર્વોક્ત સર્વ કર્યું. જ્યારે બ્રાહ્મણોએ “ અહો કષ્ટં ” ઇત્યાદિ શ્રવણ કર્યું, તે વખતે યજ્ઞવાડામાં શિય્યંભવ ભટ્ટ

હ્માણુને યજ્ઞદીક્ષા લેવાની હતી, તેથી તેઓ યજ્ઞ વાડાના દરવાજામાં ઉભા હતા; તેમણે પણ મુનિયોનું "અહો કષ્ટં" ઇત્યાદિ શ્રવણ કર્યું. તેથી તત્કાળ તેઓ વિચારવા લાગ્યા કે, આવા ઉપશમ પ્રધાન સાધુ કદાપિ અસત્ય બોલતા નથી. આથી તેમના મનમાં સંશય થયો, તેથી ઉપાધ્યાયને પુછયું કે તત્ત્વ શું છે? તેવારે ઉપાધ્યાયજીએ કહ્યું કે, ચાર વેદમાં જે કથન કરેલ છે તેજ તત્ત્વ છે, વેદ ઉપરાંત બીજું તત્ત્વ નથી. ત્યારે શિય્યંભવે કહ્યું કે, તમે દક્ષણાના લોભથી મને તત્ત્વ બતાવતા નથી. વળી રાગ દ્વેષરહિત, નિર્મમ, નિઃપરિગ્રહ, શાંત, દાંત, મહંત એવા મુનિયોનું કથન કદાપિ અસત્ય હોતું નથી; તેથી હવે તમે મારા ગુરૂ નથી. તમે તો જન્મથી જગત્‌ને ઠગવાની બાજી રચી બેઠા છો, માટે શિક્ષાયોગ્ય છો; વાસ્તે કાંતો મને તત્ત્વ બતાવો? અને તેમ નહીં કરશો તો તલવારથી હું તમારૂં શિરચ્છેદ કરીશ. એમ કહેતાંજ અત્યંત ક્રોધના આવેશમાં આવી જવાથી મિયાનમાંથી તરવાર બહાર કાઢી. આ વખતે ઉપાધ્યાયે પ્રાણાંત

કષ્ટ દેખી કહ્યું કે, અમારા વેદોમાં પણ એમજ ઉલ્લેખ છે, તથા અમારી આમ્નાય પણ એવી છે કે જ્યારે કોઇ અમારૂં શિરચ્છેદ કરવા આવે, ત્યારેજ તત્ત્વ કહેવું; અન્યથા નહીં. તેથી હવે હું તમને તત્ત્વ કહું છું.

આ યજ્ઞસ્થંભની નિચે અર્હંતની પ્રતિમા સ્થાપન કરેલી છે, અને તેની પ્રછન્ન રીતે નિચેજ પૂજા કરવામાં આવેછે, તેના પ્રભાવથી યજ્ઞનાં સર્વ વિઘ્નો દૂર થઇ જાય છે. જો યજ્ઞસ્થંભની નિચે અર્હંતની પ્રતિમા ન રાખવામાં આવે તો મહાતપા સિદ્ધપુત્ર તથા નારદ આ બંન્ને યજ્ઞને વિધ્વંશ કરી નાંખેછે. પછી ઉપાધ્યાયજીએ સ્થંભ ઉખેડી અર્હંતની પ્રતિમા બતાવી, અને કહ્યું કે, આ પ્રતિમા જે દેવની છે, તે દેવ, શ્રી અર્હંતનો કથન કરેલો ધર્મ, જીવદયારૂપ તત્ત્વ છે; અને આ જે વેદપ્રતિપાદ્ય યજ્ઞ છે, તે સર્વ હિંસાત્મકરૂપ હોવાથી વિડંબનારૂપ છે; પરંતુ શું કરીયે ? જો અમે એમ ન કરીએ તો અમારી આજીવિકા ચાલતી નથી. હવે તું તત્ત્વ સમજી લે, અને મને છોડી દે તથા પરમાર્હત થઇ

જા. કારણ કે મેં તને મારા પેટને વાસ્તે બહુ દિવસ રખડાવ્યો છે. પછી ગુરૂનું અંતઃકરણ શુદ્ધ થયેલું જાણી શિય્યંભવે તેને નમસ્કાર કર્યા, અને કહ્યું કે યથાર્થ તત્ત્વનો પ્રકાશ કરવાથી તમે હવે સાચા ઉપાધ્યાય છો. એમ કહી તુષ્ટમાન થઇ યજ્ઞની સર્વ સામગ્રી સુવર્ણ પાત્રાદિ શિય્યંભવે ઉપાધ્યાયને આપી દીધી, અને પ્રભવસ્વામિ પાસે જઇ તત્ત્વનું સ્વરૂપ પૂછી દીક્ષા લીધી. શિય્યંભવસ્વામિ અઠ્ઠાવીસ વર્ષ ગૃહસ્થાવાસ, અગીઆર વર્ષ સામાન્ય સાધુ અને તેત્રીસ વર્ષ યુગપ્રધાનાચાર્યપદવી. એમ સર્વ આયુ બાસઠ વરસનું ભોગવી શ્રી મહાવીર ભગવંત પછી અઠ્ઠાણું વરસે સ્વર્ગે ગયા.

૫ શ્રી શિય્યંભવસ્વામિની પાટઉપર યશોભદ્રસ્વામિ બેઠા. તે બાવીશ વરસ ગૃહસ્થાવાસ, ચૌદ વરસ વ્રતપર્યાય અને પચાસ વરસ યુગપ્રધાન પદવી. એમ સર્વ આયુ છાશી વરસનું ભોગવી શ્રી મહાવીર પછી (૧૪૮) વરસે સ્વર્ગે ગયા.

૬. શ્રી યશોભદ્રસ્વામિની પાટઉપર એક સંભૂતવિજય અને બીજા ભદ્રબાહુસ્વામિ, આ બંને

બેઠા. સંભૂતવિજયજી બેંતાલીસ વરસ ગૃહસ્થાવાસ, ચાલીસ વરસ વ્રતપર્યાય અને આઠ વરસ યુગપ્રધાન. એમ સર્વ આયુ નેવું વરસનું ભોગવી સ્વર્ગે ગયા. શ્રી ભદ્રબાહુસ્વામિએ ૧ આવશ્યક નિર્યુક્તિ, ૨ દશવૈકાલિક નિર્યુક્તિ, ૩ ઉત્તરાધ્યન નિર્યુક્ત, ૪ આચારાંગ નિર્યુક્તિ, ૫ સૂત્રકૃતાંગ નિર્યુક્તિ, ૬ સૂર્યપ્રજ્ઞાપ્તિ નિર્યુક્તિ, ૭ રીષિભાષિત નિર્યુક્તિ, ૮ કલ્પ નિર્યુક્તિ, ૯ વ્યવહાર નિર્યુક્તિ અને ૧૦ દશા નિર્યુક્તિ. આ દશ નિર્યુકિતયો. તથા ૧ કલ્પ, ૨ વ્યવહાર અને ૩ દશાશ્રુતસ્કંધ. આ ત્રણ નવમા પૂર્વમાંથી ઉદ્ધાર કરી બનાવ્યા. વળી ભદ્રબાહુસંહિતા નામનું અતિ વિસ્તારવાળું જ્યોતિષશાસ્ત્ર બનાવ્યું, તથા ઉપસર્ગહરસ્તોત્ર બનાવ્યું. એવી રીતે જૈનમતવાળાઓ ઉપર બહુજ ઉપકાર કર્યો. ભદ્રબાહુસ્વામિને વરાહમિહિર નામના એક સગા ભાઇ હતા, તે પ્રથમ તો જૈનમતના સાધુ થયા હતા, પણ પછી સાધુપણું તજી દીધું. તેમણે વરાહીસંહિતા બનાવી. વિક્રમાદિત્યની સભામાં જે વરાહમિહિર પંડિત હતા, તે બીજા વરાહમિહિર થયા છે.

સંહિતાકારક તે નહીં. શ્રી ભદ્રબાહુસ્વામિ પીસતાલીસ વર્ષ ગૃહસ્થાવાસ, સત્તર વર્ષ વ્રતપર્યાય અને ચૌદ વર્ષ યુગપ્રધાન. એમ સર્વ આયુ છોતેર વર્ષનું ભોગવી શ્રી મહાવીર પછી (૧૭૦) વરસે સ્વર્ગે ગયા.

૭ શ્રી સંભુતવિજય તથા શ્રી ભદ્રબાહુસ્વામિની પાટઉપર શ્રી સ્થૂલભદ્રસ્વામિ બેઠા. ૧ પ્રભવસ્વામિ, ૨ શિય્યંભવસ્વામિ, ૩ યશોભદ્રસ્વામિ, ૪ સંભૂતવિજય, ૫ ભદ્રબાહુસ્વામિ, અને ૬ સ્થૂલભદ્ર. આ છ આચાર્યો ચૌદપૂર્વના વેત્તા હતા. શ્રી સ્થૂલભદ્રજી ત્રીસ વરસ ગૃહસ્થાવાસ, ચોવીસ વર્ષ વ્રતપર્યાય અને પીસતાલીસ વરસ યુગપ્રધાન પદવી. એમ સર્વ આયુ નવાણું વરસનું ભોગવી શ્રી મહાવીર પછી (૨૧૫) વરસે સ્વર્ગે ગયા. શ્રી મહાવીર પછી બસેં ચૌદ વરસે આષાઢ આચાર્યનો શિષ્ય ત્રીજો નિન્હવ થયો.

સ્થૂલિભદ્રજીના વખતમાં નવનંદોનું (૧૫૫) વરસનું રાજ્ય ઉત્થાપી ચાણાકય બ્રાહ્મણે ચંદ્રગુપ્ત રાજાને રાજયસિંહાસન ઉપર બેસાડયો. ચંદ્રગુપ્ત-

ના વંશજોએ (૧૦૮) વરસ સુધી રાજ્ય કર્યું. ચંદ્રગુપ્તના પિતાનું નામ મોરપાલ હતું, તેથી ચંદ્રગુપ્તનો મૌર્યવંશ કહેવાય છે. ચંદ્રગુપ્ત જૈનમતી શ્રાવક રાજા હતો.

શ્રી સ્થૂલભદ્રસ્વામિ પછી ઉપરના ચાર પૂર્વ, પ્રથમ સંહનન, પ્રથમ સંસ્થાન વિચ્છેદ થઇ ગયાં. શ્રી મહાવીર પછી (૨૨૦) વરસે અશ્વમિત્ર નામનો ચોથો ક્ષણિકવાદી નિન્હવ થયો. શ્રી સ્થૂલભદ્રજીના વખતમાં બાર વરસનો દુકાળ પડયો, ત્યારે ચંદ્રગુપ્તનું રાજ્ય હતું; તથા શ્રી મહાવીર પછી (૨૨૮) વરસ વિત્યા બાદ ગંગ નામનો પાંચમો નિન્હવ થયો.

૮ શ્રી સ્થૂલભદ્રજી પછી તેમના બે શિષ્યો એક આર્યમહાગિરિ તથા બીજા સુહસ્તિસૂરિ આઠમી પાટ ઉપર બેઠા. આર્યમહાગિરિના શિષ્ય ૧ બકુલ, ૨ બલિસ્સહ. બલિસ્સહના શિષ્ય શ્રી ઉમાસ્વાતિજી થયા. જેમણે તત્ત્વાર્થાદિ સૂત્રની રચના કરી. ઉમાસ્વાતિજીના શિષ્ય શ્યામાચાર્ય, તેમણે પન્નવણાસૂત્રની રચના કરી. આ શ્યામાચાર્ય શ્રી મહાવીર

પછી ત્રણસો છોતેર વર્ષે સ્વર્ગે ગયા. આર્યમહાગિરિજી ત્રીસ વરસ ગૃહસ્થાવાસ, ચાલીસ વરસ વ્રતપર્યાય અને ત્રીસ વરસ યુગપ્રધાન પદવી. એમ સર્વ આયુ એકસો વરસનું ભોગવી સ્વર્ગે ગયા.

શ્રી સુહસ્તિ આચાર્ય ત્રીસ વરસ ગૃહસ્થાવાસ, ચોવીસ વરસ વ્રતપર્યાય, અને છેતાલીસ વરસ યુગ પ્રધાન પદવી. એમ સર્વ આયુ એકસો વરસનું ભોગવી શ્રી મહાવીર પછી (૨૯૧) વર સ્વર્ગે ગયા.

૯ શ્રી સુહસ્તિસૂરિની પાટઉપર શ્રી સુસ્થિત સૂરિ તથા સુપ્રતિબદ્ધસૂરિ નામના બે શિષ્યો બેઠા. તેઓએ ક્રોડોવાર સૂરિમંત્રનો જાપ કર્યો, તેથી ગચ્છનું નામ શ્રી સંઘે કોટિક રાખ્યું. શ્રી સુધર્માસ્વામિથી આઠ પાટ સુધી તો અણગાર, નિર્ગ્રંથગચ્છ નામ હતું. બીજું નામ કોટિક થયું.

૧૦ શ્રી સુસ્થિતસૂરિની પાટઉપર શ્રી ઇંદ્રદિન્ન સૂરિ થયા. ૧૧ શ્રી ઇંદ્રદિન્નસૂરિની પાટઉપર શ્રી દિન્નસૂરિ બેઠા. ૧૨ શ્રી દિન્નસૂરિની પાટઉપર શ્રી સિંહગિરિસૂરિ બેઠા. ૧૩ શ્રી સિંહગિરિજીની પાટ ઉપર શ્રી વજ્રસ્વામિ બેઠા.

શ્રી વજ્રસ્વામિ બાલ્યાવસ્થાથી જાતિસ્મરણ જ્ઞાનવાળા હતા. તેઓને આકાશગામિની વિદ્યા પણ હતી. તેઓએ બીજા બાર વરસી દુકાળમાં સંઘનું રક્ષણ કર્યું; વળી દક્ષિણમાં બૌદ્ધોના રાજ્યમાં શ્રી જિનેદ્રપૂજા વાસ્તે પુષ્પો પણ તેમને લાવી આપ્યાં, અને બૌદ્ધરાજાને જૈનમતી બનાવ્યો. વજ્રસ્વામિ દશપૂર્વધર હતા, જેનાથી વજ્રશાખા ઉત્પન્ન થઇ. શ્રી વજ્રસ્વામિ શ્રી મહાવીર પછી ચારસો છન્નું વરસે વિક્રમાદિત્યના સંવત ૨૬ માં જનમ્યા. આઠ વરસ ઘરમાં રહ્યા, ચુમ્માલીસ વરસ સાધુ અને છત્રીસ વરસ યુગપ્રધાનપદવી એમ સર્વ આયુ અઠાશી વરસનું ભોગવી સ્વર્ગે ગયા. આ આચાર્યના સમયમાં જાવડશાહ શેઠે શ્રી શેત્રુંજય તીર્થઉપર સંવત (૧૦૮) માં તેરમો ઉદ્ધાર કર્યો, તે વખતે શ્રી વજ્રસ્વામિએ પ્રતિષ્ટા કરી હતી. શ્રી વજ્રસ્વામિ શ્રી મહાવીરસ્વામિ પછી (૫૦૪) વરસે સ્વર્ગે ગયા. તેમના વખતમાં દસમું પૂર્વ, ચોથું સંહનન, અને ચોથું સંસ્થાન વિચ્છેદ ગયાં.

૧૪ શ્રી વજ્રસ્વામિની પાટઉપર શ્રી વજ્રસેન

સુરિ બેઠા, તેઓ દુકાળમાં શ્રી વજ્રસ્વામિના આદેશથી સોપારકપત્તનમાં ગયા. તે નગરમાં જિનદત્ત નામના શેઠના ઘરમાં ઇશ્વરી નામની તેની પત્નીએ લાખ રૂપૈયા ખરચી અન્નની એક હાંડી રાંધવા ચડાવી હતી, તેમાં ઝેર નાંખવા જતી હતી; કારણ કે તેઓએ ધાર્યું કે અન્ન તો મળતું નથી અને દુકાળ મટાડવાનો નથી; તેથી ઝેર ખાઇ ઘરના સર્વ આદમીઓએ મરવાનો નિશ્ચય કર્યો હતો. તે અવસરે શ્રી વજ્રસેનસુરિ તે સ્થળે આવી પહોચ્યા, તેઓને તેમણે કહ્યું કે તમે ઝેર ખાશો નહીં, આવતી કાલે સુકાળ થઇ જશે; તે ઉપરથી તેઓએ ઝેર ખાધું નહીં. પછી શ્રી ગુરૂના વચન મુજબ સુકાળ થયો, અને શેઠના ચારે પુત્રોએ દીક્ષા લીધી. તેઓનાં નામ. ૧ નાગેંદ્ર, ૨ ચંદ્ર, ૩ નિવૃત, ૪ વિદ્યાધર. તે ચારેથી સ્વસ્વ નામનાં ચાર કૂળ થયાં. શ્રી વજ્રસેનસુરિ નવ વરસ સુધી ગૃહસ્થાવાસમાં રહ્યા, (૧૧૬) વરસ સુધી સાધુપર્યાય અને ત્રણ વરસ સુધી યુગપ્રધાન પદવી. એમ સર્વ આયુ (૧૨૮) વરસનું ભોગવી શ્રી મહાવીરથી (૬૨૦) વરસ પછી સ્વર્ગે ગયા. શ્રી વજ્રસ્વામિ અને શ્રી વજ્રસેનસુરિની

વચમાં શ્રી આર્યરક્ષિતસુરિ તથા શ્રી દુર્બલિકાપુષ્પ સૂરિ આ બે યુગપ્રધાનો થયા. શ્રી મહાવીરથી (૫૮૪) વરસ પછી સાતમો નિન્હવ થયો, તથા શ્રી મહાવીરથી (૬૦૯) વરસ પછી શ્રી કૃષ્ણસુરિનો શિષ્ય શિવભૂતિ નામનો હતો, તેણે દિગંબર મત ચલાવ્યો.

૧૫ શ્રી વજ્રસેનસુરિની પાટઉપર શ્રી ચંદ્રસુરિ બેઠા. તેમના નામથી ગચ્છનું નામ પણ ચંદ્રગચ્છ થયું. ૧૬ શ્રી ચંદ્રસુરિની પાટઉપર શ્રી સામંતભદ્રસુરિ થયા. તેઓ પૂર્વગત શ્રુતના જ્ઞાતા હતા, અને વૈરાગ્ય રંગથી રંગાયા હતા; વળી જંગલમાં રેહેતા હતા; તેથી લોકોએ ચંદ્રગચ્છનું નામ વનવાસી ગચ્છ રાખ્યું. ૧૭ શ્રી સામંતભદ્રસુરિની પાટઉપર શ્રી વૃદ્ધદેવસુરિ થયા, તથા શ્રી મહાવીરથી (૫૯૫) વરસ પછી કોરંટ નગરના નાહડ નામના મંત્રીયે સત્યપુરમાં જિનમંદિર બંધાવ્યું, તેમાં શ્રી મહાવીરસ્વામિની પ્રતિમાની પ્રતિષ્ટા શ્રી જજ્જકસુરિએ કરી. તે પ્રતિમા "જયઉવીર સચ્ચઉરિ મંડણ" કહેવાય છે. ૧૮ શ્રી વૃદ્ધદેવસુરિની પાટઉપર શ્રી પ્રદ્યોતસુરિ થયા.

૧૯ શ્રી પદ્યોતસુરિની પાટઉપર શ્રી માનદેવસુરિ

થયા. તેમના સુરિપદ સ્થાપનાવસરે બંન્ને સ્કંધોઉપર સરસ્વતિ અને લક્ષ્મી સાક્ષાત્ દેખી આ મહાનૂપુરૂષ ચારિત્રથી ભ્રષ્ટ થઇ જશે, એવા વિચારથી ખિન્નચિત્તવાળા ગુરૂને દેખી, તેમણે ગુરૂની પાસે એવો નિયમ કર્યો કે, ભક્તિવાળા ગૃહસ્થના ઘરની ભિક્ષા લેવી નહીં; તથા દુધ, દહીં, ઇત્યાદિ છએ વિગયનો ત્યાગ કર્યો. આ પ્રમાણે તેમના તપના પ્રભાવથી નડોલપુરમાં (પાલીની પાસેના ગામમાં) ૧ પદ્મા, ૨ જયા, ૩ વિજ્યા, અને ૪ અપરાજીતા. આ ચારે દેવીઓ તેમની શેવા કરતી હતી, તે દેખી કેટલાએક મૂર્ખ લોકો કહેવા લાગ્યા કે, આ આચાર્ય સ્ત્રીસંગ કેમ કરે છે? તે પ્રમાણે બોલનારાઓને તે દેવિઓએ શિક્ષા કરી. તેમના વખતમાં તિક્ષિલા (ગજની) નગરીમાં બહુ શ્રાવકો હતા, તેઓમાં મરકીનો ઉપદ્રવ થવાથી, તેઓની શાંતિ વાસ્તે શ્રી માનદેવસૂરિયે નડોલપુરથી શાંતિસ્તોત્ર બનાવી મોકલ્યું.

૨૦ શ્રી માનદેવસુરિની પાટઉપર શ્રી માનતુંગ સુરિ થયા, તેમણે ભકતામર સ્તવનની રચના કરી બાણ અને મયુર જેવા પંડિતોની વિદ્યાથી ચમત્કાર

પામેલા વૃદ્ધ ભોજરાજાને પ્રતિબોધ્યો, તથા ભયહર સ્તવન રચી નાગરાજાને વશ કર્યો. વળી ભક્તિભર ઇત્યાદિ સ્તવનોની પણ તેમણે રચના કરેલી છે.

પ્રકરણ ૨ જું.

શ્રી માનતુંગસૂરિની પાટ ઉપર શ્રી વીરસૂરિ બેઠા, ત્યાંથી લઇને પચાસમા શ્રી સોમસુંદર સૂરિ સુધીનું વૃત્તાંત.

૨૧ શ્રી માનતુંગસુરિની પાટઉપર શ્રી વીરસુરિ થયા. શ્રી વીરસુરિયે શ્રી મહાવીર પછી (૭૭૦) વર્ષો પછી નાગપુરમાં શ્રી નેમિનાથ અર્હંતની પ્રતિમાની પ્રતિષ્ટા કરી.

૨૨ શ્રી વીરસુરિની પાટઉપર શ્રી જયદેવસુરિ બેઠા. ૨૩ શ્રી જયદેવસુરિની પાટઉપર શ્રી દેવાનંદ સુરિ બેઠા. આ અવસરમાં શ્રી મહાવીરથી (૮૪૫) વર્ષ પછી વલ્લભી નગરી તુટી. ૨૪ શ્રી દેવાનંદસુરિની પાટઉપર શ્રી વિક્રમસુરિ બેઠા. ૨૫ શ્રી વિક્રમસુરિની

પાટઉપર શ્રી નરસિંહસુરિ બેઠા. ૨૬ શ્રી નરસિંહ-સુરિની પાટઉપર શ્રી સમુદ્રસુરિ બેઠા. ૨૭ શ્રી સમુદ્ર સુરિની પાટઉપર શ્રી માનદેવસુરિ થયા. શ્રી મહાવી-રથી એક હજાર વર્ષ પછી સત્યમિત્ર આચાર્યની સાથે પૂર્વનો વિચ્છેદ થયો. શ્રી વજ્રસેનસુરિ અને સત્ય-મિત્ર આચાર્યની વચમાં ૧ શ્રી નાગહસ્તિ, ૨ શ્રી રેવ-તીમિત્ર, ૩ બ્રહ્મદ્વીપ, ૪ નાગાર્જુન, ૫ ભૂતદિન્ન, અને ૬ શ્રી કાલકસુરિ. આ છ યુગપ્રધાન અનુક્રમે થયા. યુગપ્રધાનો મધ્યેના સુધર્મઇંદ્રથી વંદાયેલા અને પ્રથ-માનુયોગ સૂત્રોના સૂત્રધાર કલ્પ શ્રી કાલિકાચાર્યે શ્રી મહાવીરથી (૯૯૩) વરસ પછી પાંચમને બદલે ચોથ ની સંવત્સરી કરી, અને શ્રી મહાવીરથી (૧૦૫૫) વરસ પછી અને વિક્રમાદિત્યથી (૫૮૫) વરસ પછી યાકિની સાધવીના ધર્મપુત્ર શ્રી હરિભદ્રસુરિ સ્વર્ગવાસ પામ્યા; તથા (૧૧૧૫) વરસ પછી શ્રી જિનભદ્રગણિ યુગપ્રધાન થયા.

૨૮ શ્રી માનદેવસુરિની પાટઉપર શ્રી વિબુધપ્રભ સુરિ થયા. ૨૯ શ્રી વિબુધપ્રભસુરિની પાટઉપર શ્રી જયાનંદસુરિ થયા. ૩૦ શ્રી જયાનંદસુરિની પાટઉપર

શ્રી રવિપ્રભસુરિ થયા. તેમણે શ્રી મહાવીર પછી(૧૧૭૦) વરસે નડોલ નગરમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ટા કરી. શ્રી મહાવીર પછી (૧૧૯૦) વરસે ઉમાસ્વાતિ યુગપ્રધાન થયા. ૩૧ શ્રી રવિપ્રભસુરિની પાટઉપર શ્રી યશોદેવસુરિ થયા. શ્રી મહાવીરથી (૧૨૭૨) વરસ પછી અને વિક્રમ સંવત ૮૦૨ માં વનરાજ (ચાવડાવંશના) રાજાયે ગુજરાતમાં અણહિલપુરપાટણ વસાવ્યું. તે વનરાજ જૈનમતાનુંસારી રાજા હતો. વિક્રમ સંવત ૮૦૦ ના ભાદરવા સુદી ૩ ને દિવસે બપ્પભટ્ટ આચાર્યનો જન્મ થયો, જેણે ગ્વાલિયરના આમ નામના રાજાને જૈની બનાવ્યો.

૩૨ શ્રી યશોદેવસુરિની પાટઉપર શ્રી પ્રદ્યુમ્નસુરિ થયા. ૩૩ શ્રી પ્રદ્યુમ્નસુરિની પાટઉપર શ્રી માનદેવસુરિ થયા. જેમણે ઉપધાનવાચ્ય ગ્રંથની રચના કરી. ૩૪ શ્રી માનદેવસુરિની પાટઉપર શ્રી વિમલચંદ્રસુરિ થયા. ૩૫ શ્રી વિમલચંદ્રસુરિની પાટઉપર શ્રી ઉદ્યોતનસુરિ અર્બુદાચળ (આબુ) પર્વતઉપર યાત્રા કરવા આવ્યા, ત્યાં ટેલી ગામ નજીક મોટા વડવૃક્ષની છાયામાં બેશી, પોતાની પાટની વૃદ્ધિ થવા વાસ્તે સારૂં

મુહૂર્ત દેખી શ્રી મહાવીરથી (૧૪૬૪) વરસ પછી અને વિક્રમ સંવત (૯૯૪) વરસ પછી પોતાની પાટઉપર શ્રી સર્વદેવ પ્રમુખ આઠ આચાર્યની સ્થાપના કરી. મોટા વડવૃક્ષ નીચે સુરિપદવી દેવાથી વનવાસી ગચ્છનું નામ વડગચ્છ પાંચમું થયું.

૩૬ શ્રી ઉદ્યોતનસુરિની પાટઉપર શ્રી સર્વદેવ સુરિ થયા. શ્રી સર્વદેવસુરિ ગૌતમસ્વામિની પેઠે સુશિષ્ય લબ્ધિમાન હતા. તેમણે વિક્રમ સંવત (૧૦૧૦) પછી રામસૈન્યપુરમાં શ્રી રીષભદેવ ભગવાનની તથા શ્રી ચંદ્રપ્રભસ્વામિની પ્રતિષ્ટા કરી, અને ચંદ્રાવતીમાં કુંકણ મંત્રીને પ્રતિબોધી દીક્ષા આપી. તેમણે ચંદ્રાવતીમાં જૈનમંદિર બંધાવ્યું હતું. વિક્રમ સંવત(૧૦૨૯) વરસ પછી ધનપાલ પંડિતે દેશી નામમાલાની રચના કરી, તથા વિક્રમ સંવત (૧૦૯૫) વરસ પછી થિરાપદ્રીય ગચ્છમાં વાદી વૈતાલ શ્રી શાંતિસુરિ થયા, તેમણે શ્રી ઉત્તરાધ્યયન ઉપર ટીકા કરી.

૩૭ શ્રી સર્વદેવસુરિની પાટઉપર શ્રી દેવસુરિ થયા, તેમને રૂપશ્રી એવું બિરૂદ રાજાએ આપ્યું. ૩૮ શ્રી સર્વદેવસુરિની પાટઉપર બીજા શ્રી સર્વદેવસુરિ થયા,

તેમણે યશોભદ્ર તથા નેમિચંદ્ર પ્રમુખ આઠ આચાર્યોને આચાર્યપદવી આપી. શ્રી મહાવીરથી (૧૪૯૬) વરસ પછી તક્ષિલાનું નામ ગજની રાખવામાં આવ્યું. ૩૯ શ્રી સર્વદેવસુરીની પાટઉપર શ્રી યશોભદ્રસુરિ તથા નેમિચંદ્રસુરિ એ બંન્ને ગુરૂભાઇઓ બેઠા. વિક્રમ સંવત (૧૧૩૫) પછી તથા અન્યકથન મુજબ (૧૧૩૯) વરસ પછી નવાંગીવૃત્તિ કરનારા શ્રી અભયદેવસુરિ મહારાજ સ્વર્ગવાસ પામ્યા, અને કર્ચ્ચપુરગચ્છી ચૈત્યવાશી જિનેશ્વરસુરિના શિષ્ય શ્રી જિનવલ્લભસુરિયે ચિત્રકૂટમાં શ્રી મહાવીરસ્વામિના છ કલ્યાણકની પરૂપણા કરી.

૪૦ શ્રી યશોભદ્રસુરિ તથા શ્રી નેમિચંદ્રસુરિની પાટઉપર શ્રી મુનિચંદ્રસુરિ થયા. તેઓએ યાવતજીવ માત્ર સૌવીર પાણી પીવાનું રાખી સર્વ વિયોગનો ત્યાગ કર્યો, વળી તેઓએ શ્રી હરિભદ્રસુરિકૃત અનેકાંત જયપતાકા પ્રમુખ અનેક ગ્રંથોની પંજીકા કરી, તથા ઉપદેશવૃત્તિ, યોગબિંદુવૃત્તિ, પ્રમુખ અનેક વૃત્તિઓની રચના કરવાથી જગતમાં તાર્કિક શિરોમણિ એવા બિરૂદથી પ્રસિદ્ધ થયા. આ આચાર્ય મહા વૈરાગ્યવાન્

નિસ્પૃહી થયા. વિક્રમ સંવત (૧૧૫૯) વરસ પછી ચં-
દ્રપ્રભથી પૌર્ણિમીયક મતોત્પત્તિ થઇ. ચંદ્રપ્રભને પ્રતિ-
બોધવા વાસ્તે શ્રી મુનિચંદ્રસુરિયે પાક્ષિક સપ્તતિકાની
રચના કરી. શ્રી મુનિચંદ્રસુરિના શિષ્ય વાદી શ્રી અ-
જીતદેવસુરિ તથા દેવસુરિ પ્રમુખ થયા. શ્રી અજીતદે-
વસુરિયે અણહિલપુર પાટણમાં શ્રી સિદ્ધરાજ જય-
સિંહ રાજાની સભામાં અનેક વિદ્વાનો સાથે વાદ કરી
ચોરાશી વાદથી સર્વ વાદીઓને પરાજય પમાડ્યા; તે
પ્રસંગે દિગંબર મતના ચક્રવર્તિ શ્રી કુમુદચંદ્ર આચા-
ર્યને પણ વાદમાં જીતી લીધા, અને દિંગબ્બરોને પાટ-
ણમાં પ્રવેશ બંધ કરાવ્યો. આ બિના અત્યાર સુધી
પ્રસિદ્ધ છે. તેઓએ વિક્રમ સંવત (૧૨૦૪) માં ફલવ-
ર્દ્ધિ ગામમાં ચૈત્યબિંબોની પ્રતિષ્ટા કરી, તથા આરા-
સણામાં શ્રી નેમિનાથની પ્રતિષ્ટા કરી. તેઓએ
(૮૪૦૦૦) શ્લોક પ્રમાણ સ્યાદ્વાદરત્નાકર નામના ગ્રં-
થની રચના કરી, અને તેમનાથી મોટા નામાંકિત ચો
વીશ આચાર્યોની શાખા થઇ. તેમનો સંવત (૧૧૩૪)
માં જન્મ, સંવત (૧૧૫૨) માં દીક્ષા, સંવત (૧૧૭૪)
માં સૂરિપદ પ્રાપ્ત થયું, અને સંવત (૧૨૨૦)ના શ્રાવણ

કૃષ્ણ સપ્તમી ગુરૂવારના રોજ સ્વર્ગવાશ થયો. તેમના વખતમાં શ્રી દેવચંદ્રસુરિના શિષ્ય ત્રણક્રોડ ગ્રંથના કર્તા, કળિકાળમાં સર્વજ્ઞ બિરૂદધારક, પાટણના કુમારપાળના પ્રતિબોધક, સવાલક્ષ શ્લોક પ્રમાણ પંચાંગ વ્યાકરણના કર્તા શ્રી હેમચંદ્રસુરિ વિદ્યાસમુદ્ર થયા. તેમનો વિક્રમ સંવત(૧૧૪૫)માં જન્મ, સંવત(૧૨૫૦) માં દીક્ષા, સંવત (૧૧૬૬)માં સૂરિપદ, અને સંવત (૧૨૨૯) માં સ્વર્ગવાસ થયો.

૪૧ શ્રી મુનિચંદ્રસુરિની પાટઉપર શ્રી અજિતદેવસુરિ થયા. તેમના વખતમાં સંવત (૧૨૦૪) માં ખરતરોત્પત્તિ તથા સંવત (૧૨૩૩) માં આંચલિક મતોત્પત્તિ તથા સંવત (૧૨૩૬) માં સાર્દ્ધપૌર્ણિમીયક મતોત્પત્તિ તથા સંવત (૧૨૫૦) માં આગમિક મતોત્પત્તિ થઇ. શ્રી વીર ભગવાનથી (૧૬૯૨) વર્ષે વાગ્ભટ મંત્રીએ શ્રી સેત્રુંજય તીર્થઉપર ચૌદમો ઉદ્ધાર કરાવ્યો, તે પ્રસંગે સાડાત્રણ ક્રોડ રૂપીઆનો ખરચ કર્યો.

૪૨ શ્રી અજિતદેવસુરિની પાટઉપર શ્રી વિજય સિંહસુરિ થયા. તેઓએ વિવેકમંજરી શુદ્ધ કરી. તેમના મોટા શિષ્ય શ્રી સોમપ્રભસુરિ થયા; તેઓ શતા-

ર્થિકારક અર્થાત્ એકેક શ્લોકના સો સો અર્થ નિકળે એવાં કાવ્યોની રચના કરનારા થયા, અને બીજા મણિરત્નસુરિ થયા. ૪૩ શ્રી વિજયસિંહસુરિની પાટઉપર શ્રી સોમપ્રભસુરિ તથા મણિરત્નસુરિ થયા. ૪૪ શ્રી સોમપ્રભસુરિ તથા મણિરત્નસુરિની પાટઉપર શ્રી જગચ્ચંદ્રસુરિ થયા. તેમણે પોતાના ગચ્છને શિથિલ દેખી ગુરૂની આજ્ઞાથી વૈરાગ્યરસના સમુદ્ર ચૈત્રવાલ ગચ્છીય શ્રી દેવભદ્ર ઉપાધ્યાયની સહાયથી ક્રિયાઉદ્ધાર કર્યો, અને હીરલા જગચ્ચંદ્રસુરિ થયા; કારણ કે તેમણે ચિતોડના રાજાની સભામાં બત્રીસ દિગમ્બર આચાર્યો સાથે વાદ કર્યો, તેમાં તેઓ હીરાની પેઠે અભેદ્ય રહ્યા, તેથી રાજાયે તેમને હીરલાજગચ્ચંદ્રસુરિ એવું બિરૂદ આપ્યું. વળી તેમણે જાવજીવ આચામ્લ તપનો અભિગ્રહ કર્યો. બાર વર્ષ તપ કરતાં થયાં, એટલે ચિતોડના રાણાએ તેમને તપા એવું બિરૂદ આપ્યુ. સંવત (૧૨૮૫) માં વડગચ્છનું નામ તપગચ્છ થયું. આ પ્રમાણે છ નામો થયાં.

૪૫ શ્રી જગચ્ચંદ્રસુરિની પાટઉપર શ્રી દેવેંદ્રસુરિ થયા. તેમણે માળવાની ઉજ્જયન નગરીમાં જિન-

ચંદ્ર નામના મોટા શેઠના વીરધવલ નામના પુત્રનો વિવાહ નિમિત્તે મહોત્સવ થઇ રહ્યો હતો, તે વીરધવલ કુમારને પ્રતિબોધ કરી સંવત (૧૩૦૨) માં દીક્ષા આપી; ત્યારબાદ તેના ભાઇને પણ દીક્ષા આપી, તેઓ દીર્ઘકાળ સુધી માળવા દેશમાં વિહાર કરતા રહ્યા. બાદ દેવેંદ્રસુરિ ગુજરાતમાં સ્તંભતીર્થમાં આવ્યા, ત્યાં પ્રથમથી શ્રી વિજયચંદ્રસુરિ ગીતાર્થોને પ્રથક્ પ્રથક્ વસ્ત્રોની પોટલીઓ આપે છે, નિત્ય વિગય ખાવાની આજ્ઞા આપે છે, નિરંતર વસ્ત્ર ધોવાની તથા ફળ, શાક લેવાની અને નિવિ પ્રત્યાખ્યાનમાં વિગયગત લેવાનું કહે છે, તથા આર્યાનો લાવેલો આહાર સાધુ વાપરે એવી આજ્ઞા આપે છે; વળી દિનપ્રત્યે દ્વિવિધ પ્રત્યાખ્યાન અને ગૃહસ્થોને અવર્જીને વાસ્તે પ્રતિક્રમણ કરાવાની આજ્ઞા આપે છે, તથા સંવિભાગને દિન તેમને ઘેર ગીતાર્થ જાય, લેપની સંનિધિ રાખવી, તત્કાળનું ઉષ્ણોદક ગ્રહણ કરવું. ઇત્યાદિક કામ કરવાથી કેટલાએક શિથિલાચારી સાધુને સાથે લઇ સદોષ પૌષધશાળામાં રહ્યા છે.

આ વિજયચંદ્ર આચાર્યની ઉત્પત્તિ આ પ્રમાણે

છેઃ—મંત્રી વસ્તુપાળના ઘરમાં વિજયચંદ્ર નામનો દફ્તરી હતો, તે કોઇ અપરાધથી કેદખાનામાં ગયો, તેવામાં તેને શ્રી દેવભદ્ર ઉપાધ્યાયજીએ દીક્ષા લેવાની પ્રતિજ્ઞા કરાવી કારાગ્રહથી મુક્ત કરાવ્યો. પછી તેણે દિક્ષા લીધી, અને બુદ્ધિબળથી બહુશ્રુત થયો; પરંતુ અભિમાની હોવાથી મંત્રી વસ્તુપાલે કહ્યું કે, આ સૂરિપદ આપવા યોગ્ય નથી. આ પ્રમાણે વસ્તુપાલ મંત્રીની મના છતાં શ્રી જગચ્ચંદ્રસુરિએ શ્રી દેવભદ્ર ઉપાધ્યાયના કહેવાથી તેને સૂરિપદ આપ્યું. વળી એવી ધારણાથી સૂરિપદ આપવામાં આવ્યું કે, વિજયચંદ્ર દેવેંદ્રસુરિને સહાયક થશે. વિજયચંદ્ર બહુ વખતસુધી શ્રી દેવેંદ્રસુરિની સાથે વિનયવાન્ શિષ્યની પેઠે વર્તતા રહ્યા; પરંતુ જયારે દેવેંદ્રસુરિ માળવા દેશમાં આવ્યા, ત્યારે તે વંદના કરવાને પણ આવ્યા નહીં; બાદ શ્રી દેવેંદ્રસુરિજીએ કહેવરાવ્યું કે એકજ વસ્તિમાં આપ બાર વર્ષસુધી કેમ રહ્યા ? તેવારે વિજયચંદ્રે ઉત્તરમાં કહેવરાવ્યું કે, શાંત દાંતને બાર વર્ષસુધી એક જગામાં રહેવાથી કાંઇ દોષ નથી. પછી સંવિગ્ન સાધુઓ તો દેવેંદ્રસુરિની સાથે રહ્યા. દેવેંદ્રસુરિજી અનેક સં-

વિજ્ઞ સાધુના સમુદાયની સાથે ઉપાશ્રયમાંજ રહ્યા. વિજયચંદ્રસૂરિનો સમુદાય બડી શાળામાં રહેવાથી લોકોએ તેમનું નામ વૃદ્ધપૌશાલિક રાખ્યું, અને દેવેંદ્રસુરિના સમુદાયનું નામ લઘુપૌશાલિક રાખ્યું. પછી સ્તંભતીર્થના ચોકમાં કુમારપાળ વિહારમાં ધર્મ દેશા નામે મંત્રી વસ્તુપાળે ચારે વેદોના નિર્ણયકારક સ્વસમય પરસમયના જાણકાર શ્રી દેવેંદ્રસૂરિજીને વંદના કરી બહુ માન આપ્યું. બાદ શ્રી દેવેંદ્રસુરિજી વિજયચંદ્રની ઉપેક્ષા કરી વિચરતા થકા અનુક્રમે પાલણપુરમાં આવ્યા; ત્યાં ચોરાશી ધનાઢ્ય શેઠીઆ તથા અનેક જનસમુદાય નિરંતર વ્યાખ્યાન શ્રવણ કરવા આવતા હતા, તેમાં શાસ્ત્રના શ્રોતાપુરૂષો અનેક હતા. પાલણપુરમાં વ્યાખ્યાન શ્રવણ કરવા આવનારાઓ નિરંતર એક મૂડા પ્રમાણ અક્ષત અને સોળ મણ સોપારી દર્શનાવસરે ચડાવતા હતા. એવી રીતે જૈનશાસનની બહુજ ઉન્નતિ થઇ રહી હતી. તે અવસરે સુજ્ઞ ધાર્મી લોકોએ ગુરૂજીને વિનંતિ કરી કે, હે ભગવન્! આપ અહીઆં કોઇને આચાર્યપદવી આપી અમારા મનોરથ પૂર્ણ કરો. તેવારે ગુરૂજીએ ઉચિત જાણી

વિક્રમ સંવત (૧૩૨૩)માં પાલણપુરમાં વીરૂધબળને શ્રી વિદ્યાનંદ નામ દઇ સૂરિપદ આપ્યું. તેમના અનુજ ભીમસિંહને ધર્મકીર્તિ ઉપાધ્યાયની પદવી આપી. તે અવસરે પ્રલ્હાદન વિહારના સૌવર્ણ કપિશીર્ષ મંડપમાં કુંકુમની વૃષ્ટિ થઇ, તેથી લોકો બહુજ આશ્ચર્ય પામ્યા. પછી શ્રી વિદ્યાનંદસુરિજીએ વિદ્યાનંદ નામનું નવીન વ્યાકરણ બનાવ્યું. બાદ શ્રી દેવેંદ્રસુરિજી ફરી માળવામાં વિહાર કરતા હવા.

શ્રી દેવેંદ્રસુરિજીએ જે ગ્રંથોની રચના કરી છે, તેનાં નામ. ૧ શ્રાદ્ધદિનકૃત્ય સૂત્રવૃત્તિ, ૨ નવ્યકર્મગ્રંથ પંચક સૂત્રવૃત્તિ, ૩ સિદ્ધપંચાશિકા સૂત્રવૃત્તિ, ૪ ધર્મરત્ન વૃત્તિ, ૫ સુદર્શન ચરિત્ર, ૬ ત્રણ ભાષ્ય, ૭ વૃંદારવૃત્તિ, અને ૮ સિરિઉસહવદ્ધમાણ પ્રમુખ સ્તવનો. શ્રી દેવેંદ્રસુરિનો માળવા દેશમાં વિક્રમ સંવત (૧૩૨૭)માં સ્વર્ગવાસ થયો. દૈવયોગથી વિદ્યાપુરમાં તેર દિવસ પછી શ્રી વિદ્યાનંદસુરિનો પણ સ્વર્ગવાસ થયો. બાદ છ માસ પછી સગોત્રસૂરિએ શ્રી વિદ્યાનંદસૂરિના બંધુ શ્રી ધર્મકીર્તિ ઉપાધ્યાયને સૂરિપદ આપી શ્રી ધર્મઘોષસુરિ નામ પાડયું.

૪૬ શ્રી દેવેંદ્રસુરિની પાટઉપર શ્રી ધર્મઘોષસુરિ થયા. તેમણે મંડપાચલમાં શ્રી પૃથ્વીધરને પંચમ અનુવ્રત લેતાં જ્ઞાનથી નિષેધ કર્યો; કેમકે આચાર્યે જ્ઞાનથી જાણ્યું કે, આ પુરૂષનું વ્રત ભંગ થઈ જશે; તેથી ભયથી નિષેધ કર્યો. પછી તે પૃથ્વીધર મંડપાચલ રાજાનો મંત્રી થયો, અને ધનવૃદ્ધિથી ધનદસમાન થઇ ગયો. પછી તેણે ચોરાશી જિનમંદિર તથા જ્ઞાનના સાત ભંડાર કરાવ્યા, અને સેત્રુંજય તિર્થઉપર એકવીશ ધડી પ્રમાણ સુવર્ણ ખરચી રૂપામય શ્રી રિષભદેવજીનું મંદિર બંધાવ્યું. કોઇ કહે છે કે છપન્ન ધડી પ્રમાણ સુવર્ણ આપી ઈંદ્રમાળ પહેરી. એકદા ધરતી નગરમાં કોઇ સાધર્મિને બ્રહ્મચારીના વેષ આપવાના અવસરમાં પૃથ્વીધરને મહા ધનાઢય જાણી તેની ભેટ કરી, તે વખતે પૃથ્વીધરે તેજ વેશ ગૃહણ કરી તેજ દિનથી અર્થાત બત્રીસ વર્ષની ઉમરમાં બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. તેને જાંજણ નામનો એકજ પુત્ર હતો, તેણે શ્રી સેત્રુંજય તથા ઉજ્જયંતગિરિના શિખરઉપર બાર યોજન પ્રમાણ સુવર્ણ રૂપ્યમય એક ધ્વજા ચઢાવી. તેમણે સારંગદેવ રાજા પાસે કર્પૂરનું મેહેસુલ

બંધ કરાવ્યું, તથા મંડપાચલમાં ગુરૂના પ્રવેશ મહોત્સવમાં રૂ ૭૨૦૦૦) નો ખર્ચ કર્યો.

શ્રી ધર્મઘોષસુરિએ દેવપત્તનમાં શિષ્યોની વિનંતિથી મંત્રમય સ્તુતિ બનાવી. વળી સ્વધ્યાનના બળથી વજ્રસ્વામિએ સ્વશક્તિથી પુરાતન કપર્દીયક્ષ જે મિથ્યાદૃષ્ટિ થઇ ગયો હતો, (જેને નવીન કપર્દીયક્ષથી દૂર કર્યો હતો), તે મિથ્યાદૃષ્ટિ કપર્દીને પ્રતિબોધી શ્રી જિનબિંબોનો અધિષ્ટાતા કર્યો; તથા જેમની પાસે સમુદ્રના અધિષ્ટાતાએ સમુદ્રના તરંગોથી રત્નઢોકન કર્યાં.

એકદા પસ્તાવે કોઇ દુષ્ટ સ્ત્રીએ કામણયુક્ત વડાં બનાવી સાધુને વહોરાવ્યાં, પરંતુ શ્રી ધર્મઘોષસુરીજીએ તે વડાં જમીનમાં પરઠાવી દીધાં, ને તે સ્ત્રીને મંત્રથી પકડાવી; પછી જ્યારે બહુ દુઃખી થઇ ત્યારે દયાથી છોડી દીધી. વળી વિદ્યાપુરમાં પક્ષાંતરીઓની સ્ત્રીઓએ ધર્મઘોષજીને વ્યાખ્યાનરસના ભંગ વાસ્તે મંત્રથી કંઠમાં કેશગુચ્છ કરી દીધો. તે જ્યારે સુરિજીના જાણવામાં આવ્યું ત્યારે તે સ્ત્રીઓને સ્તંભન કરી દીધી. પછી જ્યારે તે સ્ત્રીઓએ આજીજી કરી કે હવે પછી અમે આપના ગચ્છને ઉપદ્રવ નહીં કરીયે, ત્યારે

ગુરૂજીએ સંઘના બહુ આગ્રહથી તેમને છોડી દીધી. વળી ઉજ્જયનમાં એક યોગી જૈનના સાધુઓને રહેવા દેતો નહોતો, તેથી જ્યારે શ્રી ધર્મઘોષસુરિ ત્યાં આવ્યા ત્યારે તે યોગીએ સાધુઓને કહ્યું કે, હવે અહીંયાં આવ્યા છો તો સાવચેત થઈ રહેજો. ત્યારે સાધુઓએ કહ્યું કે અમે પણ જોઇએ છીએ કે તમે શું કરો છો? પછી યોગીએ સાધુઓને દાંત ફાડી બતાવ્યા, ત્યારે સાધુઓએ તેમને કોણી બતાવી. આ સર્વ સમાચાર સાધુઓએ પોતાના ગુરૂજીને કહ્યા. બાદ યોગીએ ધર્મશાળામાં વિદ્યાના બળથી બહુ ઉંદરો બનાવ્યા, તેથી સાધુઓ બહુ ડરવા લાગ્યા; પછી ગુરૂજીએ ઘડાના મુખ ઉપર વસ્ત્ર ઢાંકી એવો મંત્રજાપ કર્યો કે, જેથી તે યોગી આરાટિ કરતો આવી ગુરૂના પગમાં પડયો, અને પોતાના અપરાધ માટે ક્ષમા માગવા લાગ્યો. વળી કોઇ નગરમાં શાકિનીઓના ભયથી મંત્રથી દરવાજા બંધ કરવામાં આવતા હતા, પણ એકદા મંત્રવિના દરવાજા બંધ કરવામાં આવ્યા; તેથી રાત્રીએ શાકિનીઓએ ઉપદ્રવ કર્યો. તે ઉપદ્રવ ગુરૂજીએ તેમને વિદ્યાથી સ્તંભિત કરી દૂર કર્યો. એકદા રાત્રીએ ગુરૂજીને સર્પના

ડંસથી ઝેર ચડયું, તેથી સર્વ સંઘ ગભરાવા લાગ્યો. સંઘને ગભરાયેલો દેખી ગુરૂજીએ કહ્યું કે, દરવાજામાં કોઇ પુરૂષ પોતાના મસ્તક ઉપર કાષ્ટનો ભારો લઇ આવશે, તેમાં વિષાપહાર એક વેલડી આવશે, તે વેલડી ઘસીને ડંખઉપર લગાવી દેજો, તેથી ઝેર ઉતરી જશે. પછી સંઘે તે પ્રમાણે કર્યું, તેથી ઝેર ઉતરી ગયું અને ગુરૂ સાજા થયા. પછી તે દિવસથી ગુરૂજીએ જાવજીવ છ વિગયનો ત્યાગ કર્યો, અને નિરંતર જુવારની રોટલી નીરસ જાણી ખાતા રહ્યા. શ્રી ધર્મઘોષ સુરિજીએ રચેલા ગ્રંથોનાં નામ. ૧ સંઘાચારભાષ્યવૃતિ, ૨ સુઅધમ્મેતિસ્તવ, ૩ કાયસ્થિતિ, ભવસ્થિતિ, ૪ ચોવીશ તિર્થંકરનાં ચોવીસ સ્તવન, ૫ સ્ત્રસ્તાશર્મેત્યાદિ સ્તોત્રં, ૬ દેવેંદ્રૈરનિશં ઇતિશ્લેષ સ્તોત્રં, ૭ યૂયંયુવાત્વ મિતિશ્લેષ સ્તુતિઓ, ૮ જયવૃષભેત્યાદિ સ્તુતિ આ જયવૃષભેત્યાદિ સ્તુતિ કરવાનો હેતુ એ છે કે, એક મંત્રીએ આઠ યમક એક કાવ્ય રચી કહ્યું કે, આવું કાવ્ય હાલ કોઇ રચી શકતું નથી; તેવારે ગુરૂએ કહ્યું કે નાસ્તિ નથી. ત્યારે મંત્રીએ કહ્યું કે આપ કરી બતાવો. તેથી ગુરૂજીએ જયવૃષભ ઇત્યાદિ છ સ્તુતિ

એક રાત્રીમાં બનાવી ભીંતઉપર લખી બતાવી; તે વાંચી મંત્રી બહુજ ચમત્કાર પામ્યા. પછી ગુરૂજીએ તેને પ્રતિબોધી જૈની કર્યો. શ્રી ધર્મઘોષસુરિ વિક્રમ સંવત (૧૩૫૭)માં સ્વર્ગવાસ પામ્યા.

૪૭ શ્રી ધર્મઘોષસુરિની પાટઉપર શ્રી સોમપ્રભસુરિ થયા. તેમણે નમાંઉણ ઇત્યાદિ આરાધનસૂત્ર કર્યાં. તેમનો સંવત (૧૩૧૦) માં જન્મ, સંવત (૧૩૨૧) માં દીક્ષા, અને (૧૩૨૨) માં સુરીપદ. તેઓને અગીઆરે અંગો સૂત્રાર્થ કંઠસ્થ હતાં, તથા "ગુરૂભિર્ગીય મનાયાં મંત્ર પુસ્તકાયાં યચ્છત ચરિત્રં મંત્રપુસ્તિકાંચ" એમ કહી તે મંત્રપુસ્તકોને ગ્રહણ કરતા હતા; કારણ કે બીજો કોઇ યોગ્ય નહતો. શ્રી સોમપ્રભસુરિયે જલકુંકણ દેશમાં અપકાયની વિરાધનાના ભયથી, તથા મરૂદેશમાં શુદ્ધ જળની દુર્લભતાથી સાધુઓનો વિહાર બંધ કર્યો. ભીમપલ્લીમાં બે કારતક માસ થયા, તેથી તેમણે પ્રથમ કારતકની એકાદશીના રોજ વિહાર કર્યો; કારણ કે તેમના જાણવામાં આવ્યું કે ભીમપલ્લીનો ભંગ થઇ જશે, તેથી ભંગ થયા પછી જે રહ્યા તે દુઃખી થયા. તેમના રચેલા ગ્રંથોનાં નામ.

૧ જીતકલ્પસૂત્ર, ૨ યત્રાખિલ ઇત્યાદિ સ્તુતિઓ, ૩ જીતેનયેન ઇત્યાદિ સ્તુતિઓ, ૪ શ્રી મચ્છીર્મ ઇત્યાદિ. તેમના મોટા શિષ્ય ૧ વિમલપ્રભસુરિ, ૨ શ્રી પરમાનંદસુરિ, ૩ શ્રી પદ્મતિલકસુરિ અને ૪ શ્રી સોમવિમલસુરિ હતા. શ્રી સોમપ્રભસુરિયે જે દિવસે શ્રી ધર્મઘોષસુરિ સ્વર્ગવાસ પામ્યા, તેજ દિવસે સંવત ૧૩૫૭ માં શ્રી વિમલપ્રભસુરિને સુરિપદ આપ્યું; કારણ કે તેઓએ પોતાનું આયુષ્ય અલ્પ છે એમ જાણ્યું. તેઓ (૧૩૭૩) માં દેવલોક પામ્યા.

૪૮ શ્રી સોમપ્રભસુરિની પાટઉપર શ્રી સોમતિલકસુરિ થયા. તેમનો સંવત (૧૩૫૫) ના માઘ માસમાં જન્મ, (૧૩૬૯) માં દીક્ષા, (૧૩૭૩) માં સુરિપદ, અને (૧૪૨૪) માં સ્વર્ગવાસ થયો. તેમના રચેલા ગ્રંથોનાં નામ ૧ બૃહન્ નવ્યક્ષેત્ર સમાસસૂત્ર, ૨ સત્તરિસયઠાણ, ૩ યત્રાખિલ જયવૃષભ સ્વ..તાશર્મ પ્રમુખની વૃત્તિ, ૪ શ્રી તીર્થરાજ૦ ચતુર્થ સ્તુતિ તદ્વૃત્તિ, ૫ શુભભાવાનત૦શ્રીમદ્ વીરસ્તુતિ ઇત્યાદિ કમલબંધસ્તવ, ૬ શિવશિરસિ શ્રી નાભિસંભવ૦ શ્રી શૈલેય૦ ઇત્યાદિ સ્તવન. તેમણે અનુક્રમે ૧ શ્રી પદ્મતિલ-

કસુરિ, શ્રી ચંદ્રશેખરસુરિ, ૩ શ્રી જયાનંદસુરિ, અને ૪ શ્રી દેવસુંદરસુરિને સુરિપદ આપ્યાં. તેમાં શ્રી ૫-દ્મતિલકસુરિ તેમનાથી પર્યાયમાં વડા હતા, તે એક વર્ષ જીવતા રહ્યા, તેઓ મહા વૈરાગ્યવાન્ હતા. શ્રી ચંદ્રશેખરસુરિનો સંવત (૧૩૭૩) માં જન્મ, (૧૩૮૫) માં દીક્ષા, અને (૧૩૯૩) માં સુરિપદ પામ્યા. તેમના રચેલા ગ્રંથોનાં નામ. ૧ ઉષિત ભોજન કથા, ૨ યવ-રાજઋષિ કથા, ૩ શ્રીમત્સ્તંભકહાર બંધાદિ સ્તવન. તેમના મંત્રોથી બીજા મંત્રવાદીઓ હારી જતા, ઉપ-દ્રવ કરનારા ગૃહ, હરિકા, દુર્દ્ધર, મૃગરાજ, શ્વાન, શુ રિતિ, દુર થઇ જતા હતા. શ્રી જયાનંદસુરિનો સંવત (૧૩૮૦) માં જન્મ, (૧૩૯૨) ના અષાઢ શુદી ૭ શુક્રવાર દિવસે ધારાનગરીમાં વ્રત ગ્રહણ, (૧૪૨૦) માં સુરિપદ પામ્યા, અને (૧૪૪૧) માં સ્વર્ગવાસ પામ્યા. તેમના રચેલા ગ્રંથનાં નામ. ૧ શ્રી સ્થૂલભદ્ર ચરિત્ર, ૨ દેવાઃપ્રભોયં પ્રમુખ સ્તવન.

૪૯ શ્રી સોમતિલકસુરિની પાટઉપર શ્રી દેવચંદસુરિ થયા. તેમનો સંવત (૧૩૯૬) માં જન્મ, (૧૪૦૪) માં દીક્ષા, અને (૧૪૨૦) માં અણહિલપુર

પાટણમાં સુરિપદ પામ્યા. તેઓ મહા યોગાભ્યાસી મંત્ર તંત્રની રીદ્ધિના મંદિર, સ્થાવર જંગમ વિષાપહારી, જન, અનલ, વ્યાલ, હરિના ભયના નાશ કરનારા, અતિત અનાગત નિમિત્તના વેત્તા, રાજમંત્રી પ્રમુખના પુજનિક હતા. તેમને ૧ શ્રી જ્ઞાનસાગરસુરિ, ૨ શ્રી કુલમંડનસુરિ, ૩ શ્રી ગુણરત્નસુરિ, ૪ શ્રી સોમસુંદરસુરિ, ૫ શ્રી સાધુરત્નસુરિ, એ રીતે પાંચ શિષ્ય હતા. તેમાં શ્રી જ્ઞાનગરસુરિનો સંવત (૧૪૦૫) માં જન્મ, (૧૪૧૭) માં દીક્ષા, (૧૪૪૧) માં સુરિપદ, અને (૧૪૬૦) માં સ્વર્ગવાસ થયો. તેમના રચેલા ગ્રંથ. શ્રી આવસ્યક ઓઘનિર્યુક્તિ પ્રમુખ અનેક ગ્રંથોની અવચુરી, શ્રી મુનિસુવ્રતસ્વામિ સ્તવન, ઘનૌઘનખંડ પાર્શ્વનાથાદિ સ્તવન. બીજા શ્રી કુલમંડલસુરિનો સંવત (૧૪૦૯) માં જન્મ, (૧૪૧૭) માં દીક્ષા, (૧૪૪૨) માં સુરિપદ, અને (૧૪૫૫) માં સ્વર્ગવાસ થયો. તેમના રચેલા ગ્રંથ. સિદ્ધાંતાલાપકોદ્ધાર, વિશ્વશ્રીધર ઇત્યાદિ, અષ્ટાદશારચક્રસ્તવ, ગરીઓ તથા હાર સ્તવાક્ય. શ્રી ગુણરત્નસુરિના રચેલા ગ્રંથો. ૧ ક્રિયારત્ન સમુચ્ચય, ૨ ષટદર્શન સમુચ્ચય, ૩ બૃહદવૃત્તિ. શ્રી સાધુરત્નસુ-

રિનો રચેલો ગ્રંથ. ૧ યતિજીકલ્પવૃત્તિ છે.

૫૦ શ્રી દેવસુંદરસુરિની પાટઉપર શ્રી સોમસુંદર સુરિ થયા. તેમનો સંવત (૧૪૩૦) માં જન્મ, (૧૪૩૭) માં દીક્ષા, (૧૪૫૦) માં વાચકપદ; (૧૪૫૭) માં સુરિપદ, અને (૧૪૯૯) માં સ્વર્ગવાસ થયો.તેમનો ૧૮૦૦) સાધુનો પરિવાર મહા ક્રિયાપાત્ર હતો, તે દેખીને કેટલાએક પાખંડી લોકોએ તેમનો વધ કરવાવાસ્તે એકહજાર માણસને લાલચ આપી મોકલ્યા; તે વધ કરનારાઓ જે મકાનમાં રાત્રીએ ગુરૂ સંથારો કરતા હતા, ત્યાં આવી સંતાઇ રહ્યા. પછી તેઓ ગુરૂજીને મારવાની તૈયારી કરતા હતા, તેવામાં ચંદ્રમાના પ્રકાશથી ગુરૂજીને પાસું ફેરવતાં પ્રથમ રજોહરણથી પૂંજતા દીઠા; તેથી તેઓના મનમાં વિચાર આવ્યો કે, નિંદ્રામાં પણ આ પુરૂષ ક્ષુદ્ર પ્રાણિયોની રક્ષા કરે છે, અને આપણે તો તેમનો વધ કરવા આવ્યા છીએ; માટે આપણામાં અને તેમનામાં કેટલો અંતર છે ? તેથી મનમાં પાપથી ડરી ગુરૂના ચરણકમળમાં પડી અપરાધ ખમાવ્યો. તેમના રચેલા ગ્રંથ. યોગશાસ્ત્ર, ઉપદેશમાળા, ષડાવશ્યક, નવતત્વાદિક બાળાવબોધ. ભાષ્યાવચૂર્ણિ, કલ્યાણિક-

સ્તોત્ર, પ્રમુખ. તેમના શિષ્ય શ્રી મુનિસુંદરસુરિ, કૃષ્ણુ સરસ્વતી બિરૂદધારક શ્રી જયસુંદરસુરિ, તથા મહા વિદ્યા વિંડબન ટિપનકારક શ્રી ભુવનસુંદરસુરિ, જેમને એકાદશ અંગ સુત્રાર્થ કંઠસ્ય હતાં. તથા ચોથા જીનસુંદરસુરિ. આ ચાર તેમના પ્રતાપી શિષ્ય થયા. જેમણે રાણકપુરમાં શ્રી ધનાકૃત ચોમુખ વિહારમાં શ્રી રિષભાદિક અનેક શત બિંબોની પ્રતિષ્ટા કરી.

પ્રકરણ ૩ જું.

શ્રી સોમસુંદરસૂરિની પાટઉપર શ્રી મુનિસુંદર સૂરિ થયા, ત્યાંથી લઈને સીતેરમા રાજેંદ્ર સૂરિ સુધીનું વૃત્તાંત

૫૧ શ્રી સોમસુંદરસુરિની પાટઉપર શ્રી મુનિસુંદરસુરિ થયા. તેમણે અનેક પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્તક, અર્દ્ધભ્રમ, સર્વતોભદ્ર, મુરજ, સિંહાસન, અશોક, ભેરી, સમવસરણ, સરોવર, અષ્ટમહાપ્રાતિહાર્યાદિ નવીન ત્રિંશતિબંધ, તર્ક પ્રયોગાદિ અનેક ચિત્રાક્ષર દ્વયક્ષર, પંચવર્ગ પરિહા-

રાદિ અનેક સ્તવમય ત્રિદશતરંગિણી નામની એક સો હાથ લાંબી પત્રિકા લખી ગુરૂજી ઉપર મોકલી, તથા ચાતુર્વેદ્ય વિશારદ્યનિધિ, ઉપદેશ રત્નાકર પ્રમુખ અનેક ગ્રંથોની રચના કરી. વળી તેમનું શ્રી સ્તંભતીર્થમાં દફૂરખાને "વાદી ગોકુલસંડ" એવું નામ પ્રસિદ્ધ થયું. તેમને દક્ષિણમાં "બાલસરસ્વતી" એવું નામ પ્રાપ્ત થયું. તેઓ આઠ વર્ષ ગણનાયક, અને ત્રણ વર્ષ યુગપ્રધાનપદમાં રહ્યા. તેઓ એકસો આઠ વર્તુલિકાના દોપલક્ષક, બાલ્યાવસ્થામાં પણ એક સહસ્ર નવીન શ્લોક દરરોજ કંઠ કરી લેતા હતા. વળી તેમણે સંતિકરંગ નામનું સમહિમ્ન સ્તવન કરી યોગીની કૃત મરકીનો ઉપદ્રવ દૂર કર્યો. ચોવીસ વાર વિધિથી સુરિમંત્રનું આરાધન કર્યું, અને ચૌદ વાર ધારાનગરી પ્રમુખ નગરના સ્વામિ પાંચ રાજાઓએ પોતપોતાના દેશમાં તેમના ઉપદેશથી અમારિકા ઢંઢેરો પિટાવ્યો; તથા શિરોહીના સહસ્રમલ રાજાને પણ અમમાર પ્રવૃત્ત કરી તેમનો તીડનો ઉપદ્રવ ટાળ્યો. તેમનો સંવત ૪ ૩૬) માં જન્મ, (૧૪૪૩) માં દીક્ષા, (૧૪૬૬)માં

વાચકપદ, (૧૪૭૮) માં સુરિપદ. તે વખંતે વૃદ્ધનગરીના શાહ દેવરાજે (૩૨૦૦૦) રૂપીઆ મહોત્સવ માં ખરચ્યા. તથા (૧૫૦૩) ના કારતક શુદી ૧ ને દિવસે તેમનો સ્વર્ગવાસ થયો.

૫૨ શ્રી મુનિસુંદરસુરિની પાટઉપર શ્રી રત્નશેખરસુરિ થયા. તેમનો (૧૪૫૭)માં જન્મ, (૧૪૬૩) માં દીક્ષા, (૧૪૮૩) માં પંડિતપદ, (૧૪૯૩) માં વાચકપદ, (૧૫૦૨) માં સુરિપદ, અને (૧૫૧૭) ના પોષ વદી છઠ્ઠના રોજ સ્વર્ગવાસ થયો. તેમને સ્તંભતીર્થમાં બાંવી નામના ભટ્ટે બાલસરસ્વતિ નામ આપ્યું. તેમના રચેલા ગ્રંથો. શ્રાદ્ધ પ્રતિક્રમણ વૃત્તિ, શ્રાદ્ધ વિધિસૂત્ર વૃત્તિ, લઘુક્ષેત્રસમાસ, આચારપ્રદીપ પ્રમુખ અનેક છે. તેમના વખતમાં લુંકા નામના ભિખારી (લહીઆ) એ સંવત ૧૫૦૮ માં જિનપ્રતિમા ઉત્થાપક લુંકા નામનો મત ચલાવ્યો.

૫૩ શ્રી રત્નશેખરસુરિની પાટઉપર શ્રી લક્ષ્મીસાગરસુરિ થયા. તેમનો સંવત (૧૪૬૪) માં જન્મ, (૧૪૯૦) માં દીક્ષા, (૧૫૦૧) માં વાચકપદ, (૧૫૦૮) માં સુરિપદ. ૫૪ શ્રી લક્ષ્મીસાગરસુરિની પાટઉપર

શ્રી સુમતિસાધુસુરિ થયા. ૫૫ શ્રી સુમતિસાધુસુરિની પાટઉપર શ્રી હેમવિમલસુરિ થયા. તેઓ સિથિલ સાધુઓની વચમાં રહ્યા, તોપણ પોતે સાધુનો આચાર ઉલ્લંઘન કર્યો નહીં; તેથી કેટલાએક દિવસ પછી બહુ સાધુઓએ સિથિલપણું તજી દીધું. વળી ઋષિ હરગિરિ, ઋષિ શ્રીપતિ, ઋષિ ગણપતિ પ્રમુખ બહુ જનોએ લુંપક મતનો ત્યાગ કરી શ્રી હેમવિમલસુરિ પાસે દીક્ષા લીધી. તે અવસરે સંવત (૧૫૬૨) માં કડવા નામના એક વાણીઆએ કડવો મત ચલાવ્યો, અને ત્રણ થુઇ માની; તેમજ આ કાળમાં કોઇ સાધુ દેખાતા નથી એવો પંથ ચલાવ્યો. વળી સંવત (૧૫૭૦) માં લુંકા મતમાંથી નિકળી બીજા નામના વેષધારીએ બીજો મત ચલાવ્યો, તેને લોકો વિજયગચ્છ કહે છે. સંવત (૧૫૭૨) માં નાગપુરીઆ તપગચ્છમાંથી ઉપાધ્યાય પાર્શ્વચંદ્રે નિકળી પોતાના નામથી પાસચંદીઓ મત ચલાવ્યો.

૫૬ શ્રી હેમવિમલસુરિની પાટઉપર શ્રી સુવિહિતમુની ચુડામણિ, કુમતતમ નાશ કરવાને સુર્યસમાન શ્રી આનંદવિમલસુરિ થયા. તેમનો સંવત

(૧૫૪૭) માં જન્મ, (૧૫૫૨) માં દીક્ષા, (૧૫૭૦) માં સુરિપદ. તેમના સાધુઓ પણ સિથિલા હતા, તો પણ તેમના વૈરાગ્યરંગનો ભંગ થયો નહોતો. જ્યારે તેઓએ જોયું કે જિનપ્રતિમાના નિષેધ કરનારાઓ બહુજ વધી ગયા, અને શુદ્ધ સાધુઓ અલ્પમાત્ર રહ્યા, તથા ઉત્સૂત્ર પ્રરૂપણરૂપ જળપ્રવાહમાં ભવ્યજનો તણાવા લાગ્યા, ત્યારે મનમાં દયાદ્રષ્ટિ લાવી પોતાના ગુરૂની આજ્ઞાથી કેટલાએક સંવિજ્ઞસાધુઓને સાથે લઇ સંવત (૧૫૮૨) માં સિથિલાચારનો પરિહાર કરી ક્રિયાઉદ્ધાર કર્યો, અને દેશમાં વિહાર કરી અનેક ભવ્યજનોનો ઉદ્ધાર કર્યો; તથા અનેક શેઠોના પુત્રોને ધન કુટુંબના મોહનો ત્યાગ કરાવી દીક્ષા આપી. વળી સૌરાષ્ટ્રના રાજા પાસે એવા કરાર લખાવ્યા કે જે જીતે તે અમારા દેશમાં રહે, અને હારે તે અમારા દેશમાંથી નિકળી જાય. વળી તૃણસિંહ નામના શ્રાવક કે જેમને બાદશાહે પાલખી આપી હતી, અને મલિક શ્રી નગદલ એવું બિરૂદ આપ્યું હતું, તે તૃણસિંહ શ્રાવકે વિનંતિ કરી કે, સાધુઓને સોરઠ દેશમાં વિહાર કરાવો; તે-

થી ગુરૂજીયે ગણિ જગર્ષિને સાધુઓની સાથે સોરઠ દેશમાં વિહાર કરવા મોકલ્યા. વળી જેસલમેર પ્રમુખ મારવાડ દેશમાં જળની દૂર્લભતાથી પૂર્વે શ્રી સોમપ્રભસુરિયે સાધુઓનો વિહાર બંધ કર્યો હતો, તે મારવાડ દેશ કુમતિવ્યાપ્ત ન થઇ જાય, તે સારૂં તે દેશના જીવો ઉપર અનુકંપા લાવી તથા લાભ જાણી સાધુઓને આજ્ઞા કરી કે તમે મારવાડમાં વિહાર કરી કુમતિનું ખંડન કરો.

આ અવસરે લઘુવયમાં શિયલથી શ્રી સ્થૂલિભદ્રસમાન વૈરાગ્યનિધિ, નિસ્પૃહાવધિ, જાવજીવ જઘન્યથી જઘન્ય ષષ્ટ તપના કરનારા અને પારણાને દિન આચામ્લના કરનારા એવા અભિગ્રહ ધારી મહોપાધ્યાય શ્રી વિદ્યાસાગર ગણીયે મારવાડ દેશમાં વિહાર કર્યો. તેમણે જેસલમેરાદિમાં ખરતરોને, મેવાડ દેશમાં બીજા મતિયોને, અને મોખીઆદિમાં લુંકા મતિયોને પ્રતિબોધી શ્રાવક બનાવ્યા; તે આજ સુધી પ્રસિદ્ધ છે. વળી પાર્શ્વચંદ્ર કદાગ્રહી હતો, તેની સાથે વીરમગામમાં વાદ કરી તેને નિરૂત્તર કર્યો; અને બહુ જનોને જૈનધર્મ અંગિકાર ક-

રાવ્યો. તેજ પ્રમાણે માળવ પ્રમુખ દેશોમાં વિહાર કરી ધર્મની પ્રવર્તિ કરી. શ્રી વિદ્યાસાગર ઉપાધ્યાય જીયે તપગચ્છની ફરી વૃદ્ધિ કરી, અને ક્રિયાઉદ્ધાર કર્યો. પછી શ્રી આનંદવિમલસુરિજી ચૌદ વર્ષ સુધી જઘન્યથી પણ નિયત તપ વર્જી છઠ્ઠથી કમ તપ કરતા નહોતા. વળી તેમણે ચતુર્થ, ષષ્ટ તપથી વીસસ્થાનકની આરાધના કરી, અને સંવત (૧૫૯૬) માં નવ દિનનું અનસન કરી સ્વર્ગે ગયા.

૫૭ શ્રી આનંદવિમલસુરિની પાટઉપર શ્રી વિજયદાનસુરિ થયા. તેમણે સ્તંભતીર્થ, અમદાવાદ, મહીશાનક, ગંધારબંદર પ્રમુખમાં મહા મહોત્સવ પૂર્વક અનેક જિનબિંબોની પ્રતિષ્ટા કરી. તેમના ઉપદેશથી બાદશાહ મહમદના માન્યમંત્રી ગલરાજા, અપર નામ મલિક શ્રી નગદલે શ્રી સેત્રુંજય તીર્થનો મોટો સંઘ કાઢયો. વળી તેમના ઉપદેશથી ગાંધાર નગરના શ્રાવક રામજીયે તથા અમદાવાદના શા. કુંવરજી પ્રમુખે શ્રી સેત્રુંજયઉપર ચૌમુખ, અષ્ટાપદાદિ જિનમંદિરો બંધાવ્યાં. ગિરનાર ઉપર જીર્ણ પ્રાસાદોનો ઉદ્ધાર કરાવ્યો. તેમનો સૂર્યની પેઠે ઉદય

થવાથી વાદીરૂપી તારાઓ અદૃષ્ય થવા લાગ્યા. તે શ્રી વિજયદાનસુરિ સર્વ સિદ્ધાંતના પારગામી, અખંડિત પ્રતાપવાળા, તથા અપ્રમત અને રૂપે શ્રી ગૌતમ મુનિવત્ હતા. તેઓ ગુજરાત, માળવા, કચ્છ, મારવાડ, તથા કુંકણાદિ દેશોમાં અપ્રતિબદ્ધ વિહાર કરતા હતા. અને મહા તપસ્વી, જાવજીવ માત્ર ઘી શિવાય સર્વ વિગયના ત્યાગી હતા. તેમણે એકાદશાંગસૂત્ર અનેકવાર શુદ્ધ કર્યાં, અને બહુ જનોને ધર્મ પ્રાપ્ત કરાવ્યો. તેમનો સંવત (૧૫૫૩) માં જન્મ, (૧૫૬૨) માં દીક્ષા, (૧૫૮૭) માં સુરિપદ, અને (૧૬૧૨) માં વટપલ્લીમાં અનશન કરી સ્વર્ગે ગયા.

૫૮ શ્રી વિજયદાનસુરીની પાટઉપર શ્રી હીરવિજયસુરિ થયા. તેમનો સંવત (૧૫૮૩) માં માગસર સુદી ૯ ના રોજ પ્રલ્હાદનપુર નિવાશી ઉકા જાતિના શા. કુરાની ભાર્યા નાથીના ઉદરથી જન્મ થયો. સંવત (૧૫૯૬) ના કારતક વદી ૨ ના રોજ પાટણમાં તેમને દીક્ષા પ્રાપ્ત થઇ, તથા (૧૬૦૭) માં નારદપુરીમાં શ્રી રીષભદેવજીના મંદિરમાં પંડિતપદ, (૧૬૦૮) ના માહા સુદી ૫ ના રોજ નારદપુરીમાં વર-

કાણક પાર્શ્વનાથસનાથે નેમજિન પ્રાસાદે વાચકપદ, અને (૧૬૧૦) માં શિરોહીનગરમાં સૂરિપદ પ્રાપ્ત થયું. તેમના સૌભાગ્ય, વૈરાગ્ય, નિઃસ્પૃહતાદિ ગુણોને વચનગોચર કરવાને બૃહસ્પતિમાં પણ ચાતુર્યતા નહોતી. તેમના સ્તંભતીર્થના વિહારમાં શ્રદ્ધાવાનોયે એક ક્રોડ રૂપીઆ પ્રભાવનાદિ ધર્મકૃત્યોમાં ખરચ્યા. વળી તેમના ચરણ વિન્યાસના પ્રતિપદમાં બે મોહોરો તથા એક રૂપીઓ મોચન કર્યા. તેમની શેવામાં શ્રદ્ધાળુશ્રાવકોએ મોતીના સાથીઆ કર્યા. વળી શ્રી ગુરૂજીયે શિરોહીનગરમાં શ્રી કુંથુનાથસ્વામિની પ્રતિષ્ઠા કરી, તથા નારદપુરમાં અનેક સહસ્ર બિંબોની પ્રતિષ્ઠા કરી. તેઓના વિહારમાં યુગપ્રધાન અતિશય દેખવામાં આવતા હતા. વળી અમદાવાદમાં લુંકામતનો પુજ્ય ઋષિ મેઘજીએ પોતાનો લુંકામત દુર્ગતિનો હેતુ જાણી પોતાની આચાર્યપદવી રજની પેઠે છોડી દઇ પચીસ યતિઓની સાથે સકળ રાજાધિરાજ બાદશાહ શ્રી અકબરશાહની આજ્ઞાપૂર્વક બાદશાહી વાજીંત્ર બજાવતાં થકાં મહામહોત્સવપૂર્વક શ્રી સૂરિજીની પાસે

દિક્ષા લીધી. આવી બિના કોઇ આચાર્યના સમયમાં બની નહોતી. વળી શ્રી ગુરૂજીના ઉપદેશથી અકબર બાદશાહે પોતાના સર્વ રાજ્યમાં એક વર્ષમાં છ મહીના સુધી જીવહિંસા બંધ કરી, તથા જજીઆવેરો બંધ કર્યો. તેની સંક્ષિપ્ત બિના નિચે મુજબઃ—

એકદા પ્રસ્તાવે પ્રધાન પુરૂષોના મુખથી અકબરશાહે શ્રી હીરવિજયસુરિના નિરૂપમ શમ, દમ, સંવેગ વૈરાગ્યાદિ ગુણો શ્રવણ કર્યા, તેથી સૂરિજીને પોતાનું નામાંકિત ફુરમાન મોકલી બહુ માનપુરસ્સર ગંધારબંદરથી આગ્રાની નજીકના ફત્તેપુર નગરમાં દર્શન કરવાને બાદશાહે બોલાવ્યા. તેવારે ગુરૂજી પણ અનેક ભવ્યજીવોને ઉપદેશ આપતા, અનુક્રમે વિહાર કરતાથકા સંવત ૧૬૩૯ ના જેષ્ટ વદી ૧૩ ને દિને ફત્તેપુરમાં આવ્યા; તે સ્થળે બાદશાહના શિરોમણિ પ્રધાન અબુલફજલ દ્વારા શ્રી વિમલહર્ષગણિ પ્રમુખ અનેક મુનિયોના પરિવાર સહિત બાદશાહ સાથે મેળાપ કર્યો. તે અવસરે બાદશાહે સૂરિજીને બહુ આદરસત્કાર કરી સભામાં બેસાડ્યા. પછી બાદશાહે સૂરિજીને પરમેશ્વરનું સ્વરૂપ,

ગુરૂનું સ્વરૂપ, તથા ધર્મનું સ્વરૂપ શું છે ? તથા પરમેશ્વર કેવી રીતે પ્રાપ્ત થાય ? ઈત્યાદિ ધર્મવિચાર પૂછ્યા. તેવારે સૂરિજીએ મધૂરવાણીથી બાદશાહને કહ્યું કેઃ—જેનામાં અઢાર દૂષણ ન હોય તે પરમેશ્વર છે; પંચમહાવ્રતાદિ ધારણ કરનારા ગુરૂ છે, અને આત્માનો શુદ્ધ સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે, તે ધર્મ છે. ઇત્યાદિ વિસ્તારપૂર્વક ધર્મોપદેશ બાદશાહે ગુરૂજી પાસે શ્રવણ કર્યો; તેથી આગ્રાથી અજમેર સુધી પ્રતિકોશ કુવા મિનારાસહિત કરાવ્યા તથા જીવહિંસા બંધ કરી અને દયાવાન થયા.

એકદા અકબર બાદશાહ અતિ તુષ્ટમાન થઈ જવાથી કહેવા લાગ્યા કેઃ—હે પ્રભુ ! આપ પુત્ર, કલત્ર, ધન, સ્વજન, દેહાદિ મમત્વરહિત છો, તેથી આપ સોનું, ચાંદી તો લેતા નથી; પરંતુ અમારા મકાનમાં જૈનમતનાં પુરાતની પુસ્તકો બહુ છે, તે આપ લેવાનો અનુગ્રહ કરે પછી બાદશાહના બહુ આગ્રહથી શ્રી ગુરૂજીએ સર્વ પુસ્તક લઇ આગ્રાનગરના જ્ઞાનભંડારમાં સ્થાપન કર્યા. બાદ ગુરૂજી એક પહોર સુધી બાદશાહની સાથે ધર્મગોષ્ટી કરી બડા

આડંબરથી ઉપાશ્રયમાં આવ્યા. તે વખતે લોકોમાં જૈનમતની બહુજ ઉન્નતિ થઇ. તે વરસે આગ્રાનગરમાં ચોમાસું કરી સોરીપુરનગરે શ્રી નેમિનાથની યાત્રા કરવા ગયા. ત્યાં શ્રી રિષભદેવ અને નેમિનાથજીની બહુ પુરાતની પ્રતિમાઓની તથા તત્કાળના બનાવેલા શ્રી નેમિનાથના ચરણોની પ્રતિષ્ઠા કરી. બાદ આગ્રામાં શા. ગાનસિંહ કલ્યાણમલ્લના બનાવેલા શ્રી ચિંતામણી પાર્શ્વનાથાદિ બિંબોની પ્રતિષ્ઠા કરી. તે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ આજસુધી આગ્રામાં પ્રસિદ્ધ છે. પછી શ્રી ગુરુજી ફરી ફત્તેપુર નગરમાં ગયા, અને અકબર બાદશાહને મળ્યા, તે વખતે એક પહર ધર્મગોષ્ટી કરી તથા ધર્મોપદેશ દીધો. તેવારે બાદશાહ કહેવા લાગ્યા કે, મેં આપને દર્શનોત્કંઠિત થઇ દૂર દેશથી બોલાવ્યા અને વિનંતિ કરી, પરંતુ આપ અમારી પાસેથી કંઇપણ લેતા નથી; તેથી ફરીથી વિનંતિ કરીએ છીએ કે, આપને જે રૂચે તે અમારી પાસેથી માગી લેવું જોઇયે; જેથી અમારો મનોરથ સફળ થાય. તે સાંભળી ગુરૂજીયે સમ્યક્ વિચાર કરી કહ્યું કે, આપના સર્વ રા-

જ્યમાં પર્યૂષણના આઠ દિવસોમાં કોઇપણ જાનવરનો વધ ન થાય, તથા બંધિવાનો મુક્ત થાય, આ અમારી માગણી છે. પછી બાદશાહે ગુરૂને નિર્લોભી, શાંત, દાંત, જાણી કહ્યું કે, આઠ દિવસ તમારી તરફથી અને ચાર દિવસ મારી તરફથી મળી બાર દિવસ સુધી અર્થાત્ શ્રાવણ વદી ૧૦ થી તે ભાદરવા શુદી ૬ સુધી કોઇપણ જાનવરોને મારા રાજ્યમાં મારવામાં આવશે નહીં. પછી બાદશાહે સોનાના અક્ષરોથી લખાવી છ પરવાના શ્રી ગુરૂજીને આપ્યા. તે છ પરવાના આ પ્રમાણેઃ—૧ શ્રી ગુજરાત દેશનો, ૨ માળવ દેશનો, ૩ અજમેર દેશનો, ૪ દિલ્લી ફત્તેપુરના દેશનો, ૫ લાહોર મુલતાન મંડલનો, અને ૬ શ્રી ગુરૂજીને પાસે રાખવાનો. પછી પૂર્વોક્ત પાંચે દેશના સાધારણ પરવાના તે તે દેશમાં મોકલી અમારીપડહ વગડાવ્યો; તેથી બાદશાહના હુકમથી નહોતા જાણતા એવા સર્વ આર્ય, અનાર્ય, કુલમંડપમાં દયારૂપ વેલ વિસ્તારવાન્ થઇ ગઇ. બંધિવાન જનોને પણ બાદશાહે ગુરૂ પાસેથી ઉઠી તત્કાળ મુક્ત કર્યા. વળી અનેક દેશવાળાઓએ અનેક જાતનાં જાન-

વગેરે ભેટ મોકલ્યાં હતાં, તે સર્વને પોતે એક કોશના તળાવઉપર જઈ પોતાના હાથથી છોડી દીધાં. બાદશાહની સાથે ગુરૂજીને અનેકવાર મેળાપ થયો, અને અનેક જિનમંદિર તથા ઉપાશ્રયોનો ઉપદ્રવ બાદશાહે દૂર કર્યો. જ્યારે શ્રી હીરવિજયસુરિ બીજે દેશ વિહાર કરવા લાગ્યા, ત્યારે બાદશાહે તેમને જે પરવાનો લખી આપ્યો, તેની નકલ નિચે મુજબઃ-

દેશ માળવા, અકબ્બરાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મીરત, ગુજરાત, બંગાળા, તથા હાલ જે જે મુલક મારા તાબામાં છે, તે સર્વના સુબા, મુસદ્દી, કરોરી તથા જાગીરદાર સર્વેને માલમ થાય જે, અમારો સંપૂર્ણ ઇરાદો એવો છે કે, સર્વ રૈયતના મનને સંતોષ પમાડવો; કારણકે રૈયતના મનને સંતોષ તે પરમેશ્વરની એક મોટી મેહેરબાની છે; વળી વિશેષ રીતે વૃદ્ધાવસ્થામાં મારો એવો ઇરાદો છે કે, મારૂં સારૂં ઇચ્છનારી સર્વ રૈયત સુખી રહે, તે કારણથી દરેક ધર્મના લોકોમાંથી જે સારા વિચારવાળા, પરમેશ્વરની ભક્તિ કરવામાં પોતાની ઉમર પૂરી કરનારા છે, તેઓને દૂર દૂર દેશોથી મેં મારા

પાસે બોલાવ્યા, અને તેઓની પરિક્ષા કરી તેમને મારી સોબતમાં રાખું છું, અને તેમની વાતો સાંભળી હું બહુ ખુશી થાઉં છું; તે પ્રમાણે કરતાં થકાં મારા સાંભળવામાં આવ્યું કે શ્રી હીરવિજયસુરિ, જૈનશ્વેતાંબર મતના આચાર્ય ગુજરાતના બંદરોમાં પરમેશ્વરની ભક્તિ કરે છે, તેમને મેં મારી પાસે બોલાવ્યા, અને તેમની મુલાકાત કરી હું બહુ ખુશી થયો છું. કેટલાએક દિવસ પછી જ્યારે તેઓએ પોતાને વતન જવાની રજા માગી, તે પ્રસંગે તેઓએ અરજ કરી કે, ગરીબ પરવરની મરજીથી આ પ્રમાણે હુકમ થવો જોઇએ.

સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, આબુજીનો પહાડ જે ગુજરાતમાં છે, કેશરીઆનાથજી, રાજગૃહના પાંચ પહાડ, તથા સમેતશિખર ઉર્ફે પાર્શ્વનાથનો પહાડ જે બંગાળામાં છે, તે પહાડો ઉપર તથા નિચે, સર્વ મંદિરોની કોઠીઓમાં તથા સર્વ ભક્તિ કરવાની જગાઓમાં, તથા જે જે તિર્થની જગાઓ, જૈનશ્વેતાંબર ધર્મની મારા તાબાના મુલકોમાં હોય, તે પહાડો, મંદિરો, થતા જગાની આસપાસ કોઇપણ આદમીયે કોઇપણ જનાવર મારવું નહીં. આ પ્રમાણે તેમણે અરજ કરી.

તે આચાર્ય બહુ દૂરથી અમારી પાસે આવ્યા છે, અને તેમની આ અરજ વ્યાજબી અર્થાત્ સત્ય છે. યદ્યપિ આ અરજ મુસલમાનીમતથી વિરૂદ્ધ છે, તોપણ પરમેશ્વરને પિછાનનારા આદમીઓનો આ દસ્તુર છે કે, કોઇ કોઇના ધર્મમાં દખલ ન કરે, અને તેમનો રિવાજ બહાલ રાખે; તે કારણથી આ અરજ મારી સમજમાં સાચી લાગે છે. વળી સર્વ પહાડ તથા પૂજાની જગા બહુ વખતથી જૈનશ્વેતાંબરી ધર્મવાળાની છે, તે કારણથા તેમની અરજ કબૂલ કરવામાં આવી છે; અને સિદ્ધાચળનો પહાડ, ગિરનારનો પહાડ, તારંગાજીનો પહાડ, કેસરીઆજીનો પહાડ, આબુનો પહાડ, રાજગૃહના પાંચ પહાડ, તથા સમેતશિખર ઉર્ફે પાર્શ્વનાથનો પહાડ જે બંગાળાના મૂલકમાં છે, તે સર્વ પૂજાની જગાઓ, તથા પહાડ નિચે તિર્થની જગાઓ જે મારા રાજ્યમાં છે, તથા ગમે તે ઠેકાણે જૈનશ્વેતાંબરી ધર્મની જગા હોય તે હીરવિજય જૈનશ્વેતાંબરી આચાર્યને આપવામાં આવી છે. અને તેમણે સારી રીતે પરમેશ્વરના ભક્તિ કરવી જોઇએ.

વળી એક વાત આ પણ યાદ રાખવી જોઇએ કે,

આ જૈન શ્વેતાંબરીધર્મના પહાડો, પૂજાની જગા, તથા તિર્થની જગા, જે મેં શ્રી હીરવિજયજીસૂરિને આપેલ છે, તે સર્વ જગાઓ હકીકતમાં તો જૈન શ્વેતાંબરધર્મવાળાઓનીજ છે, તેથી જ્યાંસુધી સૂર્યથી દિન રોશન રહે, અને જ્યાંસુધી ચંદ્રમાંથી રાત રોશન રહે, ત્યાંસુધી આ ફુરમાન (પરવાના) નો હુકમ જૈનશ્વેતાંબરી ધર્મના લોકોમાં સૂર્ય તથા ચંદ્રમાની પેઠે પ્રકાશિત રહે; અને કોઇ આદમી તેમને હરકત ન કરે. વળી કોઇ આદમીએ તે પહાડો ઉપર, તેની નિચે, તથા તેની આસપાસ પૂજાની જગાઓમાં તથા તિર્થની જગાઓમાં જાનવર મારવું નહીં, અને આ હુકમ મુજબ અમલ કરવો. આ હુકમથી ફરવું નહીં, તથા નવીન સનંદ માગવી નહીં. લખી. તારીખ ૭ મી માહ ઉરદી બહેસ મુતાબેક માહ રબીયુલઅવલ સન ૩૭ જુલસી.

વળી થાનસિંહની કરાવેલી તથા બીજા શાહ દુજણમલ્લની કરાવેલી શ્રી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા લાખો રૂપીઆ મહોત્સવમાં વપરાવી કરી. તેઓએ પ્રથમ ચાતુર્માસ આગ્રામાં, બીજુ ફત્તેપુરમાં, ત્રીજુ ભિરામનગરમાં, અને ચોથુ ફરી આગ્રામાં, એ રીતે કર્યા.

બાદ બાદશાહની ગોષ્ટી વાસ્તે શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાયને રાખીને શ્રી ગુરૂજી પોતે મેહેડતા તથા નાગપુરમાં ચાતુર્માસિ કરી શિરોહીનગરમાં ગયા; ત્યાં નવા ચતુર્મુખ પ્રાસાદમાં શ્રી આદિનાથના બિંબની તથા શ્રી અજીતનાથ પ્રાસાદમાં શ્રી અજીતનાથના બિંબની પ્રતિષ્ઠા કરી, અનુક્રમે અર્બુદાચળ યાત્રા કરવા ગયા.

અહીંઆં શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાયે નવીન કૃપારસકોશ નામનો ગ્રંથ રચી અકબર બાદશાહને શ્રવણ કરાવ્યો, તે શ્રવણ કરવાથી બાદશાહને દયાની બહુજ વૃદ્ધિ થઇ; તેથી બાદશાહના જન્મના દિવસથી એક માસ, પર્યૂસણના બાર દિવસ, સર્વ રવિવાર, સર્વ સંક્રાંતિના દિવસો, નવરોજનો માસ, સર્વ ઇદના દિવસો, સર્વ મિહરવાસરા, સર્વ સોફીઅના દિન. ઇત્યાદિ સર્વ મળી એક વર્ષમાં છ મહીના સુધી જીવહિંસા બંધ કરાવી, અને તેના ફુરમાન (પરવાના) લખાવ્યા. જે ફુરમાનો આજસુધી અમારા લોકોની પાસે છે. શ્રી હીરવિજયસુરિએ જૈનમતની વૃદ્ધિ તથા ઉન્નતિ બહુજ કરી, તેમાં કાંઇપણ શંકા નથી. મુસલમાનો પણ તેમનાથી દયાવાન્ થયા, તેમણે સ્તંભ-

તીર્થ સંવત (૧૬૪૬) માં સ્તંભતીર્થવાસી શા. તેજપાળના બનાવેલા મંદિરમાં પ્રતિષ્ઠા કરી.

૫૯ શ્રી હીરવિજયસુરિની પાટઉપર શ્રી વિજયસેનસુરિ થયા. તેમનો સંવત (૧૬૦૪) માં જન્મ, (૧૬૧૩) માં માતા પિતાસહિત દિક્ષા, (૧૬૨૬) માં પંડિતપદ, (૧૬૨૮) માં ઉપાધ્યાયપદ પૂર્વક આચાર્યપદ, (૧૬૫૨) માં ભટ્ટારકપદ, અને (૧૬૭૧) માં સ્તંભતીર્થે સ્વર્ગવાસ થયો. તેમના વેખહર્ષ તથા પરમાનંદ એ બે શિષ્યોએ અકબ્બરબાદશાહના પુત્ર જાંહાંગીરને ધર્મ શ્રવણ કરાવી પ્રતિબોધ કર્યો, અને જાંહાંગીર બાદશાહ પાસેથી ફુરમાન (પરવાનો) કરાવ્યો, તેની નકલ નિચે મુજબઃ—

મારા સર્વ રાજ્યમાં તથા વિશેષે કરી ગુજરાતના સુબા, મોટા હાકેમ, ફીફાયત કરનારા આમીલ, જાગીરદાર, કરોરી તથા સર્વ ખાતાના કારકુનોને માલમ થાય કે, પરમેશ્વરને પિછાનનારા જે લોક છે, તેનો એવો દસ્તૂર છે કે, દરેક મતના તથા કોમના લોકોજ માત્ર નહીં, પરંતુ સર્વ જીવ સુખી રહે તેમ કરવું. હાલમાં વેખહરખ તથા પરમાનંદ યતિયોએ દુનિ-

આની રક્ષા કરનારાઓના દરબારમાં આવી, તખ્તની પાસે ઉભા રહી અરજ કરી કેઃ-વિજયસેનસુરિ તથા વિજયદેવસુરિ, તેમજ જેઓ સારી બુદ્ધિવાળા લોકો છે, તેઓ ઈશ્વરની ભક્તિ કરે છે, તેમજ પ્રાર્થના કરે છે, તથા વેખહરખ અને પરમાનંદ યતિઓની પરમેશ્વરને રાજી રાખવાની હકીકત અમે બહુ સારી રીતે જાણી લીધી; તેથી દુનિયાંને તાબે કરનારનો એવો હુકમ થયો કેઃ-કોઈ આદમીએ આ જૈન લોકોના મંદિરોમાં તથા ધર્મશાળાઓમાં ઉતરવું નહીં; તથા કારણુવિના અડચણ કરવી નહીં. અને જો તે લોકો ફરીથી નવા બનાવવા ચાહે તો તેઓને કોઈ રીતે મના તથા હરકત કરવી નહીં. વળી તેઓના સાધુઓના ઉપાશ્રયમાં તો કોઈએ પણ ઉતરવું નહીં. વળી જો તે લોકો સોરઠમાં શેત્રુંજય તિર્થની યાત્રા કરવાવાસ્તે જાય, તો કોઈપણ આદમીએ તે યાત્રાળુઓ પાસે કાંઈપણ માગવું નહીં, તથા લાલચ કરવી નહીં. વળી સદરહુ વેખહરખ અને પરમાનંદ યતિની અરજ તથા ખાયેશ ઉપર બહુજ ભારે હુકમ આ થાય છે કે, દર અડવાડીઆમાં રવીવાર તથા ગુરૂવાર તથા દર મહિનામાં શુદ પડવાને રોજ

તથા ઇદને દિવસે તથા દર વર્ષમાં નવરોજ અને માહ-માહશાહરયુરમાં જે અમારો મુબારક દિન છે, તેમાં એક એક વર્ષના હિસાબ પ્રમાણે મારા સર્વ રાજ્યમાં કોઇ જીવની હિંસા ન થાય, તથા શિકારનું કામ, પક્ષીયોનું પકડવું, મારવું, તથા માછલાં મારવાં, ઇત્યાદિ સર્વ બંધ કરવું. વળી તેવી રીતનાં બીજાં પણ કામ પૂર્વોક્ત દિવસોમાં ન થવાં જોઇએ. આ વાત જરૂરની છે કે પૂર્વોક્ત હુકમ મુજબ હમેશાં ચલાવવાની કોશિશ કરવી; તથા મારા ફુરમાનના હુકમથી કોઇ ફરે નહીં, વિરૂદ્ધ ચાલે નહીં. લખી. તા. માહ સહર યુરમે સન્ ૩૭ જુલસી.

૬૦ શ્રી વિજયસેનસુરિની પાટઉપર શ્રી વિજય-દેવસુરિ થયા. તેમનો સંવત (૧૬૩૪) માં જન્મ, (૧૬૪૩) માં દીક્ષા, (૧૬૫૫) માં પંડિતપદ, (૧૬૫૬) માં ઉપાધ્યાયપદપૂર્વક આચાર્યપદ, અને (૧૬૮૧) માં સ્વર્ગવાસ થયો. ૬૧ શ્રી વિજયદેવસુરિની પાટ ઉપર શ્રી વિજયસિંહસુરિ થયા. તેમનો સંવત (૧૬૪૪) માં જન્મ, (૧૬૫૪) માં દીક્ષા, (૧૬૭૩) માં વાચક-પદ, (૧૬૮૨) માં સુરિપદ, અને (૧૭૦૮) માં સ્વર્ગ

વાસ થયો. તેમના શિષ્ય શ્રી સત્યવિજયગણિ થયા, તેમજ મહોપાધ્યાય ષટ્શાસ્ત્રવેત્તા, ન્યાયવિશારદ, મહાવૈયાકરણિ, તાર્કિકશિરોમણિ, બુદ્ધિસમુદ્ર શ્રી યશોવિજય ગણિ થયા. તેઓ બંન્નેએ શ્રી વિજયસિંહસુરિની આજ્ઞા લઇ ગચ્છમાં ક્રિયાશિથિલ સાધુઓને દેખી, તથા ઢુંઢકમતના પાખંડનો પ્રચાર દૂર કરવા વાસ્તે ક્રિયાઉદ્ધાર કર્યો. શ્રી યશોવિજયગણિએ કાશીના પંડિતોમાં જયપતાકાનો ઝુંડો પ્રાપ્ત કર્યો, અને ગુજરાત પ્રમુખ દેશોમાં પ્રતિમાઉત્થાપક કુલિંગિયોના મતરૂપ અંધકારને પ્રતિમાશતકાદિ અનેક ગ્રંથોના તેજથી દૂર કર્યો. તેમના રચેલા મહાન ગ્રંથો. અધ્યાત્મસાર, સ્યાદ્વાદકલ્પલત્તા, શાસ્ત્રસમુચ્ચયવૃત્તિ, મલ્લવાદીસૂરિકૃત નયચક્ર ઉદ્ધારાદિક અનેક મોટા (૧૦૦) ગ્રંથ છે.

શ્રી સત્યંવિજય ગણિજી ક્રિયાઉદ્ધાર કરી શ્રી આનંદઘનજીની સાથે બહુ વર્ષ સુધી વનવાસમાં રહ્યા, તથા મહા તપસ્યા યોગાભ્યાસ પ્રમુખ કર્યું. જ્યારે બહુજ વૃદ્ધ થઇ ગયા, અને પગમાં ચાલવાની શક્તિ ન રહી, ત્યારે અણહિલપુરપાટણમાં આવી રહ્યા,

તેમના ઉપદેશથી ૧ ગણિ કપુરવિજય પંડિત, ૨ પંડિત કુશલવિજયજી એ બે શિષ્ય થયા. ગણિ કપુર-વિજયજીએ અનેક અર્હંતબિંબોની પ્રતિષ્ઠા કરી, અને અનેક ગામ તથા શેહેરમાં ધર્મની વૃદ્ધિ કરી, તથા મહા પ્રભાવિક થયા. શ્રી ગણિ કપુરવિજયજીને બે શિષ્ય થયા. ૧ પંડિત વૃદ્ધિવિજયગણિ, ૨ પંડિત ક્ષમાવિજયગણિ. પંડિત ક્ષમાવિજયગણિના શિષ્ય પંડિત શ્રી જીનવિજયગણિ, તેમના શિષ્ય પંડિત શ્રી ઉત્તમવિજયગણિ, તેમના શિષ્ય પંડિત પદ્મવિજય-ગણિ, તેમના શિષ્ય પંડિત રૂપવિજયગણિ, તેમના શિષ્ય પંડિત કસ્તુરવિજયગણિ, તેમના શિષ્ય મુનિ મણિવિજયગણિ, તેમના શિષ્ય મુનિ બુદ્ધિવિજય-ગણિ, તેમના શિષ્ય પંડિત મુક્તિવિજયગણિ, તેમના હસ્તથી દિક્ષીત લઘુ ગુરૂભ્રાતૃ જૈનતત્વાદર્શ ગ્રંથના લખનાર મુનિ આત્મારામજી (આનંદવિજયજી).

૬૨ શ્રી વિજયસિંહસુરિની પાટઉપર શ્રી વિજય પ્રભસુરિ થયા. તેમનો સંવત (૧૬૭૫) માં જન્મ, (૧૬૮૯) માં દીક્ષા, (૧૭૦૧) માં પંડિતપદ, (૧૭૧૦) માં ઉપાધ્યાયપદ, (૧૭૧૩) માં ભટ્ટારકપદ, અને

(૧૭૪૯) માં સ્વર્ગવાસ થયો. તેમના વખતમાં ઢુંઢીયાનો પંથ પ્રગટ થયો.

૬૩ શ્રી વિજયપ્રભસુરિની પાટઉપર શ્રી વિજયરત્નસુરિ થયા. ૬૪ શ્રી વિજયરત્નસુરિની પાટઉપર શ્રી વિજયક્ષમાસુરિ થયા. ૬૫ શ્રી વિજયક્ષમાસુરિની પાટઉપર શ્રી વિજયદયાસુરિ થયા. ૬૬ શ્રી વિજયદયાસુરિની પાટઉપર શ્રી વિજયધર્મસુરિ થયા. ૬૭ શ્રી વિજયધર્મસુરિની પાટઉપર શ્રી જીનેંદ્રસુરિ થયા. ૬૮ શ્રી જીનેંદ્રસુરિની પાટઉપર શ્રી દેવેંદ્રસુરિ થયા. ૬૯ શ્રી દેવેંદ્રસુરિની પાટઉપર શ્રી વિજયધરણેંદ્રસુરિ થયા. તેમની પાટઉપર શ્રી રાજેંદ્રસુરિ થયા.

॥ ઇતિ શ્રી તપાગચ્છની ગુરુઆવળી. ॥

॥ ઇતિ શ્રી મહાવીરસ્વામિનું ચરિત્ર તથા તપાગચ્છની ગુરુઆવળી. ॥

ભાગ ૧ લો સમાપ્ત.

ભાગ ૨ જો.

ગૌતમપૃચ્છા.

नमिऊण तित्थंनाहं, जाणंतो तहय गोयमो भयवं ॥
अबुहाण बोहणत्थं, धम्मऽधम्मं फलं वुच्छे ॥ १ ॥

અર્થ-તિર્થના નાથ શ્રી મહાવીર ભગવાન્‌ને નમસ્કાર કરીને શ્રુતકેવળી શ્રી ગૌતમસ્વામી પોતે ચાર જ્ઞાનના ધણી શ્રુતજ્ઞાનના બળથી અસંખ્યાતા ભવ સંબંધી સંદેહને જાણતા છતાં પણ અબોધ જીવોને બોધ થવાને અર્થે અડતાળીસ પ્રશ્નોના ઉત્તર ભગવંતે દીધા. તે નિચે મુજબઃ—

પ્રશ્ન. ૧–હે ભગવાન્‌! કિયા કર્મના યોગે જીવ નરકને વિષે જાય ?

ઉત્તર. ૧–હે ગૌતમ! જે જીવ જીવહિંસા કરનારો હોય, જુઠું બોલનારો હોય, ચોરી કરનારો હોય, પરસ્ત્રીગમન કરનારો હોય, પાપરૂપ પરિગ્રહમાં ઘણોજ આશક્ત હોય, પ્રકૃતિયે ઘણોજ ક્રીસાળ

હોય, અહંકારી હોય, ધૃત એટલે કોઇને નમે નહિ તેવો હોય, કપટી હોય, નિષ્ટુર એટલે કઠોરચિત્તવાળો હોય, રૌદ્ર સ્વભાવનો હોય, પાપી હોય, પારકી ચાડી કરનારો હોય, દુર્જન હોય, અતિ પાપની વસ્તુનો સંગ્રહનાર હોય, સાધુની નિંધા કરનારો હોય, નિચ સ્વભાવવાળો હોય, અસબંધ વચન બોલનાર હોય, દુષ્ટબુદ્ધિવાળો હોય, અને કૃતઘ્ન એટલે કરેલા ઉપકારને ઓળવનારો હોય, તે જીવ મરીને ઘણા દુઃખથી અને શોકથી ભરેલા નરકમાં જાય.

પ્ર૦ ૨—હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ સ્વર્ગ (દેવલોક)ને વિષે જાય ?

ઉ૦ ૨—હે ગૌતમ ! જે જીવ તપ, સંયમ, અને દાન તેને વિષે રક્ત હોય, પ્રકૃતિયે ભદ્રકપરિણામી હોય, કૃપાળુ (દયાવંત) હોય, ગુરૂના વચનને વિષે નિરંતર રક્ત હોય, અને ગુરૂના કહ્યા પ્રમાણે ચાલનારો હોય, તે જીવ મરીને સ્વર્ગમાં જાય.

પ્ર૦ ૩—હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ તિર્યંચપણું પામે ?

ઉ० ૩–હે ગાૈતમ ! જે જીવ પોતાના કાર્ય માટે મિત્રની શેવા કરે, પછી પોતાનું કાર્ય સિદ્ધ થયા પછી મિત્રને બોલાવે પણ નહીં, એવો ક્રુરપરિણામી હોય, તથા ગુઢમતિવાળો એટલે (પોતાના હૃદયની વાત કોઈના આગળ કહે નહીં), તે જીવ મરીને તિર્યંચપણું પામે.

પ્ર० ૪–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ મનુષ્યપણું પામે ?

ઉ० ૪–હે ગાૈતમ ! જે જીવ સરલચિત્તવાળો હોય, માનરહિત એટલે નિરહંકારી હોય, ક્ષમાવંત હોય, જીવ ઘાતાદિ દોષરહિત હોય, સુપાત્રને દાન દેનારો હોય, ન્યાયવંત હોય, મુનિરાજના ગુણ કિર્તન કરનારો હોય, તે જીવ મરીને મનુષ્યપણું પામે.

પ્ર० ૫–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે સ્ત્રી મરણુ પામીને પુરૂષપણું પામે ?

ઉ० ૫–હે ગાૈતમ ! જે સ્ત્રી સંતોષવાન હોય, વિનીત હોય, સરળચિત્તવાળી હોય, સ્થિરસ્વભાવવાળી હોય, અને સત્યવચન બોલનારી હોય, તે સ્ત્રી મરીને પુરૂષપણું પામે.

પ્ર૦ ૬–હે ભગવાન્! કિયા કર્મને યોગે પુરૂષ મરણ પામીને સ્ત્રીપણું પામે ?

ઉ૦ ૬–હે ગૌતમ ! જે પુરૂષ ચંચલસ્વભાવી હોય, શઠ હોય, કદાગ્રહી હોય, માયાકપટે કરી સગાં સબંધિને ઠગનારો હોય, અને કોઇનો પણ વિશ્વાસ કરનારો ન હોય, તે પુરૂષ મરણ પામીને સ્ત્રીપણું પામે.

પ્ર૦ ૭–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે પુરૂષ મરણ પામીને નિપુષકપણું પામે ?

ઉ૦ ૭–હે ગૌતમ ! જે પુરૂષ ઘોડા, બળદ, અને બોકડા પ્રમુખ પશુઓને લાંછે, આંક દેવરાવે, નાક વીંધે, ગલકંબલ અને કાન કાપે, તે જીવં સર્વ મનુષ્યોમાં હીણો અધર્મી જાણવો. તે પુરૂષ મરીને નપુષકપણું પામે.

પ્ર૦ ૮–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ અલ્પાયુષ (થોડા આઉખાવાળો) થાય ?

ઉ૦ ૮–હે ગૌતમ ! જે જીવ નિર્દયમનથી જીવને મારે, સ્વર્ગ, મોક્ષ, પ્રમુખ પરલોકને કિંચિત્માત્ર પણ માને નહીં અને અતિ સંકિલષ્ટ વિરૂદ્ધ કર્મોને આચરે તે જીવ પરભવે અલ્પઆયુષ્યવાળો થાય.

પ્ર૦ ૯–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ દીર્ઘાયુષ (લાંબા આઉખાવાળો) થાય ?

ઉ૦ ૯–હે ગૌતમ ! જે જીવ જીવોને ન મારે, દયાવંત હોય, અભયદાન દેઇને હૃદયમાં સંતુષ્ટ થાય, હર્ષ આણે, તે જીવ નિશ્ચે પરભવે ઘણા આઉખાવાળો થાય.

પ્ર૦ ૧૦–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ ભોગ રહિત થાય ? એટલે ધન આદિક છતાં પણ ભોગવી શકાય નહીં.

ઉ૦ ૧૦–હે ગૌતમ ! જે જીવ જે વસ્તુ આપણી પાસે તૈયાર હોય તે ન આપે, તથા આપે તો પાછળથી પશ્ચાતાપ કરે, તથા જે આપતો હોય તેને આપતાં વારે, એવા કર્મે કરીને તે ભોગરહિત થાય. એટલે ઘણા ધને પણ ભોગવી શકે નહીં.

પ્ર૦ ૧૧–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ ભોગ સહિત એટલે મળેલા ધનાદિકને ભોગવી શકે તેવા થાય ?

ઉ૦ ૧૧–હે ગૌતમ ! જે જીવ શય્યા, પાટ, સંથારો, આસન, પાટલો, પોંછાણું, કાંબલ, વસ્ત્ર, અને

ભાતપાણી, જે મહાત્મા (મુનિ)ને દેવાયોગ્ય વસ્તુ હોય, તે હૈયાની વાસનાયે કરી સંતુષ્ટ થયે આપે, તે જીવ ભોગવંત સુખી થાય.

પ્ર૦ ૧૨–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ સૌભાગ્યવંત થાય ?

ઉ૦ ૧૨–હે ગૌતમ ! જે પુરૂષ, પોતાના દેવ, ગુરૂ, અને સાધુ મહાત્માનો વિનય કરવામાં તત્પર હોય, તથા જેનું દર્શન શાંતમુદ્રાવાળું હોય, અને કોઇના મર્મ સહિત, નિંદાસહિત, તથા અણગમતાં વિરૂદ્ધવચન ન બોલે, તે જીવ સૌભાગ્યવંત હોય.

પ્ર૦ ૧૩–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ દુર્ભાગી થાય ?

ઉ૦ ૧૩–હે ગૌતમ ! જે પુરૂષ ગુણરહિત થકો પણ ગર્વિત અહંકારી હોય, અને ગુણવંત ધૈર્યવાન્ તપસ્વીની નિંદા કરનારો હોય, તથા જે જાતિમદનો કરનાર અહંકારી હોય, અને જિનશાસન વિડંબક હોય, તે પુરૂષ દુર્ભાગી થાય.

પ્ર૦ ૧૪–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ બુદ્ધિમાન થાય ?

ઉ૦ ૧૪–હે ગૌતમ ! જે પુરૂષ જ્ઞાન ભણે, સાંભળે, તથા તેના અર્થ મનમાં ચિંતવે, તથા બીજાઓને જ્ઞાન ભણાવે, તથા તેમને ધર્મોપદેશ દે, તથા સિદ્ધાંતની અને સદ્ગુરૂની ભક્તિ કરે, તે પુરૂષ મરીને બુદ્ધિશાળી, ચતુર, ડાહ્યો, અને વિચિક્ષણ થાય.

પ્ર૦ ૧૫–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ હીનબુદ્ધિ (દુર્બુદ્ધિવાળો) થાય ?

ઉ૦ ૧૫–હે ગૌતમ ! જે પુરૂષ તપસ્વી, જ્ઞાનવંત, ગુણવંત પુરૂષ હોય તેમની અવગણના કરે, અને મોઢેથી એમ કેહે કે, એમાં કાંઇ નથી, એમાં શો માલ છે ? એ કાંઇપણ જાણતો નથી, મુર્ખ છે, એમ અવગણના કરે, તે પુરૂષ અભાગ્યવાન છતાં દુષ્ટ, પાપીષ્ટ, દુર્બુદ્ધિવાળો થાય. એટલે બુદ્ધિ રહિત થાય.

પ્ર૦ ૧૬–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ પંડિતપણું પામે ?

ઉ૦ ૧૬–હે ગૌતમ ! જે પુરૂષ વડેરાની સેવાભક્તિ કરવામાં તત્પર હોય, પુન્ય પાપનો વિચાર જાણવાની ઇચ્છાવાળો હોય, અને શ્રુત સિદ્ધાંતનો તથા

દેવ ગુરુની ભક્તિ હોય, તે પુરૂષ મરીને પંડિત થાય.

પ્ર૦ ૧૭–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ મુર્ખ-પણું પામે ?

ઉ૦ ૧૭–હે ગૌતમ ! જે પુરૂષ જીવહિંસા કરે, મદ્ય માંસાદિક ખાય, પીયે, મોજમજા કરે, અને ભણવા ગણવાથી શું થાય ? તથા ધર્મ કરવાથી પણ શું થવાનું છે ? એવી ચિંતવના કરે, તે પુરૂષ મરીને મુરખ થાય.

પ્ર૦ ૧૮–હે ભગવાન્ કિયા કર્મને યોગે જીવ સાહસિક ધૈર્યવંત થાય ?

ઉ૦ ૧૮–હે ગૌતમ ! જે જીવ પોતે જીવોપ્રત્યે ત્રાસ કરે નહીં, એટલે ભય પમાડે નહિ, બીવરાવે નહિ, તેમ બીજા પાસે ત્રાસ કરાવે નહિ, અને પરજીવને પીડા કરવાનું વર્જે તે પુરૂષ મરીને સાહસિક ધૈર્યવંત થાય.

પ્ર૦ ૧૯–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને જીવ સહાય બીકણ એટલે ઉચ્ચાટવાળો હોય ?

ઉ૦ ૧૯–હે ગૌતમ ! જે જીવ કૂકડા, તીતર, લાવાં, સૂઅર, અને હરિણ પ્રમુખ વિવિધ પ્રકારના જી-

વોને નિરંતર બંધન તાડનાદિક કરે, પાંજરામાં ઘાલે, તે જીવ સહાય બીકણ એટલે ઉચાટવાળો હોય.

પ્ર૦ ૨૦–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને ભણેલી વિદ્યા સફળ ન થાય ? એટલે નિષ્ફળ થાય ?

ઉ૦ ૨૦–હે ગૌતમ ! જે જીવ વિદ્યા અથવા વિજ્ઞાન જે કળા પ્રમુખને કૂડા વિનયે કરી લેવા વાંછે, અર્થાત ભણાવનાર જે આચાર્ય, તેનું નામ ઓ-ળવી નાંખે, અવગણી નાંખે, તે જીવને ભણેલી વિદ્યા સફળ ન થાય અર્થાત નિષ્ફળ થાય.

પ્ર૦ ૨૧–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને ભણેલી વિદ્યા સફળ થાય ?

ઉ૦ ૨૧–હે ગૌતમ ! જે જીવ પોતાને ભણાવનાર આચાર્યને ઘણું જ માને, વિનયવંત હોય, સર્વ ગુણે સહિત હોય, એવી રીતે જે વિદ્યા ભણી હોય, તે વિદ્યા લોકમાં સફળ થાય.

પ્ર૦ ૨૨–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને મળેલી લક્ષ્મી જતી રહે ?

ઉ૦ ૨૨–હે ગૌતમ ! જે મનુષ્ય દાન દેઇને પછી એવી ચિંતવના કરે કે, હા ઇતિ ખેદે ! અરે ! મેં આ

ફોકટ દાન શામાટે દીધું ? એવી રીતે દાન દેઇને પછી પશ્ચાતાપ કરે, તે મનુષ્યને ઘેર નિશ્ચે લક્ષ્મી એકઠી થઇને પછી થોડા દિવસમાંજ પાછી જતી રહે.

પ્ર૦ ૨૩–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને ઘણી લક્ષ્મી પ્રાપ્ત થાય ?

ઉ૦ ૨૩–હે ગૌતમ ! જે મનુષ્ય સ્વલ્પ (થોડો) ધનવાન છતો પણ પોતાની શક્તિ પ્રમાણે પોતે સુપાત્રને દાન આપે, અને બીજા પાસે દાન દેવરાવે, તે મનુષ્યને ભવાંતરને વિષે એટલે આવતા ભવમાં સમ્યક્પ્રકારે લક્ષ્મી મળે છે.

પ્ર૦ ૨૪–હે ભગવાન્ ! કિયા કર્મે કરીને પુરૂષને મળેલી લક્ષ્મી સ્થિર રહે.

ઉ૦ ૨૪–હે ગૌતમ ! જે જે વસ્તુ આપણા મનને વહાલી આપણી પાસે હોય, તે તે વસ્તુ સાધુ મુનિરાજને શ્રદ્ધાયે કરી પોતાના ઉત્કૃષ્ટભાવે કરીને આપે, અને આપીને તેની અનુમોદના કરે, પણ પશ્ચાતાપ કરે નહીં, તે પુરૂષને ઘેર શાલિભદ્રની પેઠે ઘણી લક્ષ્મી સ્થિર થઇને રહે.

પ્ર૦ ૨૫–હે ભગવાન્! ક્રિયા કર્મના યોગે થયેલા પુત્રો

જીવતા ન રહે?

ઉ૦ ૨૫—હે ગૌતમ! જે પાપી પુરૂષ ઢોર પ્રમુખ પશુનાં બાળકો તથા હંસ પ્રમુખ પક્ષિઓનાં બાળકો, તેમજ મનુષ્યનાં બાળકોનો એમના માતા પિતાથી વિચ્છોહ કરે, તે પુરૂષ પુત્રે કરીને રહિત થાય. તેમ છતાં કદાપિ તેને પુત્ર થાય, તો જીવે નહિ.

પ્ર૦ ૨૬—હે ભગવાન્! ક્રિયા કર્મને યોગે ઘણા પુત્રો થાય?

ઉ૦ ૨૬—હે ગૌતમ! જે પુરૂષ દયાવંત હોય, તે પુરૂષને ગુણવાન, ડાહ્યા અને વિવેકી એવા ઘણા પુત્રો થાય.

પ્ર૦ ૨૭—હે ભગવાન્! ક્રિયા કર્મના યોગે જીવ બેહેરો થાય?

ઉ૦ ૨૭—હે ગૌતમ! જે પુરૂષ અણસાંભળ્યાને સાંભળ્યું કહે, એટલે તે વાત ક્યાંહિથી પણ ન સાંભળી હોય, તથાપિ એમ કહે કે, આ વાત મેં સાંભળી છે, વળી પારકા દોષને પ્રકાશે, તે જીવ નિશ્ચે ભવાંતરે બેહેરો થાય.

પ્ર૦ ૨૮—હે ભગવાન્! ક્રીયા કર્મના યોગે જીવ જાતિઅંધ થાય?

ઉ૦ ૨૮—હે ગૌતમ! જે પુરૂષ અણદીઠી વસ્તુને દીઠી કહે, એ રીતે જે મૂઢાત્માપુરૂષ ધર્મને ઉવેખતો

થકો ભાષણ કરે, તે જીવ મરીને પોતાના કર્મના દોષે કરી ભવાંતરે જાતિઅંધ થાય.

પ્ર૦ ૨૯–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવને જમેલું અન્ન પચે નહીં, એટલે અપચો (અજીર્ણ)થાય?

ઉ૦ ૨૯– હે ગૌતમ જે પુરૂષ ઉચ્છિષ્ટ, ઉખરાડાં, છાંડયાં, વિટાલ્યાં, એઠાં, એવાં વિરૂઆં જે પોતાને પણ કોઇ કામમાં ન આવે, એવાં ભાતપાણી છતાં સાધુ મુનિરાજને આપે, તે પુરૂષને જમેલું અન્ન પચે નહીં. અર્થાત અપચાનો રોગ થાય.

પ્ર૦ ૩૦–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ કોઢીઓ થાય.

ઉ૦ ૩૦–હે ગૌતમ! જે પુરૂષ મધ પાડે, મધપૂડા પાડે, મહુઆલનો આરંભ કરે, તથા દાવાનલ દે, તથા પ્રાણિઓને આંકે, લાંછન કરે, ઢોરને ડામ દે, વળી સુક્ષમ વનસ્પતિકાયનો વિનાશ કરે, કુમલી વનસ્પતિને છેદે, ભેદે, ત્રોડે, મોડે, ખૂટે, ચૂંટે, તે પુરૂષ ભવાંતરે કોઢીઆ થાય.

પ્ર૦ ૩૧–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ કૂબડો થાય ?

ઉ૦ ૩૧–હે ગૌતમ ! જે પુરૂષ બળદ, ભેંશ, અને ઉંટાદિકની ઉપર લોભે કરી અતિ ભાર આરોપણ કરે, એટલે ઘણો ભાર ભરીને તે જીવોને પીડા કરે, તે જીવ નિશ્ચે કૂબડો થાય.

પ્ર૦ ૩૨–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ દાસપણું પામે ?

ઉ૦ ૩૨–હે ગૌતમ ! જે જીવ જાતિ કૂળાદિકના મદે કરી મદોન્મત્ત થાય, તથા જે મનુષ્યાદિક જીવોને વેચે, અને કૃતઘ્ન થાય, એટલે પરનો કરેલો ઉપકાર વિસરી જાય, પારકી નિંદા કરે, પોતાની પ્રસંશા કરે, વળી અન્ય કોઇ પ્રશંસા કરવાયોગ્ય છતાં પણ તેના ગુણને ઢાંકે, અને પોતે કોઇ ગુણવાનની પ્રસંશા કરે, પારકા અછતા દોષ કહેવે કરી નિચ્ચગોત્રકર્મ ઉપાર્જન કરે, તે પુરૂષ મરીને દાસપણું પામે.

પ્ર૦ ૩૩–હે ભગવાન્ ! કિયા કર્મને યોગે જીવ દારિદ્રિ થાય ?

ઉ૦ ૩૩–હે ગૌતમ ! જે પુરૂષ વિનયરહિત હોય, તથા ચારિત્ર એટલે વિરતિપણું તેથકી રહિત

હોય, તથા દાન ગુણથી રહિત હોય, તથા મનોદંડ, વચનદંડ, અને કાયદંડ, એ ત્રણ દંડે યુક્ત હોય; એટલે મને કરી આર્તધ્યાન, રૌદ્રધ્યાન ચિંતવે, વચને કરી દૂરવચન બોલે, લોકોને કુબુદ્ધિ આપે, અને કાયાયે કરી કુચેષ્ટા કરે, તે જીવ મરીને દરિદ્રિ થાય.

પ્ર૦ ૩૪–હે ભગવાન્! કિયા કર્મના યોગે જીવ ધનવંત થાય?

ઉ૦ ૩૪–હે ગૌતમ! જે પુરૂષ ત્યાગી હોય, દાતાર હોય, વિનયસહિત હોય, તથા ચારિત્ર જે વિરતિ આદિક ગુણોના સેંકડા તેણે કરી વ્યાપ્ત હોય, તે પુરૂષ સજ્જન લોકના સેંકડામાં વિખ્યાત હોય. એટલે સેંકડાગમે મહર્ધિકમાં પ્રસિદ્ધ હોય.

પ્ર૦ ૩૫–હે ભગવાન્! કિયા કર્મના યોગે જીવ રોગીયો થાય.

ઉ૦ ૩૫–હે ગૌતમ! જે પુરૂષ વિશ્વાસઘાત કરે, અને સુધા મને કરી સૂર્ય આલોયણા ન લે, તે પુરૂષ મરીને ભવાંતરને વિષે રોગીયો થાય.

પ્ર૦ ૩૬–હે ભગવાન્! કિયા કર્મના યોગે જીવ નિરો-

ગી થાય.

ઉ० ૩૬–હે ગૌતમ ! જે પુરૂષ વિશ્વાસીની રક્ષા કરવામાં અગ્રેસર હોય, અને પોતાનાં કરેલાં સર્વ પાપસ્થાનકને સાચે મને આલોવે, તે પુરૂષ ભવાંતરે નિરોગી થાય.

પ્ર० ૩૭–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ હીન અંગવાળો થાય.

ઉ० ૩૭–હે ગૌતમ ! જે ધૂર્ત હસ્તાદિક લાઘવે કરી કૂડાં તોલે, કૂડાં માપે કરીને, તથા કુંકુમ, કપૂર, મજીઠ, ભેળશેળ કરી કૂડાં કરીઆણે કરી વ્યાપાર કરે, તથા માયાવિ થકો ઘણું પાપ કરે, તે પુરૂષ ભવાંતરને વિષે મનુષ્ય થાય, તોપણ હીનઅંગવાળો થાય.

પ્ર० ૩૮–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ મુંગો તથા બોબડો થાય ?

ઉ० ૩૮–હે ગૌતમ ! જે જીવ સંયમયુક્ત, ક્ષમાદિ, ગુણવંત, શીળે કરી યુક્ત, એવા જે સાધુ મહાત્મા, તેમના અવર્ણવાદ એટલે અણછતા દોષ બોલે, નિંધા કરે, તે જીવ ભવાંતરે મુંગો અથવા બોબડો થાય.

પ્ર૦ ૩૯–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ ઠુંઠો થાય ?

ઉ૦ ૪૦–હે ગૌતમ ! જે પુરૂષ નિઃસંકપણે અથવા નિર્દય છતો વૃષભાદિક જીવની ઉપર ભાર નાંખીને ખેડે, ભાર વહાવે, તેથી જેમનાં અંગ ટુટી ગયાં છે, ઉદ્ઘાત એટલે ઉંચોજ શ્વાસ છે, અને શરીરની સંધિયો જેની દુઃખિત છે, એવા દુઃખીયા વૃષભ કર્મકરાદિક જીવોને જે દુઃખી કરે, તે જીવ મરીને પાંગળો અથવા લંગડો થાય.

પ્ર૦ ૪૧–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ ઘણો સ્વરૂપવંત થાય ?

ઉ૦ ૪૧–હે ગૌતમ ! જે પુરૂષ છત્રદંડની પેઠે સરલ સ્વભાવી હોય, અને જેનું ચિત્ત ધર્મને વિષે હોય, તથા જે મનુષ જીવની રક્ષા કરવામાં તત્પર હોય, તથા જે દેવગુરૂ અને સંઘની ભક્તિ કરવામાં તત્પર હોય, તે જીવ ભવાંતરે ઘણો સ્વરૂપવંત થાય.

પ્ર૦ ૪૨–હે ભગવાન ! કિયા કર્મના યોગે જીવ હીણ રૂપવાળો એટલે રૂપરહિત થાય.

ઉ૦ ૪૨–હે ગૌતમ ! જે જીવ સ્વભાવે કુટીલ સ્વભાવી હોય, અને જેને પાપ કરવુંજ ગમે, તથા જીવની

હિંસા કરવામાં તત્પર હોય, તથા દેવ ગુરૂ ઉપર દ્વેષ કરનારો હોય, દેવ ગુરૂનો પ્રત્યનિક હોય, તે પુરૂષ મરીને અત્યંત કરૂપવંત થાય.

પ્ર૦ ૪૩–હે ભગવાન્! કિયા કર્મના યોગે જીવ અત્યંત વેદનાએ કરી પીડિતથકો રહે ?

ઉ૦ ૪૩–હે ગૌતમ ! જે પુરૂષ યંત્ર, લાકડી, દંડ, પરોણા, કોશ, રજ્જુ તે નાડી, દોરી, ખડક, કુતણા, ઇત્યાદિક હથિયારે કરી અનેરા જીવોને વેદના કરે, તે પાપી નિર્દયીપુરૂષ ભવાંતરે ઘણી વેદના પામે.

પ્ર૦ ૪૪–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ વેદના રહિત થકો શાતામાં હોય ?

ઉ૦ ૪૪–હે ગૌતમ ! જે પુરૂષ પીડાયુક્ત એવા જીવોને સાંકલ બંધનરૂપ વેદનાથકી તથા મરણથકી મુકાવે છે, અને જેનું હૃદય દયાયે કરી પૂર્ણ છે તે જીવને ભવાંતરે કોઇપણ અસુહામણી વેદના ન હોય.

પ્ર૦ ૪૫–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ એકેંદ્રિયપણું પામે ?

ઉ૦ ૪૫–હે ગૌતમ ! જ્યારે જીવને તીવ્રગાઢ, મોહનો ઉદય, તથા અજ્ઞાન તે સમ્યક્જ્ઞાનનો અભાવ

હોય ત્યારે તે પંચેદ્રિય જીવ હોય, તોપણ તેને જેમાં મ્હોટો ભય છે એવું તથા તુચ્છ અસાર અને વેદનીયરૂપ એવું એકેદ્રિયપણું નિશ્ચે પ્રાપ્ત થાય છે.

પ્ર૦ ૪૬–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ ઘણો કાળ સંસારમાં સ્થિર રહે.

ઉ૦ ૪૬–હે ગૌતમ! ધર્મ નથી, જીવ નથી, પરલોક નથી, કોઇ ઋષીશ્વર નથી, એવી રીતે જે નાસ્તિકપુરૂષ માને, તેને સંસાર ઘણો હોય. મોક્ષ ઢુંકડું ન હોય.

પ્ર૦ ૪૭–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ સંસારમાં સ્વલ્પકાળ રહે ?

ઉ૦ ૪૭–હે ગૌતમ ! લોકમાં ધર્મ છે, અધર્મ છે, સર્વજ્ઞ છે, અને લોકમાં ઋષીશ્વર પણ છે, એવું જે જીવ માને, તે જીવ સંસારી ન હોય. અલ્પસંસારી થકો તરત મોક્ષે જાય.

પ્ર૦ ૪૮–હે ભગવાન્ ! કિયા કર્મના યોગે જીવ સંસાર તરીને મોક્ષપ્રત્યે જાય.

ઉ૦ ૪૮–હે ગૌતમ ! જે પુરૂષ નિર્મળ જ્ઞાન, અને દર્શન ચારિત્રે કરી વિભૂષિત શરીરવાળો હોય, તે પુરૂષ સંસારસમુદ્ર તરીને મોક્ષનગરપ્રત્યે જાય.

॥ ઇતિ શ્રી ગૌતમપૃચ્છા સમાપ્ત. ॥

અથ શ્રી

મહાવીરસ્વામીનાં પંચ કલ્યાણકનું સ્તવન.

॥ પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત ॥ એ દેશી. ॥

સરસ્વતિ ભગવતિ દીઓ મતિ ચંગી, સરસ સુરંગી વાણ ॥ તુજ પસાય મયિ ચિત્ત ધરીને, જિન ગુણ રયણની ખાણ ॥ ગિરૂઆ ગુણ વીરજી, ગાઈશું ત્રિભુવન રાય ॥ જશ નામે ઘર મંગળ માળા, તસ ઘર બહુ સુખ થાય ॥ ગિરૂઆ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જંબુદ્વીપ ભરતક્ષેત્ર માંહે, નયર માહણકુંડ ગ્રામ ॥ ઋષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ ॥ ગિરૂઆ૦ ॥ ૨ ॥ સુર વિમાન વર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર ॥ તવ તે માહણી રયણી મધ્યે, સુપન દેખે દસ ચાર ॥ ॥ ગિરૂઆ૦ ॥ ૩ ॥ પૂરે મયગલ મલપતો દેખે, બીજે વૃષભ વિશાળ ॥ ત્રીજે કેશરી ચોથે લક્ષ્મી, પાંચમે કુસૂમની માળ ॥ ગિરૂઆ૦ ॥ ૪ ॥ ચંદ્ર, સુરજ, ધ્વજ, કળશ, પદમસર, દેખે દેવવિમાન ॥ રયણરેસ રયણાયર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન ॥ ગિરૂઆ૦ ॥ ૫ ॥ આનંદભર જાગી સા સુંદરી, કંતને કહે પરભાત ॥ સુણીય વિપ્ર કહે તુમ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત ॥ ગિરૂઆ૦ ॥ ૬ ॥ અતિ

અભિમાન કીયો મરીચ ભવે, ભવિ જૂઓ કર્મ વિચાર ॥ તાત સુતાવર તિહાં થયા કુંવર, વળી નિચ કૂળે અવતાર ॥ ગિરૂઆ૦ ॥ ૭ ॥ ઇણે અવસર ઇંદ્રાસન ડોલે, નાંણે કરી હરી જોય ॥ માહણી કૂખે જગગુરૂ પેખી, નમી કહે અઘટતું હોય ॥ ગિરૂઆ૦ ॥ ૮ ॥ તતક્ષણ હરણીગમેષી તેડાવી, મોકલીઓ તેણે ઠામ ॥ માહણી ગર્ભ અને ત્રિસલાનો, બિહુ બદલી સૂર જાય ॥ ગિરૂઆ૦ ॥ ૯ ॥ વળી નિરિભર એ દેવાનંદા, દેખે એ સુપન અસાર ॥ જાણે એ સુપન ત્રિસલા કર ચઢિયાં, જઈ કહે નિજ ભરતાર ॥ ગિરૂઆ૦ ॥ ૧૦ ॥ કંત કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અચરિજ એહ ॥ મરૂથલમાંહે કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટળ્યો તેહ ॥ ગિરૂઆ૦ ॥ ૧૧ ॥

॥ ઢાળ ૨ જી ॥

નયરી ક્ષત્રિયકુંડ નરપતિ, સિદ્ધારથ ભલોએ ॥ આણ ન ખંડે તસ તણી, જગ જસ નિરમલોએ ॥ તસ પટરાણી ત્રિસલા સતી, કૂખે જગપતિએ ॥ પરમ હરષ હઇયડે ધરી, હવિયા સુરપતિએ ॥ ૧ ॥ સુખ સજ્જાએ દેવી પોઢીયાં, ચૌદ સુપન લહેએ ॥ જાગતિ જિનગુણ સમરતિ, હરખતિ ગહગહેએ ॥ ૨ ॥ રાજહંસ ગતિ ચાલતી, પિયુ કને આવતીએ ॥ પ્રહ ઉગમતે સુરકે, વિનવે નિજ પતિએ ॥ ૩ ॥ વાત સુણી રાય રંજીઆ, પંડિત તેડીયાએ ॥ તેણે શુભ સુપન વિચારવા, પુસ્તક છોડીયાએ ॥ બોલે મધુરીવાણ કે,

ગુણનિધિસુત હોસેએ ॥ સુખ સંપત્તિ ઘરેં આવશે, સંકટ ભાજસેએ ॥ ૪ ॥ પંડિતને રાય તૂઠ્ઠીયા, લચ્છી દીયે ઘણીએ ॥ કહે એહ વાણી સફૂળ હોજયો, અમને તુમ તણીએ ॥ નિજપદ પંડિત સંચરયા, રાય સુખે રહેએ ॥ દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહેએ ॥ ૫ ॥ માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીંએ ॥ સાત માસ વોલી ગયા, માય ચિંતા લહીએ ॥ સૈયરને કહે સાંભળો, કોણ મારો ગર્ભ હરયોએ ॥ હું ભોળી જાણું નહીં, પ્રગટ પ્રગટ કીઓએ ॥ ૬ ॥ સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટળેએ ॥ તવ જિન જ્ઞાન પ્રયુજીઓ, ગર્ભથી સળસળેએ ॥ માત પિતા પરિવારનું, દુઃખ નિવારીયુંએ ॥ સંયમ ન લેઉ માય તાય છતાં, જિન નિરધારિયુંએ ॥ ૭ ॥ અણદીઠે મોહ એવડો, કિમ વિછુઓ ખમેએ ॥ નવ મસવાડા ઉપરે, દિન સાડા સાતમેએ ॥ ચૈત્ર શુકલ દિન તેરસે, શ્રી જિન જનમિયાએ ॥ સિદ્ધારથ ભૂપતિ ભલા, ઓચ્છવ તવ કીયાએ ॥ ૮ ॥

॥ વસ્તુ ॥ પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો, જગત સણગાર ॥ સિદ્ધારથ નૃપ કૂળ તિલો, કૂળ મંડળ કૂળ તણો દીવો ॥ શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિસલાદેવી સુત ચિરંજીવો ॥ એમ આશિષ દીએ ભલી, આવી છપ્પન્ન કુમાર ॥ સુતિકર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નાર. ॥ સોહે૦ ॥ ૧ ॥

॥ ઢાળ ૩ જી ॥

॥ નમણીની દેશી. ॥

ચળ્યુંરે સિંહાસણ ઇંદ્ર, જ્ઞાને નિરખતાએ ॥ જાણી

જનમ જિનેંદ્ર, ઇંદ્ર તવ હરખતાએ ॥૧॥ આશનથીરે ઉઠેય, ભક્તિયે શ્રુણુએ ॥ વાગે સુઘોષા ઘંટ, સઘળે રણઝણુએ ॥ ॥ ૨ ॥ ઇંદ્ર ભુવનપતિ વીસ, વ્યંતર તણાએ ॥ બત્રીસ રવિ શશિ દોય, દસ હરિ કલ્પનાએ ॥ ૩ ॥ ચોસઠ ઇંદ્ર આણંદ, પ્રણમી કહેએ ॥ રત્નગર્ભા જિન માત, દુજી એ-સી નહીંએ ॥ ૪ ॥ જન્મમહોચ્છવ દેવ, સવિહુ આવિયા-એ ॥ માય દેઇ નિંદ્રામંત્ર, સુત લેઇ મેરૂ ગયાએ ॥ ૫ ॥ કંચન મણિ ભૃંગાર, ગંધોદકે ભરયાએ ॥ કિમ સહેસે લઘુ વીર, હરિ સંશય ધરયાએ ॥ ૬ ॥ વહેસે નીર પ્ર-વાહ, કેમ તે નામિયેએ ॥ ન કરે નમણ સનાત્ર, જાણ્યું સ્વામિયેએ ॥ ૭ ॥ ચરણ અંગુઠે મેરુ, ચાંપી નાચીઓ એ ॥ મુજ શિર પગ ભગવંત, એમ કહી રાચીયોએ ॥૮॥ ઉલટયા સાયર સાત, સરવે જળહળ્યાએ ॥ પાતાળે ના-ગેંદ્ર, સઘળા સળસળ્યાએ ॥ ૯ ॥ ગિરિવર ત્રુટે ટુંક, ગ-ડગડી પડયાએ ॥ તીન ભુવનના લોક, કંપિત લડથડયા એ ॥ ૧૦ ॥ અનંતબળ અરિહંત, સુરપતિએ કહ્યુંએ ॥ હું મૂરખ સહી મૂઢ, એટલું નવિ લહ્યુંએ ॥ ૧૧ ॥ પ્રદ-ક્ષિણા દેઈ ખામેવ, ઓચ્છવ કરેએ ॥ નાચે સૂર ગાવે ગીત, પુન્ય પોતે ભરેએ ॥ ૧૨ ॥ ઈણ સુખે સ્વર્ગની લીલ, તૃણ સરખી ગણએ ॥ જિન મૂકી માયને પાસ, પદ ગયા આ-પણેએ ॥૧૩॥ માય જાગી જૂએ પુત્ર, સુરવરે પૂજીઓએ ॥ કુંડળ દોય દેવદુષ્ય, અમીય અંગુઠે દીઓએ ॥ ૧૪ ॥ જનમ મહોચ્છવ કરે રાય, ઋદ્ધિયે વાધીયોએ ॥ સજ્જન સંતોષી નામ, વર્દ્ધમાન થાપીઓએ ॥ ૧૫ ॥

॥ ઢાળ ૪ થી ॥

॥ પ્રભુ વાધેએ સુરતરુ સરિખો. ॥ એ દેશી. ॥

પ્રભુ કલ્પતરુ સમ વાધે, ગુણ મહિમા પાર ન લાધે રૂપે અદ્‌ભૂત અનૂપમ અકળ, અંગે લક્ષણ વિદ્યા સકળ ॥ ૧ ॥ મૂખ ચંદ્ર કમળ દલ નયણ, સાસ સુરભિગંધ મીઠા વયણ ॥ હેમવરણુ પ્રભુ તનુ શોભાવે, અતિ નિર્મળ વિણું નવરાવે ॥ ૨ ॥ તપ તેજે સૂરજ શોહે, જોતાં સુર નરનાં મન મોહે ॥ પ્રભુ રમે રાજકુંવરશું વનમાં, માત તાતને આનંદ મનમાં ॥ ૩ ॥ બળ અતૂલ વૃષભગતિ વીર, ઇંદ્રસભામાં કહ્યો જિન ધીર ॥ એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને વન રમવાને ॥ ૪ ॥ અહિ થઇ વૃક્ષ આમલીયે રાખ્યો, પ્રભુ હાથે ઝાલી દૂર નાંખ્યો ॥ વળી બાળક થઇ આવી રમીઓ, હારી વીરને ખાંધે લઇ ગમીઓ ॥ ૫ ॥ માત તાત દુઃખ ધરી કહે મિત્રુ, કોઈ વર્દ્ધમાનને લઈ ગયો શત્રુ ॥ જાતો સુર વાધ્યો ગગને મિથ્યાતિ, વીરે મુષ્ટીએ હણ્યો પડયો ધરતી ॥ ૬ ॥ પાય નમી નામ દીધો મહાવીર, જેવો ઈંદ્ર કહ્યો તેવો ધીર ॥ સુર વળિઓ પ્રભુ આવ્યા રંગે, માત તાતને ઉલટ અંગે ॥ ૭ ॥

॥ વસ્તુ ॥ રાય ઓચ્છવ રાય ઓચ્છવ, કરે મનરંગ ॥ લેખકશાળાએ સુત ઠવે, વીર જ્ઞાન રાજા ન જાણે ॥ તવ સૌધર્મઇંદ્ર આવીયા, પૂછે ગ્રંથ સ્વામી વખાણે ॥ વ્યાકરણ જૈન તિહાં કીયો, આનંદ્યો સુરરાય ॥ વચન વદે પ્રભુ ભારતી, પંડયો વિસ્મય થાય. ॥

॥ ઢાળ ૫ મી ॥

યોવનવય જવ આવીયાએ, રાય કન્યા જશોદા પ-રણાવીયાએ ॥ વિવાહ મહોચ્છવ શુભ કીયાએ, સર્વે સુખ સંસારનાં વિલસીયાએ ॥ ૧ ॥ અનુંક્રમે હુઈ એક કુંવરીએ, ત્રીસ વરસ જિનરાજ લિલા કરીએ ॥ માત પિતા સદ્દગતિ ગયાંએ, પછે વીર વેરાગે પૂરીયાએ ॥ ૨ ॥ મયણરાય સૈન જીતીયોએ, વીરે અથિરસંસાર મન ચિંતીયોએ ॥ રાજ રમણિ ઋદ્ધિ પરિહરિએ, કહે કુટુંબને લેશું સંયમ સિરિએ ॥૩॥

॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

॥ રાગ ગોડી. ॥

પિતરીઓ સુપાસરે, ભાઈ નંદિવર્દ્ધન ॥ કહે વચ્છ એમ ન કીજીયેએ ॥ ૧ ॥ આગે માત તાત વિછાહરે, તું વળી વ્રત લીયે ॥ ચાંદે ખાર ન દીજીયેએ ॥૨॥ નીરવિના જિમ મચ્છરે, વીરવિના તિમ ॥ ટળવળતું ઇમ સહુ ક-હેએ ॥ ૩ ॥ કૃપાવંત ભગવંતરે, નેહવિના વળી ॥ વરસ બે ઝાઝેરાં રહ્યાએ ॥ ૪ ॥ ફાસુ લીએ અન્નપાનરે ॥ પરઘર નવિ જમે ॥ ચિત્ત ચારિત્ર ભાવે રમેએ ॥ ૫ ॥ ન કરે રા-જની ચિંતરે, સુર લોકાંતિક ॥ આવી કહે સંયમ સમેએ ॥ ૬ ॥ બૂજ બૂજ ભગવંતરે, છોડી વિષયસુખ ॥ એ સં-સાર વધારણુંએ ॥ ૭ ॥

॥ ઢાળ ૭ મી ॥

॥ આવે આવે ઋષભનો પુત્ર ॥ એ દેશી. ॥

આલે આલે ત્રિસલાનો કુંઅર, રાજા સિદ્ધારથનો નંદન, દાન સંવત્સરીએ ॥ એક કોડી આઠલાખ દિન પ્રત્યેએ, કનક રયણ રૂપા મોતીતો, મુઠી ભરીભરીએ ॥ આલે આલે૦ ॥૧॥ ઘણ કણ ગંજ રથ ઘોડલાએ, ગામ નગર પૂર દેશતો, મનવંછિત વળીએ ॥ નિર્ધનને ધનવંત કીઆએ, તસ ઘર ન ઓળખે નારીતો, સમ કરે વળીવળીએ ॥ આલે આલે૦ ॥૨॥ દુઃખ દારિદ્ર ટાળ્યાં જગતણાંએ, મેઘપરે વરસીદાનતો, પૃથ્વિ અરણ કરીએ ॥ બહુ નર નારી ઓચ્છવ જૂએએ, સુર નર કરે મંડાણતો, જિન દિક્ષા વરીએ ॥ ॥ આલે આલે૦ ॥૩॥ વિહારકરમ જગગુરૂ કીઓએ ॥ કેડે આવ્યો માહણ મિત્રતો, નારીએ સંતાપિઓએ ॥ જિન યાચક હું વિસરયોએ, પ્રભુ ખંડ થકી દેવદુષ્યતો, પટ ખંડ કરી દિઓએ ॥ આલે આલે૦ ॥ ૪ ॥

॥ ઢાળ ૮ મી ॥

॥ રાગ સામેરી. ॥

॥ છઠ્ઠી ભાવના મન ધરો. ॥ એ દેશી. ॥

જસ ઘર હોયે પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે અતિ ઘણું ॥ આંગણું દીપે તેજે તેહ તણુંએ ॥ દેવ દુદુંભી વાજેએ, તેણે નાદે અંબર ગાજેએ ॥ છાજેએ ત્રિભુવન માંહે સોહામણુંએ ॥ ૧ ॥ ત્રુટક ॥ સોહામણું પ્રભુ

તપ તપે, બહુ દેશ વિદેશે વિચરતા ॥ ભવિજીવને ઉપદેશ દેતા, સાતે ઇતિ સમાવતા ॥ ષટ માસ વન કાઉસ્સગ રહી, જિન કઠીન કર્મ દહે સહી ॥ ગોવાળ ગૌ ભળાવી ગયા, વીર મુખ બોલે નહીં ॥ ૨ ॥ પુર્વલી ॥ ગોરૂ સવિ દહદિસે ગયા, તેણે આવી કહ્યું મુનિ કિહાં ગયા ॥ ઋષિરાયા ઉપર મૂરખ કોપિયાએ ॥ ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગે ન ચળ્યા ધીર ॥ માહાવીર શ્રવણે ખીલા ઠોકીયારે ॥ ૩ ॥ ત્રુટક ॥ ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તેમ કરી ગયા ॥ જિનરાજને મન શત્રુ મિત્ર સરખા, મેરૂપરે ધ્યાને રહ્યા ॥ ઉનહી વરસે મેઘ બારે, વીજળી ઝબુકે ઘણી ॥ બેઉ ચરણઉપર ડાભ ઉગ્યો, ઇમ સહે ત્રિભુવન ધણી ॥ ૪ ॥ ઢાળ પુર્વલી ॥ એક દીન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરિયે પોહોતા ગોચરી ॥ તિહાં વૈદ શ્રવણે ખીલા જાણીયાએ ॥ પારણું કરી કાઉસ્સગે રહ્યા, તિહાં વૈદ સંચ ભેલા કીઆ ॥ બાંધીયા વૃક્ષે દોર ખીલા તાણીઆએ ॥ ૫ ॥ ત્રુટક ॥ તાણી કાઢયા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી ॥ આક્રંદ કરતાં ગિરી થયો, સત ખંડ જૂઓ ગતિ કર્મતણી ॥ બાંધેરે જીવડો કર્મ હસતાં, રોવતાં છૂટે નહીં ॥ ધન્ય ધન્ય મુનિવર રહે સમચિત, કર્મ એમ ત્રુટે સહી ॥ ૬ ॥

॥ ઢાળ ૯ મી ॥

જૂઓ જૂઓ કરમેં શું કીધુંરે, આજ વર્ષ ઋષભે ન

લીધુંરે ॥ કર્મ વશ મ કરે કોઇ ખેદરે, મલ્લીનાથ પામ્યા સ્ત્રી વેદરે ॥ ૧ ॥ કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીઓરે, શુભુમ નરકમાંહે પડીઓરે ॥ ભરત બાહુબળશું ભડીઓરે, ચક્રી હારયો રાય જસ ચડીઓરે ॥ ૨ ॥ સનતકુંમારે સહ્યા રોગરે, નળ દમયંતિ વિયોગરે ॥ વાસુદેવ જરાકુંમરે મારયોરે, બળદેવ મોહનીયે ધારયોરે ॥ ૩ ॥ ભાઈ સબ મસ્તકે વહીઓરે, પ્રતિબોધ સુર મુખે લહીઓરે ॥ શ્રેણિક નરકે એ પોહોતોરે, વન ગયા દસરથ પુત્રોરે ॥ ૪ ॥ સત્યવંત હરિચંદ્ર ધીરરે, ડુંબ ઘેર શિર વહ્યું નિરરે ॥ કુબેરદત્તાને કુયોગરે, બહિન વળી માતાશું ભોગરે ॥ ૫ ॥ પરહથ્થે ચંદનબાળરે, ચઢિઓ સુભદ્રાને આળરે ॥ મયણરેહા મૃગાંકલેખારે, દુઃખ ભોગવીઆ તે અનેકારે ॥ ૬ ॥ કરમે ચંદ્ર કલંકયોરે, રાય રંક કોઈ ન મૂકયોરે ॥ ઇંદ્ર અહિલ્યાશું લુબ્ધયોરે, રેનાદે વીમાહુ કીધોરે ॥ ૭ ॥ ઇશ્વર નારીયે નચાવ્યોરે, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યોરે ॥ અઈ અઇ કરમ પ્રધાનરે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધમાનરે ॥ ૮ ॥

॥ ઢાળ ૧૦ મી ॥

ઈમ કર્મ હણ્યા સવિ, ધીર પુરુષ મહાવીર ॥ બાર વર્ષ તપ્યો તપ, તે સઘળો વિણ નીર ॥ શાલિવૃક્ષ તળે પ્રભુ, પામ્યા કેવળજ્ઞાન ॥ સમોવસરણ રચે સુર, દેશના દે જિન ભાણ ॥ ૧ ॥ અપાપા નયરિ, યજ્ઞ કરે વિપ્ર જેહ ॥ સવિ બૂજવી દિખ્યા, વીરને વંદે તેહ ॥ ગૌતમઋષિ આદે, ચ્યા-

૭સેં ચાર હજાર ॥ સહસ્સ ચૌદ મુનિવર, ગણધર ચૌદ ઇગ્યાર ॥ ૨ ॥ ચંદનબાળા મુખ, સાધવી સહસ છત્રીશ ॥ દાઢ લાખ સહસ નવ, શ્રાવક દે આશીશ ॥ ત્રણ લાખ શ્રાવિકા, અધકી સહસ અઢાર ॥ સંઘ ચતુર્વિધ સ્થાપિયો, ધન ધન જિન પરિવાર ॥ ૩ ॥ પ્રભુ અશોકતરુ તળે, ત્રિગડે કરેઅ વખાણ ॥ સુણે બારે પરખદા, યોજન વાણી પ્રમાણ ॥ ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાળે ઈંદ્ર ॥ નાટક બદ્ધ બત્રીસ, ચોત્રિસ અતિશય જિણંદ ॥ ૪ ॥ ફુલ પગર ભેર સુર, વાજે દુદુંભી નાદ ॥ નમે સકળ સુરાસુર, છાંડી સવિ પરમાદ ॥ ચિહુ રુપે સોહે, ધર્મ પ્રકાશે ચાર ॥ ચોત્રિસમો જિનવર, આપે ભવનો પાર ॥ ૫ ॥ પ્રભુ વર્ષ બહોતેર, પાળી નિર્મળ આય ॥ ત્રિભુવન ઉપગારી, તરણ તારણ જિનરાય ॥ કાર્તિક માસે દિન, દિવાળી નિરવાણ ॥ પ્રભુ સુગતે પોહોત્યા, પામે નિત્ય કલ્યાણ ॥ ૬ ॥

॥ કળશ ॥

ઇમ વીર જિનવર સયલ સુખકર, નામે નવનિધિ સંપજે ॥ ઘર ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ પામે, એક મના જે નર ભજે ॥ તપગચ્છ ઠાકુર ગુણ વૈરાગર, હીરવિજય સુરિશ્વરો ॥ હંસરાજ વંદે મન આનંદે, કહે ધન્ય મુજ એ ગુણો ॥ ૧ ॥

ઇતિ શ્રી મહાવીરસ્વામિના પંચકલ્યાણકનું

સ્તવન સંપૂર્ણ.

અથ શ્રી

મહાવીરસ્વામિના સત્તાવીસ ભવનું સ્તવન.

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વરણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તોપણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહેબો, ભમીયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

॥ ઢાળ ૧ લી ॥

(કપુર હોય અતિ ઉજળોરે.—એ દેશી.)

પહેલે ભવે એક ગામનોરે, રાય નામે નયસાર; કાષ્ટ લેવા અટવી ગયોરે, ભોજનવેળા થાયરે. પ્રાણી ધરીયે સમકિત રંગ. જિમ પામીયે સુખ અભંગરે. પ્રાણી૦ ૧ એ આંકણી. મન ચિંત્તે મહિમા નીલોરે, આવે તપસી કોય; દાન દઇ ભોજન કરૂંરે, તો વંછિતફળ હોયરે. પ્રાણી૦ ૨ મારગ દેખી મુનિવરોરે, વંદે દેઈ ઉપયોગ; પૂછે કેમ ભટકો ઈહાંરે, મુનિ કહે સાથ વિજોગરે. પ્રાણી૦ ૩ હરખભરે તેડી ગયોરે, પડિલાભ્યા મુનિરાજ; ભોજન કરી કહે ચાલીયેરે, સાથ ભેળા કરૂં આજરે. પ્રાણી૦ ૪ પગવટીએ ભેળા કર્યારે,

કહે મુનિ દ્રવ્ય એ માર્ગ; સંસારે ભૂલા ભમોરે, ભાવ માર્ગ અપવર્ગરે. પ્રાણી૦ ૫ દેવ ગુરુ ઓળખાવીયારે, દીધો વિધિ નવકાર; પશ્ચિમ મહાવિદેહમાંરે, પામ્યા સમકિત સારરે. પ્રાણી૦ ૬ શુભધ્યાને મરી સુર હુઓરે, પહેલા સ્વર્ગ મઝાર; પલ્યોપમ આયુ ચવીરે, ભરત ઘરે અવતારરે. પ્રાણી૦ ૭ નામે મરીચી યોવનેરે, સંયમ લીયે પ્રભુ પાસ; દુષ્કર ચરણ લહી થયોરે, ત્રિદંડીક શુભ વાસરે. પ્રાણી૦ ૮

॥ ઢાળ ૨ જી ॥

(વિવાહલાની દેશી.)

નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદેશ્વર ભેળા; જળ થોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેશે. ૧ ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી; વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨ સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાંખે; સમોસરણે પૂછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ. ૩ જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચી નામ; વીર નામે થશે જિન છેલા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪ ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે; મરિચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કેહેતા. ૫ તમે પુન્યાઇવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો; નવિ વંદુ ત્રિદંડીક વેશ, નમું ભકિતયે વીર જિનેશ. ૬ એમ સ્તવના કરી ઘેર જાવે, મરિચી મન હર્ષ ન માવે; મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭ અમે વાસુદેવ ધુર

થઇશું, કૂળ ઉત્તમ મહારૂં કહીશું; નાચે કૂળ મદશું ભરાણો, નિચ ગોત્ર તિહાં બંધાણો. ૮ એક દિન તનુ રોગે વ્યાપે, કોઇ સાધુ પાણી ન આપે; ત્યારે વંછે ચેલો, એક તવ મળીયો કપિલ અવિવેક. ૯ દેશના સુણી દિક્ષા વાસે, કહે મરિચી લીયો મુનિ પાસે; રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દિક્ષા ઉલ્લાસે. ૧૦ તુમ દરશને ધરમનો વેમ, સુણી ચિંતે મરિચી એમ; મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧ મરિચી કહે ધર્મઉભયમાં, લીએ દિક્ષા યોવન વયમાં; એણુ વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨ લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગ સધાય; દસ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી. ૧૩

॥ ઢાળ ૩ જી ॥

(ચોપાઇની દેશી.)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌસિક નામે બ્રાહ્મણ વેશ; એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેશે મરી. ૧ કાળ બહુ ભમિયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર; બહોતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડીક વેશ ધરાય; સોધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો; અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વે આયુ લખ સાઠે મૂઓ. ૩ મધ્ય સ્થિતિયે સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ; લાખ છપ્પન્ન પૂરવાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪ ત્રીજે સ્વર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપૂરી; પૂરવ લાખ ચુમાળીસ આય, ભારદ્વીજ ત્રિદંડીક થાય. ૫ તેરમે ચોથે

સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી; ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂરવને આય. ૬ થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગ મરીને ગયો; સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુંમાર વિશ્વભૂતિ થાય. ૭ સંભૂતિમુનિ પાસે અણગાર, દુઃક્કર તપ કરી વરસ હજાર; માસખમણ પારણુ ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮ ગાયે હણ્યા મુનિ પડિયા ધસ્યા, વૈશાખનંદી પિતરીયા હસ્યા; ગો શૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯ તપ બળથી હોજો બળ ઘણી, કરી નીઆણું મુનિ અણસણી; સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

॥ ઢાળ ૪ થી ॥

(નદી યમુનાંકે તીર ઉડે દોય પંખીયાં.—એ દેશી.)

અઢારમે ભવે સાત, સુપન સુચિત સતી; પોતનપૂરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતી; તસ સુત નામે ત્રિપૃષ્ટ, વાસુદેવ નિપના, પાપ ઘણું કરી સાતમી, નરકે ઉપના. ૧ વીશમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા; તિહાંથી ચવી સંસારે, ભવ બહુળા થયા; બાવીશમે નરભવ લહી, પુણ્યદશા વરયા; ત્રેવીસમે રાજયધાની, મૂકાયે સંચર્યા. ૨ રાય ધનંજય ધારણી, રાણીએ જનમિયા, લાખ ચોરાસી પૂરવ, આઉ જીવિયા; પ્રીયમિત્ર નામે, ચક્રવર્તિ દીક્ષા લહી; ક્રોડી વરસ ચારિત્રદિસા પાળી સહી. ૩ માહાશુક્રે થઇ દેવ, ઇણે ભરતે ચવી; છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી. ભદ્રા માય લખ પચવીશ, વરસ સ્થિતી ધરી; નંદન નામે પુત્રે દીક્ષા

આચરી. ૪ અગીઆર લાખને એંશી, હજાર છસેં વળી, ઉપર પીસ્તાલીશ, અધિક પણ દિન રુળી; વીશસ્થાનક માસખમણે, જાવજીવ સાધતાં; તિર્થંકર નામ કર્મ, તિહાં નિકાચતા. ૫ લાખ વરસ દીક્ષા, પર્યાય તે પાળતા; છવ્વીસમેં ભવ, પ્રાણતકલ્પે દેવતા; સાગર વીશનું જીવિત, સુખભર ભોગવે; શ્રી શુભ વીર જિનેશ્વર, ભવ સુણજો હવે. ૬

॥ ઢાળ ૫ મી ॥

(ગજરા મારુજી ચાલ્યા ચાકુરીરે. એ દેશી.)

નયર માહણકુંડમાં વસેરે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ; દેવાનંદા દ્વિજ શ્રાવિકારે, પેટ લીધો પ્રભુ વિસરામરે, પેટ લીધો પ્રભુ વિસરામ. ૧ બ્યાશી દિવસને અંતરેરે, સુર હરણીગમેષી આય; સિદ્ધારથ રાજા ઘરેરે, ત્રિશલા કૂખે છટકાયરે. ત્રિસલા૦ ૨ નવ માસાંતરે જનમિયારે, દેવ દેવીયે ઓચ્છવ કીધ; પરણી યશોદા યોવનેરે, નામે મહાવીર પ્રસિદ્ધરે. નામે૦ ૩ સંસાર લીલા ભોગવીરે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ; બાર વરશે હુઆ કેવળીરે, શિવવહુનું તિલક શિર દીધરે. શિવ૦ ૪ સંઘ ચતુર્વિધ થાપીયોરે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર; સંયમ દેઇ શિવ મોકલ્યારે, ભગવતિસૂત્રે અધિકારરે. ભગવતિ૦ ૫ ચોત્રિશ અતિશય શોભતારે, સાથે ચઉદ સહસ અણગાર; છત્રીશ સહસ તે સાધવીરે, બીજા દેવ દેવી પરિવારરે. બીજા૦ ૬ ત્રીશ વરસ પ્રભુ કેવળીરે, ગામે નગર તે પાવન કીધ; બહોંતેર વરસનું આઉખુંરે, દીવાળી યે શીવપદ લીધરે. દીવાળી૦ ૭ અગુરૂ લઘુ અવગાહનેરે,

કીયો સાદી અનંત નિવાસ; મોહરાય મલ્લ મૂળશુંરે, તન મન સુખનો હોય નાશરે. તન૦ ૮ તુમ સુખ એક પ્રદેશનું-રે, નવિ માવે લોકાકાશ; તો અમને સુખીયા કરોરે, અમે ધરીયે તુમારી આશરે. અમે૦ ૯ અખય ખજાનો નાથ-નોરે, મેં દીઠો ગુરુ ઉપદેશ; લાલચ લાગી સાહેબારે, નવિ ભજીયે કુમતિનો લેશરે. નવિ૦ ૧૦ મહોટાનો જે આશરોરે, તેથી પામીયે લીલ વિલાસ; દ્રવ્યભાવ શત્રુ હણીરે, શુભ વીર સદા સુખ વાસરે. શુભ૦ ૧૧

॥ કળશ. ॥

ઓગણીશ એકે, વરસ છે કે, પૂર્ણિમા શ્રાવણ વરો; મેં થુણ્યો લાયક, વિશ્વનાયક, વર્ધ્ધમાન જિનેશ્વરો; સંવેગ રંગતરંગ ઝીલે, જસવિજય સમતા ધરો, શુભ વિજય પંડિત ચરણ શેવક, વીરવિજયો જય કરો. ૧૨

ઇતિ શ્રી મહાવીરસ્વામિના સત્તાવીસભવનું સ્તવન સમાપ્ત.

॥ શ્રી મહાવીરસ્વામિનું પારણું. ॥

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હા-લરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત. હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧ જિનજી પાસપ્રભુથી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીસમો તિર્થંકર જિન પરિમાણ; કેશીસ્વામિ મુખથી એહવી વાણી સાંભળી, સાચી સાચી

હુઇ તે મારે અમૃત વાંણ. હાલો૦ ૨ ચૌદ સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજજી, વિત્યા બારે ચક્રી નહીં હવે ચક્રીરાજ; જિનજી પાસપ્રભુના શ્રી કેશિ ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજ, મારી કૂખે આવ્યા ત્રણભુવન શિરતાજ, મારી કૂખે આવ્યા તરણ તારણ જિનરાજ, હું તો પૂન્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ. હાલો૦ ૩ મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ, સિંહાસનપર બેસું ચામર છત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હાલો૦ ૪ કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદિશ; નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વિશવાવીશ. હાલો૦ ૫ નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે, નંદન ભોજાઇઓના દેવર છો સુકુમાળ; હસશે ભોજાઈઓ કહી લાડકા દિયર માહરા, હસશે રમશેને વળી ચૂંટી ખણશે ગાલ, હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૬ નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો, નંદન નવલી પાંચસેં મામીના ભાણેજ છો, નંદન મામલીઆના ભાણેજા સુકુમાળ, હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા, આંખ્યો આંજીને વળી ટબકું કરશે ગાલ. હાલો૦ ૭ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડીયાં ઝુલડો મોતી કસબી કોર; નીલાં પીળાંને વળી રાતાં સરવે જાતનાં, પેહેરાવશે મામી મારા નંદકીશોર. હાલો૦ ૮ નંદન મામા મામી સુખલડી બહુ લાવશે, નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર; નંદન મૂખડાં જોઇને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભર-

પૂર. હાલો૦ ૯ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજીને બેન તમારી નંદ; તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૦ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો, વળી સૂડા મેનાં પોપટને ગજરાજ; સારસ હંસ કોયલ તીત્તર ને વળી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૧ છપ્પન કુમરી અમરી જળકળશેં નવરાવીઆ, નંદન તમને અમને કેલીઘરની માંહે; ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહ. હાલો૦ ૧૨ તમને મેરુ ગિરિપર સુરપતિએ નવરાવીઆ, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મૂખડાઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા, વળી તનપર વારૂ ગોરી ગુણ સમુદાય. હાલો૦ ૧૩ નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજપરે અંબાડી બેસાડી મોટે સાજ; પસલીભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪ નંદન નવલા મહોટા થાશોને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઇ વેવાણો પધરાવશું, વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાલો૦ ૧૫ સાસરૂ પીઅર મારા બેહુ પખ નંદન ઉજળા, માહારી કૂખે આવ્યા તાત પનોતાનંદ; માહારે આંગણ વૂઠયા અમૃત દુધે મેહુલા, મારે આંગણ ફળીયા સુરતરુ સુખના કંદ. હાલો૦ ૧૬ એણીપરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ; બિલીમોરા નગરે વરણ્યું વીરનું હાલરૂં, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧૭

શ્રી વીરજિન વિનતિરૂપ સ્તવનો.

વીર સુણો મોરી વિનતિ, કર જોડી હો કહું મનની વાત ॥ બાળકની પરે વિનવું, મોરા સ્વામિ હો તું ત્રિભુવન તાત ॥ વીર૦ ॥ ૧ ॥ તુમ દરિસણ વિણ હું ભમ્યો, ભવ માંહે હો સ્વામ સમુદ્ર મોઝાર ॥ દુઃખ અનંતાં મેં સહ્યાં, તે કહેતાં હો કેમ આવે પાર ॥ વી૦ ॥ ૨ ॥ પર ઉપકારી તું પ્રભુ, દુઃખ ભંજે હો જગદીન દયાળ ॥ તેણે તાહારે ચરણે આવીયો, સ્વામિ મુજને હો નિજ નયણે નિહાળ ॥ વી૦ ॥ ૩ ॥ અપરાધી પણ ઉધર્યાં, તેં કીધી હો કરૂણા મોરા સ્વામ ॥ હું તો પરમ ભક્ત તાહરો, તેણે તારો હો નહીં ઢીલનું કામ ॥ વી૦ ॥ ૪ ॥ શૂલપાણિ પ્રતિબૂજવ્યો, જેણે કીધો હો તુજને ઉપસર્ગ ॥ ડંક દીધો ચંડકોસિયે, તેં દીધો હો તસુ આઠમો સર્ગ ॥ વી૦ ॥૫॥ ગોશાળો ગુ નહીં ઘણું, જેણે બોલ્યા હો તોરા અવરણવાદ ॥ તે બળતો તેં રાખીયો, સીતલેશ્યા હો મૂકી સુપ્રસાદ ॥ ॥ વી૦ ॥ ૬ ॥ વચન ઉથાપ્યાં તાહરાં, જે જગડયો હો તુમ સાથે જમાલ ॥ તેહને પણ પન્નરે ભવે, શિવગામી હો કીધો તેં કૃપાળ ॥ વી૦ ॥ ૭ ॥ અઈમત્તો ઋષી જે રમ્યો, જળ માંહે હો બાંધી માટીની પાળ ॥ તરતી મૂકી કાચલી, તેં તાર્યો હો તેહને તતકાળ ॥ વી૦ ॥ ૮ ॥ એ કોણ છે ઇંદ્રજાળીયો, એમ કહેતો હો આવ્યો તમ વીર ॥ તે ગૌતમને તેં કર્યો, પોતાનો હો પ્રભુતાનો વજીર ॥ વી૦ ॥ ૯ ॥ મેઘકુંમર ઋષી બૂજવ્યો, ચિત્ત ચૂકયો હો ચારિત્રથી અપાર ॥ એકા-

વતારી તેહને, તેં કીધો હો કરુણાભંડાર ॥ વી૦ ॥ ૧૦ ॥ બાર વરસ વેશ્યા ઘરે, રહ્યા મૂકી હો સંયમનો ભાર ॥ નંદિષેણ પણ ઉધર્યો, સુરપદવી હો દીધી અતિ સાર ॥ વી૦ ॥૧૧॥ પંચ મહાવ્રત પરિહરી, ગૃહવાસે હો વશ્યા વરસ ચોવીશ ॥ તે પણ આદ્રકુંમારને, તેં તાર્યો હો ત્હારી એહ જગીશ ॥ વી૦ ॥૧૨॥ રાય શ્રેણિક રાણી ચેલ્લણા, રૂપ દેખી હો ચિત્ત ચૂકયા જેહ ॥ સમોવસરણ સાધુ સાધવી, તેં કીધો હો આરાધક તેહ ॥ વી૦ ॥ ૧૩ ॥ વિરત નહીં નહીં આખડી, નહીં પોસો હો નહીં આદરી દિખ્ખ ॥ તે પણ શ્રેણિક રાયને, તેં કીધો હો સ્વામિ આપ સરિખ્ખ ॥ વી૦ ॥ ૧૪ ॥ એમ અનેક તેં ઉદ્ધર્યા, કહું ત્હારા હો કેતા અવદાત ॥ સાર કરો હવે માહારી, મન આણો હો સ્વામિ માહરી વાત ॥ વી૦ ॥ ૧૫ ॥ સૂધો સંયમ નવિ પળે, નહીં તેહવો હો મુજ દરિસણ નાણ ॥ પણ આધાર છે એટલો, એક તાહરૂં હો ધરૂં નિશ્ચલ ધ્યાન ॥ વી૦ ॥ ૧૬ ॥ મેહ મહીતળ વરસતો, નવિ જોવે હો સમ વિષમા ઠામ ॥ ગિરુઆ સહે જે ગુણ કરે, સ્વામિ સારો હો મ્હારાં વંછિત કામ ॥ વી૦ ॥૧૭॥ તુમ નામે સુખ સંપદા, તુમ નામે હો દુઃખ જાયે દૂર ॥ તુમ નામે વંછિત ફળે, તુમ નામે હો મુજ આનંદ પૂર ॥વી૦॥૧૮॥

॥ કળશ ॥

ઇમ નગર જેસલમેરૂ મંડણ, તિર્થંકર ચોવીશમો ॥ શાસનાધીશ્વર સિંહ લાંછન, સેવતાં સુરતરુ સમો ॥ જિનચંદ ત્રિશલા માત નંદન, શકળચંદ કળા નિલો ॥ વાચનાચારજ સમયસુંદર, સંથુણ્યો ત્રિભુવન તિલો ॥૧૯॥ ઇતિ ॥

॥ સ્તવન ૨ જું ॥

વીરજી સુણો એક વિનતિ મોરી, વાત વિચારો તુમે ધણીરે ॥ વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનેરે ॥ પરિભ્રમણ મેં અનંતારે કીધા, હજીએ ના આવ્યો છેડલોરે ॥ તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હુમે તો અનંતા ભવ ભમ્યારે ॥ વી૦ ॥ ૧ ॥ તુમે હુમે વાર અનંતિ ભેળા, રમીયા સંસારીકપણેરે ॥ તેહ પ્રિત જો પૂરણ પાળો, તો હુમને તુમ સમ કરોરે ॥ વી૦ ॥ ૨ ॥ તુમ સમ હુમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએરે ॥ ભવો ભવ તુમ ચરણાંની શેવા, પામી હુમે ઘણું રીજીએરે ॥ ॥ વી૦ ॥ ૩ ॥ ઈંદ્રજાળીઓ કેહેતોરે આવ્યો, ગણધરપદ તેહને દીઓરે ॥ અર્જુનમાળીને જે ઘૂર પાપી, તેહને જિન તુમે ઉધર્યોરે ॥ વીર૦ ॥ ૪ ॥ ચંદનબાળાએ અડદના બાકૂળ, પડિલાભ્યા તુમને પ્રભુરે ॥ તેહની સાહુ નીસાચીરે કીધી, શીવવધુ સાથે ભેળવીરે ॥ વીર૦ ॥ ૫ ॥ ચરણે ચંડકોશીયો ડસીઓ, કલપ આઠમે તે ગયોરે ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખ રહ્યોરે ॥ વીર૦ ॥ ૬ ॥ નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણોરે ॥ ભેદ ભાવ પ્રભુ દૂર કરીને, મુજશુ રમો એકમેકશુંરે ॥ વીર૦ ॥ ૭ ॥ મોડા વેહેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણેરે ॥ જ્ઞાનતણા ભવના પાપ મિટાવે, વારી જાઉં વીર તોરા વારણેરે ॥ વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોને રે ॥ ૮ ॥

॥ શ્રી ગૌતમસ્વામિનો છંદ. ॥

વીર જિનેશ્વર કેરા શિષ્ય, ગૌતમ નામ જપો નિશ દિશ ॥ જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલશે નવેનિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરિવર ચડે, મનવાંછિત હેલા સંપડે ॥ ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥ ૨ ॥ જે વૈરી વિરુઆ વંકડા, તસ નામે નાવે ઢૂકડા ॥ ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ ॥ ૩ ॥ ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય ॥ ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર ॥૪॥ શાળ દાળ સુરહાઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ ॥ ઘરશું ઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત ॥ ૫ ॥ ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ ॥ મ્હોટાં મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ॥ ૬ ॥ ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ ॥ મહિયલ માને મ્હોટા રાય, જો તૂઠે ગૌતમના પાય ॥ ૭ ॥ ગૌતમ પ્રણમ્યાં પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે ॥ ગૌતમ નામિ નિર્મળ જ્ઞાન, ગૌતમ નામેવાધે વાન ॥ ૮ ॥પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ ॥ કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ ॥ ૯ ॥ ઇતિ સમાપ્ત ॥